શ્રી.

# સદ્બોધક પ્રાચિન સ્તવન સંગ્રહ.

જેમાં,

પ્રાચિન મુનિકૃત વિવિધ ચૈત્યવંદનો, સ્તવનો,
અને આયંબીલની ઓલીની વિધિ, સ્નાત્રપૂજા,
અષ્ટપ્રકારી પૂજા, વગેરેનો સંગ્રહ
કરવામાં આવ્યો છે.

સંશોધન કરી પ્રગટ કરનાર.
શ્રી રાંધનપુર યુવકોદય મંડળના
પ્રમુખ લક્ષ્મીચંદ પ્રેમચંદ શાહ.

સંવત. ૧૯૭૦. સને ૧૯૧૪.
પ્રત ૨૦૦૦.

શ્રી.

# સદ્બોધક પ્રાચિન સ્તવન સંગ્રહ.

જેમાં,

પ્રાચિન મુનિકૃત વિવિધ ચૈત્યવંદનો, સ્તવનો,
અને આયંબીલની ઓલીનો વિધિ, સ્નાત્રપૂજા,
અષ્ટપ્રકારની પૂજા, વગેરેનો સંગ્રહ
કરવામાં આવ્યો છે.

---

સંશોધન કરી પ્રગટ કરનાર.
શ્રી રાંધનપુર યુવકોદય મિત્રમંડળના
પ્રમુખ લક્ષ્મીચંદ પ્રેમચંદ શાહ.

---

સંવત્. ૧૯૭૦.  સને ૧૯૧૪.
પ્રત ૨૦૦૦.

કિંમત. ૦-૬-૦

☞ ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસ—ભાવનગર.

# અર્પણ પત્રીકા.

## રાંધનપુર.

૧ પરમ, પુજ્ય, શાન્ત, દાન્ત, મહંત, ત્યાગી, વૈરાગી, પંચમહાવ્રતના પાળક, છકાયના રક્ષક, સપ્તભય નિવારક, ઇત્યાદિક સાધુના સતાવીશ ગુણોએ કરી અલંકૃત મુનિમહારાજશ્રી શ્રી શ્રી જીતવિજયજી મહારાજની પવિત્ર સેવામાં.

૨ રાધનપુર જૈન યુવકોદય મિત્રમંડલની નમ્રતા પૂર્વક અરજ છે કે આપ સાહેબ ના શિષ્ય ધિરવિજયજી સાથે આ સંસ્થાને અગાધ સંબંધ છે, એટલુંજ નહિ પણ આ મંડલને પ્રસંગોપાત ઉમદા સલાહ આપનાર પણ તેઓશ્રી જ છે, અને વધારામાં આ પુસ્તક પ્રસિદ્ધ કરાવવામાં તેઆએ સારી સલાહ આપી આ મંડળને આભારી કરેલ છે, અને હજુ પણ તેઓની આ સભા પ્રત્યે અનહદ લાગણી છે, તેથી સંસ્થા તેઓશ્રીનો અત્યંત ઉપકાર માને છે.

૩ આપ એક બ્રહ્મચારી વૃદ્ધ ગુરૂ તરીકે છો તેથી અને સિદ્ધગીરી જેવા પવિત્ર તીર્થ ઉપર આંખ સારી થઇ જાય તો ચારીત્ર અંગીકાર કરવાના દ્રઢ નિયમ તથા આપના અનેક ગુણો વડે આકર્ષાઇને આ "શ્રી સદ્બોધક પ્રાચીન સ્તવન સંગ્રહ" નામનું લઘુ પુસ્તક આનંદભેર આપ સાહેબને અર્પણ કરવા સારૂ આ મંડલ ઉત્કન્ઠા ધરાવે છે. જે આપ સ્વીકારી આભારી કરશો એજ અરજ.

લી:

આપ સાહેબના દર્શનની આકાંક્ષા વાળા.

**શ્રી રાંધનપુર જૈન યુવકોદય મંડળના**

મેમ્બરોનાં ૧૦૦૮ વાર વંદણા અવધારશોજી.

# (પ્રસ્તાવના)

૧ આજ કાલ સંગીતનો પ્રચાર ઘણોજ વધતો જતો હોવાથી લોકોને નાટકોના ગાયનોએ મોહિત કરી દીધા છે. કે જેથી કેટલાક માણસો દુરાચારી થઇ નષ્ટ થઇ જાય છે, એવા ગાયનની પ્રીતીને લઇને કુમાર્ગે દોરવાતા અટકાવવાના ઉદ્દેશથી આ લઘુ પણ અતી રમણીય પુસ્તક પ્રાચીન સ્તવનોથી ભરપૂર બનાવવામાં આવેલ છે.

૨ આ પુસ્તકનું નામ શ્રી સદ્બોધક પ્રાચીન સ્તવન સંગ્રહ રાખવામાં આવેલ છે, જેવું નામ તેવાજ ગુણથી આગળના પુજ્યવર મુનીમહારાજના રસભર અને બોધકારક સ્તવનોના સમુહથી આખું પુસ્તક ભરેલુ છે, જેમાં વિજયલક્ષ્મીસૂરી કૃત, દેવવિજયજી કૃત અતિત, અને બે છુટક ચોવીસીઓ, વિસુદ્ધવિમલજી કૃત, તથા એક છુટક વીસીઓ, આંબીલની ઓળીની વીધી, સ્નાત્ર પૂજા, અષ્ટપ્રકારી પૂજા ઉપરાંત બ્રહ્મચારી વૃદ્ધ ગુરૂ જીતવિજયજી જેઓ હાલમાં કચ્છ પ્રદેશમાં કેટલોક સમય થયા બિરાજે છે તેમના ખાનગી રીતે મળેલા સ્તવનો પાર્શ્વનાથજી મહારાજનો કલશ ઇત્યાદીક બાબતનો સમાવેશ કરવામાં આવેલ છે જેનો ભાવ આપના અંતઃકરણમાં અવલોકન કર્યાથી પડશે.

૩ આ ચોપડીમાં સ્નાત્ર પૂજા તથા કલશ વિગેરે વિધી

સહિત મુકવામાં આવેલ છે જેથી આપણા જૈન બંધુઓને ભણાવવુ સુગમ પડે, પણ તે નિમિત્તે કોઇપણ માણસને ધંધા અથવા લાગામાં ખામી ન આવે તેવી અમારી સૂચના છે.

૪ આ પુસ્તકની ઢીલ થવાનું કારણ અચાનક દેવ કોપથી પાલીતાણામાં રેલની ભયંકર આફત આવી. આ પુસ્તક સંપૂર્ણ થવાની તયારીમાં હતું, જે તેને સરણ થયું જેથી આ સંસ્થાને મોટું નુકસાન ખમવું પડયું. હવે ફરીથી છપાવી આગળના ગ્રાહકોના માટે તેજ કીમ્મત રાખેલ છે.

૫ છેવટમાં આ પુસ્તકમાં દ્રષ્ટી દોષથી તેમજ છાપખાનાના દોષથી કોઇપણ જાતની ભુલચુક હોય તે સુધારી વાંચવા મહેરબાની કરશો અને અમને પણ સુચના આપશો કે જેથી બીજી આવૃતીમાં સુધારી શકીયે ને ભુલચુક વિષે અમો મીચ્છામીદુક્કડમ દઈ અત્રે વીરમીએ છીએ.

શ્રી રાંધનપુર જૈન યુવકોદય મંડળ.

# અગત્યની ધ્યાનમાં રાખવા લાયક

## (સૂચના)

હરેક જૈન ધર્માભિલાષી સજ્જનોને વીનંતી છે કે આ પુસ્તક આડુ અવળુ ન મુકતા સાચવીને રાખવું, પુસ્તકનો દરકાર નહિ રાખવાથી તે ફાટી જાય છે, અને તેથી જ્ઞાનની આશાતના થાય છે, જ્ઞાનની આશાતના કરવાથી અષ્ટકર્મોમાં સૌથી પ્રથમ જ્ઞાનાવરણી કર્મ છે અને તેના આપણે બંધન પાત્ર થઇએ છીએ, મુકતી પ્રાપ્ત કરવાની શક્તિ આપણામાં હાલના સમયને અનુસરીને દુર્લભ છે, અને આ અસાર સંસારમાં ભ્રમણ કરવું પડે છે, સંસારરૂપી લોહીથી ભરેલા સમુદ્રમાંથી તરવાનો સહેલો અને સરલ માર્ગ માત્ર જ્ઞાન છે, માટે તેની આશાતના ન થાય એ બાબત ધ્યાનમાં રાખવાની છે, જ્ઞાનની આશાતનાથી આ ભવ, તેમજ પરભવ અને વધારામાં ભવોભવ પણ અજ્ઞાની રહેવું પડે છે, વિનયોચિત પ્રાજ્ઞ પુરૂષોને અમારી નમ્ર અરજ છે કે બીજાઓને પુસ્તકની સાચવણ રાખવા અને જ્ઞાનની અવગનામાંથી બચવા ભલામણ કરશો એજ અરજ (સુજ્ઞેસુ કિંબહુના.)



# ચૈત્ય વંદન વિધિ.

જીન મંદિરે સર્વ સ્ત્રી પુરૂષોએ પ્રથમ અગ્ર દ્વારે નિસ્સહી કહી પ્રવેશ કરવો, તેનો મુખ્ય હેતુ એ છે કે સંસારના વ્યવહારીક કાર્યનો નિષેધ કરવારૂપ પ્રથમ નિસ્સહી છે. એ લક્ષમાં રાખી અંદર પ્રવેશ કરતાં જે સ્થળે જીનમુદ્રાનાં દર્શન થાય, તેજ સ્થળે ફેટાવંદના કરી નમોજિણાણું કહેવું. પછી પ્રથમ જમણા ભાગથી જ્ઞાન આરાધનની પ્રદક્ષિણા દઇ મુખ્ય દ્વારે આવતાં અંજલીબંધ ( બે હસ્ત જોડી ) પ્રણામ કરવા, ત્યાર પછી બીજી દર્શન આરાધનની પ્રદક્ષિણા દઇ અર્દ્ધાવતન ( અરધું અંગ નમાવી ) પ્રણામ કરવા, છેવટે ત્રીજી ચારીત્ર આરાધનની પ્રદક્ષિણા દઇ મુળ ગભારે પંચાંગ ( બે જાનું બે કર અને મસ્તક ) નમાવી પ્રણામ કરી આગળ વધવું, જ્યાં પ્રથમ દર્શન શુદ્ધિ અર્થે જીનગૃહની સઘળી જગ્યા જોઇ લેવી, અને કાંઇ પણ જીવજંતુ આદિનું કલેવર પ્રમુખ અશુચી પદાર્થ જોવામાં આવે, તે ટાળી રંગમંડપ મધ્યે બીજી નિસ્સહી કહેવી, તે એટલા માટે કે પ્રથમ સંસાર વ્યપારનો ત્યાગ કર્યો હતો, પણ હવે જીનમંદિર મધ્યેનો વ્યાપાર પણ બંધ થયો, હવે માત્ર પુજોપગરણ વ્યાપાર મોકળો રહ્યો હવે જે મહાશયો સ્નાન કરી આવેલ હોય તેઓએ પ્રથમ જીન બીંબને પ્રમાર્જન કરી પંચા-

મૂતે પ્રભુની સ્નાત્રાદિ જલ પૂજા કરી અભિષેક કરવો, અને વગર નાહેલાઓએ યોગ્ય સ્થાને જયણા પૂર્વક પ્રમાણોપેત મુખ્યત્વે અચિત જળે સ્નાન કરી ઉપર પ્રમાણે જલાદિ અષ્ટ પ્રકારી પૂજા ભાવના સહિત કરવી, જેનું વર્ણન કરતાં ઉક્ત વિષયની અનહદ વૃદ્ધિ થવાના ભયથી, તેમજ સ્થળના સંકોચના લીધે, અન્ય વિદ્વાનો પાસેથી અગર પ્રશ્નોતર રત્ન ચિંતામણી માંહેથી જોવાની ભલામણ કરી આગળ વધીએ છીએ. દાખલા તરીકે સ્નાત્રપૂજા વખતે જન્માવસ્થા આભરણાદિ પહેરાવતા વખતે રાજ્યાવસ્થા અને કાઉસ્સગ્ગ મુદ્રાએ રહેલા પ્રાતીહાર્યાદિક રહિત પ્રતિમાને સિદ્ધાવસ્થા ભાવવી, ઇત્યાદિ અનુક્રમ વડે ભાવના સહિત અષ્ટ પ્રકારી પૂજા કરવી, તેમાં વિલેપનાદિ અંગ પૂજા અક્ષતાદિ અગ્ર પૂજા હવે એ પ્રમાણે વિનય બહુમાન યુક્ત પૂજા કરી રહ્યા બાદ પુજોપગરણ વ્યાપારનો ત્યાગ કરી ત્રીજી નિસ્સહી કહેવી, પછી ઉત્કૃષ્ટ ૬૦ હાથ અને જઘન્ય ૯ હાથ દુર જીવ યત્ના- અર્થે સારી દૃષ્ટીથી જોઇને ત્રણ વાર વસ્ત્રાંચલે ( ઉતરાસણના છેડા વડે ) પુંજી ભાવ પૂજા પુર્ણ ઉત્સાહ પુર્વક કેવળ પ્રભુની સન્મુખ દ્રષ્ટી સ્થાપી બાકીની ત્રણે દિશીનો ત્યાગ કરી એક ચીત્તે લયલીનપણે પ્રભુના ગુણગ્રામ કરવાં. તેમાં કોઇને સ્ખલના ન થાય તેમ સાવચેતી પુર્વક મધુર સ્વરે પ્રથમ ત્રણ ખમાસમણાં દઇને ડાબો પગ ઉભો કરી ઇચ્છાકારેણ સંદિસહ ભગવાન ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં કહી જગ

ચીંતામણી અથવા બીજું નમસ્કાર રૂપ ચૈત્યવંદન કરી જંકીંચી કહીને બે હાથ કમળના ડોડાના આકારે આંગળીઓ માંહોમાંહે રાખી બે કોણી નાભીપર સ્થાપી "નમુથ્થુણં" નો પાઠ કહેવો ત્યાર પછી જાવંતિ ચેઇઆઈ કહી એક ખમાસમણું આપી જાવંતિ કેવિસાહુ કહેવું, ત્યાર બાદ નમોર્હત્ કહી ઉવસ્સગ્ગહરં અથવા બીજું સ્તવન કહેવું, ત્યાર પછી બે હાથ જોડી મસ્તક પર્યંત ઊંચા સ્થાપી જયવીયરાય આભવમખંડા સુધી કહીને હાથ જોડેલાજ થોડા નીચા કરી લલાટ સુધી સ્થાપી જયવીયરાય પુરા કહેવા. અને પછી બે પગ વચ્ચે આગળથી ચાર આંગુલ અને પાછળથી ત્રણ આંગુલ ગાળો રહે તેમ ટટાર ઉભા રહીને અરિહંત ચેઇઆણં, અન્નથ્થ ઉસસીએણં કહી એકાગ્ર ચીત્તે એક નવકારનો કાઉસ્સગ્ગ કરીને પાલી નમોર્હત્ કહી એક થોય કહેવી. પછી એક ખમાસમણ આપી સ્તુતી કરવી. એ પ્રમાણે ચૈત્યવંદન વિધિ શાસ્ત્રીક સાથે ટુંકમાં સંક્ષેપ કરેલ છે. વિશેષ પુજયનર મુની મહારાજો તથા વિનયોચીત પ્રાજ્ઞ પુરૂષોથી ખપ કરવા ભલામણ કરી અત્રે વિરમું છુ.

પ્રગટ કર્ત્તા.

# ચૈત્ય વંદનો.

સકળ કુશળવલ્લી પુષ્કરાવર્ત મેઘો,
દુરિત તિમિર ભાનુઃ કલ્પવૃક્ષોપમાન.
ભજવલ નિધિપોતઃ સર્વ સંપતિ હેતુ,
સભવતુ સતતંવઃ શ્રેયસે શાંતિનાથઃ શ્રેયસે પાર્શ્વનાથઃ

## શ્રી સિદ્ધાચળનું ચૈત્યવંદન.

શ્રી શેત્રુંજય સિદ્ધ ખેત્ર દીઠે દુરગતિ વારે,
ભાવ ધરીને જે ચઢે, તેને ભવ પાર ઉતારે. ૧
અનંત સિદ્ધનો એ ઠામ, સકળ તિરથનો રાય,
પુરવ નવાણું રીખવ દેવ, જ્યાં ઠવીયા પ્રભુ પાય ૨
સુરજ કુંડ સોહામણો, કવીડ જક્ષ અભીરામ,
નાભિરાયા કુલ મંડણો, જિનવર કરૂં પ્રણામ. ૩

## શ્રી સિદ્ધાચળનું ચૈત્યવંદન.

વિમળ કેવળ જ્ઞાન કમળા, કલિત ત્રિભૂવન હિતકરં,
સુરરાજ સંસ્તુતઃ ચરણ પંકજ નમો આદિજીનેશ્વરં. ૧

વિમળ ગિરિવર શ્રૃગમંડણ, પ્રવર ગુણ ગણ ભૂધરં,
સુર અસુર કિન્નર કોડિ સેવિત નમો. ૨
કરતી નાટક કિન્નરી–ગણ ગાય જીનગુણ મનહરં,
નીર્જરાવલી નમે અહુનીશ. નમો. ૩
પુંડરિક ગણુપતિ સિદ્ધિ સાધી, કોડી પણ મુનિ મનહરં,
શ્રી વિમળગિરિવર શ્રૃગ સિદ્ધા. નમો. ૪
નિજ સાધ્ય સાધન સુર મુનિવર, કોડીનંત એ ગિરિવરં,
મુક્તિ રમણી વર્યા રંગે. નમો. ૫
પાતાળ નર સુર લોકમાહી વિમળ ગિરિવર તો પરં,
નહીં અધિક તિરથ તિર્થ પતિ કહે. નમો. ૬
ઇમ વિમલ ગિરિવર સિખર મંડણ, દુઃખ વિહંડણ ધ્યાઇએ,
નિજ શુદ્ધ સત્તા સાધનાર્થે, પરમ જ્યોતીને પાઇએ.
જીત મોહ કોહ વિછોહ નિદ્રા પરમ પદ સ્થિત જયકરં,
ગિરિરાજ સેવા કરણ તત્પર, પદ્મવિજય સુ હિતકરં. ૭

## શ્રી આદીનાથનું ચૈત્યવંદ.

આદિ દેવ અલવેશરૂ, વિનિતાનો રાય,
નાભિરાયા કુલમંડણો, મારૂદેવી માય;
પાંચસે ધનુષની દેહડી, પ્રભુજી પરમ દયાળ,
ચોરાશીલાખ પૂર્વનું, જશ આયુ વિશાળ;
વૃષભ લંછન જીનવર ધરૂએ, ઉત્તમ ગુણમણી ખાણ
તસ પદ પદ્મ સેવન થકી, લહિએ અવિચળ ઠાણ.

## શ્રી પુંડરિક સ્વામિનું ચૈત્યવંદન.

આદિશ્વર જીન રાયનો, ગણધર ગુણવંત,
પ્રગટ નામ પુંડરિક જાસ મહિમાંહે મહુંત,
પંચ ક્રોડ સાથે મુણિંદ, અણસણ તિહાં કીધ;
ચૈત્રિ પુનમ દિન એ, પામ્યા પદ મહાનંદ,
તે દિનથી પુંડરિકગીરી, નામ દાન સુખકંદ.

## શ્રી શાંતિનાથનું ચૈત્યવંદન.

શાંતિ જીનેશ્વર સોળમાં, અચિરા સુત વંદો,
વિશ્વસેન કુળ નભોમણી, ભવિજન સુખકંદો.
મૃગ લંછન જીન આઉખુએ, લાખ વરસ પ્રમાણ,
હથ્થિણા ઉર નયરી ધણી, પ્રભુજી ગુણ મણી ખાણ.
ચાલીસ ધનુષની દેહડી, સમ ચોરસ સંઠાણ,
વદન પદ્મ જ્યું ચંદલો, દીઠે પરમ કલ્યાણ.

## શ્રી પાર્શ્વનાથનું ચૈત્યવંદન.

આસ પુરે પ્રભુ પાસજી, ત્રોડે ભવ પાસ,
વામા માતા જનમીઆં, અહિલંછન જાસ. ૧
અશ્વસેન સુત સુખકરૂએ, નવ હાથની કાયા,
કાશી દેશ વણારશી, પુન્યે પ્રભુ આયા. ૨
એકસો વરસનું આઉખું, પાળી પાર્શ્વ કુમાર,
પદ્મ કહે મુકતે ગયા નમતાં સુખ નિરધાર. ૩

## શ્રી નેમનાથનું ચૈત્યવંદન.

નેમીનાથ બાવિસમાં, શિવાદેવી માય,
શમુદ્રવિજય પૃથ્વીપતિ, જે પ્રભુના તાય
દશ ધનુષની દેહડી આયુ વરસ હજાર,
શંખ લંછનધર સ્વામિજી, તજી રાજુલનાર.
સૌરીપુરી નયરી ભલી એ, બ્રહ્મચારી ભગવાન,
જીન ઉત્તમ પદ પદ્મને; નમતા અવિચળ થાન.

## શ્રી મહાવીર સ્વામીનું ચૈત્યવંદન

સિદ્ધારથ સુત વંદીએ, ત્રીસલાનો જાયો,
ક્ષત્રિ કુળમાં અવતર્યો, સુર નરપતિ ગાયો.
મૃગપતિ લંછન પાઉલે, સાત હાથની કાય,
બહોતેર વરસનું આઉખું વીર જીનેશ્વર રાય.
ખીમાવિજય જીનરાયનો એ, ઉત્તમ ગુણ અવદાત,
સાત બોલથી વર્ણવ્યો, પદ્મવિજય વિખ્યાત.

## જિન પુજયાનું ચૈત્યવંદન.

પ્રણુમિ શ્રી ગુરૂરાજ આજ જીન મંદિર કેરો,
પુન્ય ભણી કરશું સફળ, જીન વચન ભલેરો.
દેહેરે જાવા મન કરે, ચોથતણું ફળ પાવે,
જીન જુહારવા ઉઠતાં, છઠ્ઠું પોતે આવે.

જઇશું જીનવર ભણીએ, મારગ ચાલંતા,
હોવે દ્વાદશતણું પુન્ય, ભકિત માલંતા.
અર્ધ પંથ જીનવર તણો એ, પંદરે ઉપવાસ,
દીઠો સ્વામીતણો ભુવન, લઇએ એક માસ.

જીનવર પાસે આવતા, છમાશી ફળ સિધ,
આવ્યા જીનવર બારણે, વરસી તપ ફળ લીધ.
સો વરસ ઉપવાસ પુન્ય, પ્રદક્ષિણા દેતાં,
સહસ વરસ ઉપવાસ પુન્ય, જે નજરે જોતાં.

ફળ ઘણો ફુલની માળ, પ્રભુ કંઠે ઠવતાં,
પાર ન આવે ગીત નાદ, કેરા ફળ સ્થુણતાં.
શિર પૂજી પૂજા કરીએ, સૂર ધુપતણો,
અક્ષત સાર તે અક્ષય સુખ દીપતનું રૂપ,

નિરમળ તન મને કરીએ, સ્થુણતાં ઇંદ્ર જગીશ.
નાટયક ભાવના ભાવતાં, પામે પદવી જગીશ,
જીનવર ભકિત વળીએ, પ્રેમે પ્રકાશી,
સુણી શ્રી ગુરૂવચણ સાર, પૂર્વ રિષી ભાખી.

અષ્ટ કરમને ટાળવા, જીન મંદિર જઇશું.
ભેટી ચરણ ભગવંતનાં, હવે નિર્મળ થઇશું.
કિર્તીવિજય ઉવઝાયનો, વિનય કહે કર જોડ,
સફળ હોજો મમ વિનતિ, જીન સેવાનું કોડ.

# શ્રી પાર્શ્વજિન ચૈત્યવંદન.

સકળ ભવિજન ચમતકારી ભારી મહીમા જેહનો,
નિખિલ આતમરામ રાજીત નામ જપીએ તેહનો,
દુષ્ટ કર્માષ્ટક કીજરી ભવિક જન મન સુખકરો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ સ્વામી નામ સંખેશ્વરો. ૧

બહુ પુન્ય રાશી દેશ કાશી તથ્થ નગરી વરણારશી,
અશ્વસેન રાજા રાણી વામારૂપે રતિતનુ સારશી;
તસ કુખે સુપન ચૌદ સુચિત સ્વર્ગથી પ્રભુ અવતર્યો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ, સ્વામી નામ સંખેશ્વરો. ૨

ત્રણ લોક તરૂણી મન પ્રમોદી તરૂણ વય જબ આવીયા;
તવ માત તાતને પરણ્ય ચાતે ભામિની પરણાવીયા;
કુમક શઠકૃત્ અગ્નિ કુંડે નાગ બળતો ઉધર્યો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ સ્વામી નામ સંખેશ્વરો. ૩

પોશ માસે કૃષ્ણપક્ષે દસમિદીન પ્રભુજનમીયા
સૂરકુમ સૂરપતિ ભક્તિ ભાવે મેરૂ શ્રંગે સ્થાપિયા;
પ્રભાતે પૃથ્વી પતિ પ્રમોદે જન્મ મહોચ્છવ અતિ કર્યો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ સ્વામી નામ સંખેશ્વરો. ૪

પોશ વદી એકાદશી દિન પ્રવજજ્યા જીન આદરે,
સૂર અસૂર રાજી ભક્તિ તાજી સેવના ઝાઝી કરે

કાઉસ્સગ્ગ કરતાં દેખી કમઠે કીધ પરિષહ આકરો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ સ્વામી નામ સંખેશ્વરો. ૫

તપ ધ્યાન ધારારૂઢ જીનપતિ મેઘ ધારે નવિ ચળ્યો.
તિહાં ચલિત આસન ધરણ આયો કમઠ પરિષહ અટકળ્યો;
દેવાધિ દેવની ખરી સેવા કમઠને કાઢી પરો.
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ સ્વામી નામ સંખેશ્વરો. ૬

ક્રમે પામી કેવળ જ્ઞાન કમળા સંઘ ચઉવીહ સ્થાપીને,
પ્રભુ ગયા મોક્ષે સમત શિખરે માસ અણસણ પાળીને;
શિવરમણી રંગે રમે રસિયો ભવિક તસ સેવા કરો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ સ્વામી નામ સંખેશ્વરો. ૭

ભૂત પ્રેત પિસાચ વ્યંતર જલણ જલોધર ભય ટળે,
રાજ રાણી રમા પામે ભક્તિ ભાવે જો મળે;
કલ્પતરૂથી અધિક દાતા જગત ત્રાતા જય કરો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ સ્વામિ નામ સંખેશ્વરો. ૮

જરા જર્જરી ભૂત યાદવ્ર સૈન્ય રોગ નિવારતા,
વઢીયાર દેશે નિત બિરાજે ભવિક જીવને તારતા;
એ પ્રભુતણાં પદ પદ્મ સેવારૂપ કહે પ્રભુતા વરો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ સ્વામિ નામ સંખેશ્વરો. ૯

## પર્યુષણ પર્વનું ચૈત્યવંદન.

પ્રણમું શ્રી દેવાધી દેવ, જીનવર શ્રી મહાવીર,
સૂરનર સેવા શાંત દાતઃ પ્રભુ શાવદ ધીર.
પર્વ પર્યુસણ પુન્યથી, પામી ભવિ પ્રાણી,
જૈન ધર્મ આરાધીએ સમકિત હિત જાણી.
શ્રી જીન પ્રતિમા પૂજીએ, કીજે જન્મ પવિત્ર,
જીવ જતન કરી સાંભળો, પ્રવચન વાણી વનિત.

## બીજનું ચૈત્યવંદન.

દુવિધ ધર્મ જેણે ઉપદીશ્યો, ચોથા અભિનંદન,
બીજે જન્મ્યા તે પ્રભુ, ભવ દુઃખ નિકંદન. ૧
દુવિધ ધ્યાન તુમે પરિહરો, આદરો દોય ધ્યાન,
ઇમ પ્રકાશ્યું સુમતિ જીને, તે ચવીયા બીજ દન. ૨
દોય બંધન રાગ દ્વેષ, તેહને ભવિ તજીએ,
મુજ પરે શીતલજિન કહે, બીજે દિન શીવ ભજીએ. ૩
જીવાજીવ પદાર્થનું, કરો નાણ સુજાણ,
બીજ દિને વાસુસુપુજ્ય પરે, લહો કેવળનાણ. ૪
નિશ્ચય નય વ્યવહાર દોય, એકાંત ન ગ્રહીએ,
અરજીન બીજ દિન ચવી, ઇમ જીન આગલ કહીએ. ૫

વર્તમામ ચોવીશીઓએ, ઇમજીન કલ્યાણ,
બીજં દીને કેઈ પામીયા, પ્રભુ નાણ નિર્વાણ. ૧
ઇમ અનંત ચોવીશીએ, હુવા બહુ કલ્યાણ,
જીન ઉત્તમ પદ પદ્મને, નમતાં હોય સુખ ખાણ. ૭

## આઠમનું ચૈત્યવંદન.

મહા શુદ આઠમ દિને, વિજયા સુત જાયો,
તિમ ફાગણ શુદ આઠમે, સંભવ ચવી આવ્યો. ૧
ચૈત્ર વદની આઠમે, જન્મ્યા રીષભજીણંદ,
દિક્ષા પણ તે દિન લહી, હુવા પ્રથમ મુનિચંદ. ૨
માધવ સુદી આઠમ દીને, આઠ કર્મ કર્યા દુર,
અભિનંદન ચોથા પ્રભુ, પામ્યા સુખ ભરપુર.
એહીજ આઠમ ઉજવળી, જન્મ્યા સુમતિ જીણંદ,
આઠ જાતિ કળશે કરી, નવરાવે સુર ઇંદ. ૪
જન્મ્યા જેઠ વદી આઠમે, મુનિ સુવ્રત સ્વામી,
તેમ અસાડ વદી આઠમે, અષ્ટમિગતિ પામી. ૫
શ્રાવણ વદ આઠમ દિને, નામ જન્મ્યા જગભાણ,
તેમ શ્રાવણ શુદ આઠમે, પાસજીનો નિરવાણ. ૬
ભાદ્રવા વદી આઠમ દીને, ચવિયા સ્વામી સુપાસ,
જીન ઉત્તમ પદ પદ્મને, શેવ્યાથી શીવવાસ. ૭

## ઇતિ ચૈત્યવંદન સંપુર્ણ.

# ૧ શ્રી રૂષભદેવજિન સ્તવન.

( અરજ અરજ સુણોને રૂડા રાજીયાહોજી—એ દેશી. )

રૂષભ ૨ જિણંદ નિરખી લોયણેહોજી, અભિનવ ઉદયો આણુંદ;
જિનવર ૨ સુખકર સાહિબોહોજી, પરમેશ્વર મુનિચંદ. ૧

અનોપમ ૨ રમણુતા તાહરેહોજી, જ્ઞાનવિલાસિ સમાજ;
અવિચલ ૨ સ્થાનક પામીનેહોજી, અનુભવ શિવપુરરાજ. ૨

અનેક ૨ સુગુણુમય સુંદરૂહોજી, નિઃસંગીત નિરાબાધ;
આતમ ૨ અસંખ્ય પ્રદેશમાહોજી, અક્ષયધર્મ અગાધ. ૩

સ્વરૂપ ૨ સ્થાનથી એકતાહોજી, શુદ્ધતા અવદ્ય રૂપ;
યોગ ૨ રહિત અકંપતાહોજી, અનેક ( ત્રિભગી ) અનુપ. ૪

અશરણ ૨ શરણ હરણ ભવભય તણોહોજી, અવિસંવાદિત મિત્ત
અતિશય ૨ ધારી ગુણાવલીહોજી તત્વવિલાસી જગમિત્ત. ૫

પ્રભુગુણ ૨ રંગી થઇ ચેતનાહોજી, અવિલંબે જિનદેવ;
કારણ ૨ કર્ત્તાપણું આરોપીનેહોજી, વિઘટે અનાદિ કુદેવ. ૬

ઇણુવિધ ૨ પરખી સ્વામીનેહોજી. આદરે શુભ પ્રણિધાન;
સૌભાગ્ય ૨ લક્ષ્મીસૂરી જિન થકીહોજી, પામે દર્શન ગુણગ્યાન ૭

# ૨ શ્રી અજિતનાથજિન સ્તવન.

( ધન દિન ધન વેળા તેહ --એ દેશી )

વિજયારો નંદન ચરણ સુરતરૂ છાંહ,
સમીહિત પૂરે ચૂરે દુરિતનેજી;
સુરપતિ નરપતિ મુનિવર ભૃંગ;
ચરણ વિલાસી લહે સુખ સરીતનેજી. ૧

[૧]સુહુમ બાયર પુઢવિ જલણ સમીર,
જલ વણસઇ વિગલેંદ્રિમાં સહિજી;
નરય તિરય સુર નર કર્મ સંયોગ,
ભુવનપાવન જિન સેવા નહિ લહીજી ૨

ચઉગઇ ભમતાં સુકૃતનૃપતિ પસાય,
આરંજ દેશ નિરમળ કુલ લહ્યાજી;
દોષવિલાસિ આસીભાવ નિવારી,
માનસહંસપરે તુમ પદ ગ્રહ્યાજી ૩

વીતરાગ સુખ દુખ ગત સૂસ,
તેહથી અસંગત કિમ ફળ કામિએજી
ઇમ મન ચિંત્યું જિમ [૨]સુરમણિ સાર,
અચિંત્યપણે પણ ચિંતિત પાતીએજી. ૪

---

૧ સૂક્ષ્મ બાદર પૃથ્વી, અગ્નિ, પવન, પાણી, વનસ્પતિ બેરીંદ્ર, તેરીંદ્ર, ચોરીંદ્ર. ૨ ચિંતામણી.

પીંડપદસ્થ રૂપસ્થ ધ્યાને હોલીન,
જિનજીનાં ચરણ સરોજ જિણે ગ્રહ્યાંજી,
આતમતત્વ રમણતા પ્રગટેહો તાસ.
ધ્યાન અનલથી [1]કર્મ ઇંધણ દહ્યાંજી,
અજિત અમિત ગુણ ચરણ નિવાસ,
સમકિત સોધક રોધક કર્મનેજીઃ
સોભાગ્યલક્ષ્મી સુરી જગ ભાણુ
ધ્યાન પ્રભાવે વહે શિવ શર્મનેજી. ૨

## ૩ શ્રીસંભવનાથજિન સ્તવન.

( અજીતજિન તારજ્યોરે—એ દેશી )

નિરૂપાધિકતા તાહરેરે, પ્રભુરમણતા તાહરે અનત;
વ્યાપ વ્યાપકતા શુદ્ધતારે, સદા શુભ ગુણ વિલસંત
સંભવજિન તારજયે રે, તારજ્યો દીનદયાળ;
સેવક કરો નિહાલ સં૦ તાહરો છે વિસવાસ.
તું મોટો માહારાજ સં૦ તું જીવ જીવન આધાર;
પરમગુરૂ તારજ્યોરે, ઉતારો ભવપાર. સં. ૧

દ્રવ્ય રહિત રૂદ્ધિવંતછેરે, પ્રભુ વિકસિત વીર્ય અક્ષોભ
વિગત કષાય વયરી હણ્યો રે, અભિરામી જ્યોતિ અલોભ. સં. ૨

---

૧ કર્મરૂપી લાકડાં

ગુરૂ નહા ત્રિભુવન ગુરૂરે, તારક દેવાધિ દેવ,
કર્તા ભોક્તા સર્વનોરે, સહજ આણંદ નીતમેવ.— સં. ૩.
અનંત અક્ષય અધ્યાતમીરે, પ્રભુ અશરીરી અનાહાર
સર્વ શક્તિ નિરાવર્ણતારે, અતૂલ દ્યુતિ અનાકાર.—સં. ૪
નીરાગી નિરામયીરે, અ સંગીતું દ્રવ્યનય એક
એક સમયમાં તાહરેરે, ગુણ પર્યાય અનેક — સં. ૫
રૂચિર ચારૂ ગુણ સાંભળીરે, રૂચિ ઉપની સુખકંદ,
પુષ્ટ કારણ જીન તૂં લહીરે, સાધક સાધ્ય અંમદ— સં. ૬
પુષ્ટા લંબન આદરીરે, ચેતન કરો ગુણ ગ્રામ
પરમાનંદ સ્વરૂપ થીરે, લહસ્યો સમાધિ સુઠામ— સં. ૭
સુખસાગર સત્તા રસીરે, ત્રીભુવન ગુરૂ અધિરાજ,
સેવક નિજ પદ અરથીઓરે, ધ્યાવો એહ મહારાજ—સં. ૮
આરોવિત સુખ ભ્રમટળેરે, પૂજ્યને ધ્યાન પ્રભાવ,
અષ્ટ કર્મ દલછંડીનેરે, ભોગવે શુદ્ધ સ્વભાવ— સં. ૯
અધ્યાતમ રૂપી ભજયોરે, ગણ્યો નહિ કાજ અકાજ
કૃપા કરી પ્રભૂ હિજીયેંરે, સૌભાગ્ય લક્ષ્મી પદરાજ—સં. ૧૦

## શ્રી અભિનંદન જિનસ્તવન

### [ગિરૂઆરે ગુણ તુમ તણા એ દેશી]

ત્રીભુવન નાયક લાયકો, અભિનંદન જિનરાયોરે,
બલિહારી તુઝ નામની, જીણે મારગ શુદ્ધ બતાયોરે,
તેતો આતમને મન ભાયોરે, બલીહારી તુઝ નામની (બ ૧)

નીવૃત્તિ નયરીયે છાજતા, રાજતા અક્ષય રાજેરે,
અતિશય નિરમળ વરરૂચિ, મ્હારા પરમેશ્વરને દિવાજેરે બ ૨
સ્વપર પ્રકાશક દિનમણી, શુદ્ધ સ્વરૂપ અપ્રયાસીરે,
સકલ દાનાદિક ગુણુતણી, વ્યકતતા શકતી અનાસીરે,—બ. ૩
સહજ આનંદ વીતરાગના, પ્રદેશ પ્રદેશે અનૂપરે,
સાદિ અનંત ભાંગેકરી, પૂર્ણ નચેતસ ભૂપરે— બ. ૪
અવિસંવાદી નીમિત્ત ગણે, સવિતુઝ શકિત માહરેરે
સત્ય હેતુ બહુ આદરે, હોય ભવભેદ પ્રસારેરે— બ. ૫
ભવવાસી જે આતમા, તે પ્રભુ પ્રભુતા અવલંબેરે,
ભેદ છેદ કરી જિન હોયે, પણુ ન હોયે તે વિલંબેરે,—બ. ૬
પરમ શિવંકર ગોપને, જે નર ચિતમાં ધ્યાવેરે
દિવ્ય બહુ સુખ શાસ્વતા, સૌભાગ્ય લક્ષ્મી સૂરી પાવેરે—બ.૭

## ૫ શ્રી સુમતિ જિન સ્તવન

[મોતિડાની દેશી]

સુમતિ જિણેસર પ્રભુ પરમાતમ, તૂં પરમાગમ તૂં સૂધાતમ,
સાહેબા વીનતી અવધારો, મોહના પ્રભુ પાર ઉતારો,
તુમે જ્ઞાનાદિક ગુણુના દરીયા, અંનંત અક્ષયનિજ
ભાવમા ભરિયા—સા. ૧
તુમે શબ્દાદિક ગુણુનીઃસંગી, અમ્હે સ્વપ્ને પિણુ તેહના સંગી,
તુમે ઉત્તમ ગુણુ ઠાણે ચઢીયા, અમ્હે કોહાદિ કષાયે નડિયા
—સા. ૨

અમ્હમતિ ઇંદ્રિ વિષયે રાચ્ચિ, તુમે અનુભવ રસમાં રચ્યા માચી,
અમે મહમાતંગને વશ પડિયા, નવિ તુમે તે તલ માત્ર
( આભડીયા )—સા. ૩
તુમે જગ સરણુ વિનીત સુજાણુ, તુમે જગ ગગન વિકાસન ભાન,
તુમે અકલંક અખિહ અક્રોહિ, તુમે જડ સંગીન રાગી મોહિ
—સા. ૪
અત્યેંદ્રિય સ્યાદ્વાદ વાગીશ, સહુજાનંન ગુણ પજ્જ વઇશ,
અલખ અગોચર જિન જગદીશ, અશરણ નાથ નાયક અ-
મીસ—સા. ૫
તે માટે તુમ ચરણે વિલગ્યા, એક પલક નહિ રહિસ્યું અલગા,
સૌભાગ્ય લક્ષ્મીસૂરી ગુણ વાધે, જિન સેવે તે જિન સાધ્ય-
તા સાધે—સા. ૬

## ૬ શ્રી પદ્મપ્રભુ જિન સ્તવન.

( ઇમ ધન્નો ધણીને પરચાવે—એ દેશી. )

પદ્મ પ્રભુ પદ પંકજ સેવના, વિણુ નવિ તત્વને જાણે રે,
મત અને કવિ ભ્રમમાં પડિયો, નિજ મત માને પ્રમાણે રે, પં ૧
ક્ષણીક ભાવ સુગત પ્રકાસે, શ્રૃષ્ટિ સંહારનો કર્તા રે,
ઇશ્વર દેવ વિભુવ્યાપક એક, નૈયાયિક અનુસરતા રે,—પ. ૨
આત્મરૂપ એક દેહ દેહે, ભીન્નરૂપ પ્રતી ભાસે રે,
જલ ભાજન જિમ ચંદ્ર અનેકતા, યુકિત સાંખ્ય વિકાસે રે,
—પ. ૩

પુન્યેતર જીવાદિક ભાવા, ધુમાકારી છે સર્મ રે,
જલથલ ગિરિ પાદપ સવિ આતમ, અદ્વૈતવાદિનો મર્મ રે.
—પ. ૪

નિત્ય અનિત્ય એકાંતે કોઇક, એમ અનેક મત ઝાલે રે,
પડિયો તત્વ અલહતો પેખી, જગગુરૂ તત્વને આલેરે—પ. ૫
ક્ષણિક તો ત્રિણ કાળ સ્વરૂપને, જાણે નહિ કદાપિ રે,
શુભાશુભનો જે કર્તા ઇશ્વર, ફલ ભોગતા તસુ વ્યાપીરે–પ. ૬
એક આતમ તો ત્રણ્ય ભુવનમાં, સુખ લહે સમકાળે રે,
શુન્યે વસ્તુ દૃષ્ટી ઓાલવતાં, મતા મે બાંધ્યા માહલે રે–પ. ૭
અદ્વૈતવાદિ જડ ચેતન એકજ, નિત્ય અનિત્ય એકાંતે રે,
કૃતવિનાશ અકૃતાગમ દૂષણ, કોન વિદોષ અનેકાંતેરે.—પ. ૮
દ્રવ્ય પર્યાય નિત્ય અનિત્યર્થે, એક અનેક ઉપયોગી રે,
પક્ષપાત સવિ દૂરે કરી કહે, જગગુરૂ ગુણ ભોગી રે,—પ. ૯
સમભાવે એ પક્ષ ગ્રહેતે, ફીરિ સંસાર તન કામે રે,
સૌભાગ્ય લક્ષ્મીસૂરી જિન કરૂણાથી, પરમાનંદ પદ જામે રે
—પ. ૧૦

## ૭ શ્રી સુપાસજિન સ્તવન.

(રસીયાની—દેશી.)

શ્રી સુપાસ જીણેસર સાહિબો, અવિસંવાદી જસુપંથ સુગુણનર,
અહનિશિ સેવે મન પરમોદસ્યું, જેહ સ્યાદ્વાદિની ગ્રંથ સુગુણનર,
—શ્રી. ૧

માને નૈગમ નય વસ્તુ પ્રતે, સામાન્ય વિશેષ ઉભેરૂપ, સુઃ
સંગ્રહ નય કહે સર્વ પદારથે, સામાન્ય એક સ્વરૂપ, સુઃ–શ્રી. ૨

વ્યવહાર પ્રવૃત્તિ વિશેષ વિના નહી, વ્યોમ કમલ પરે અન્ય, સુઃ
અતીત અનાગત પરકિય પરિત્યજી, રૂજુ સૂત્ર ગ્રહે વર્તમાન, સુઃ
—શ્રી. ૩

એકારથ વાચક સવિ શબ્દ તે, કુંભ કલસ વસ્તુ એક, સુઃ
પર્યાય ભેદથી ભીન્ન વસ્તુ કહે, સમભિરૂઢ એહ એક ટેક, સુઃ
—શ્રી. ૪

ઘટ કલસાદિક નિજ નિજ અર્થમાં, વર્તે એવંભુત વસ્ત, સુઃ
વિશુદ્ધ યથોત્તરપિણ એકાંતથી, નવિ લહે સ્યાદ્વાદ દસ્ત, સુઃ–શ્રી ૫

જાતિ અંધનર ગજપ્રતિ અવયવે, ગજપણ સકલ કંહંત, સુઃ
દિવ્ય નયનથી યથારથ ગજગ્રહે, તિમ તુઝ શાસન કંત, સુઃ—
શ્રી.

મુક્ત વિરોધી જિન સમય ગ્રહેંયદા, સેવકજીમ ચક્રવૃર્ત્તિ, સુઃ
મિથ્યાકુ ચવર આપદ નાશથી, હોય અનેકાંત પ્રવૃર્ત્તિ, સુઃ—
શ્રી. ૭

ત્રિકાળવેદિ જીનમત અવિલંબતાં, હોયેં અવિકલ મતિ મંત, સુઃ
સૌભાગ્ય લક્ષ્મીસૂરી આતમ સંપદા, પ્રગટે શક્તિ અનંત સુઃ–
શ્રી. ૮

# ૮ શ્રી ચંદ્રપ્રભુ જિન સ્તવન.

[ માલાકિહાંછે રે—એ દેશી. ]

ચંદ્રપ્રભુ જિન ત્રિભુવન દિપક, જીપક અરિગણુ ભવિંદા રે,
આઠ કર્મ વિનું ગુણુ જસ પ્રગટ્યા. આતમ ઠાણે સુખકંદા રે,
ભવિકજન વંદો રે, ચંદ્રપ્રભુ જિનચંદ— ભ. ૧

જ્ઞાના વરણી કર્મ ક્ષયે, તુજ કેવળજ્ઞાન અંનતું રે
વિશ્વરૂપ વિભાસન સમર્થ, વિશેષ પ્રકારે સંતુ રે.— ભ. ૨

દંસણા વરણી કર્મ ઉછેદે, સામાન્ય સ્વરૂપ વિભાસે રે,
દુવિધ વેદની મૂલ વિનાશે, અવ્ય બાધ સુખ થાસે રે, ભ. ૩

ત્રિભુવન જોતા મોહ પણુઠું, ક્ષાયિક હુઆ નિશંકરે,
પંચમ કર્મ ભરમ નિવારી, સાદી અનંત સ્થિતિ અંક રે–ભ. ૪

વિગત નામ કર્મથી પુનરપિ, રૂપાદિક નલહંત રે,
ગોત્ર કર્મ દહનથી સિદ્ધ ગુણુ, અગુરૂ લઘુ ઉલ સંત રે—ભ. ૫

દાનાદિક જસ લાબ્ધિ અગાધ, વિધન કર્મને વિનાસે રે,
ઇમ તુજ ગુણુ પ્રગટ્યા સિદ્ધરૂપે, એકજ આતમ આવાસેરે–ભ. ૬

પ્રભુ ગુણુ રાગે જે દિપંતાં, છંડે તે ભવ સંયોગ રે,
સૌભાગ્ય લક્ષ્મીસૂરી ગુણુ રસીકતા, દિન મણિ સમ ઉદ્યોગ રે
—ભ. ૭

## ૯ શ્રી સુવિધિ જિન સ્તવન.

[ સુમતિનાથ ગુણ સુ'મળીજી—એ દેશી. ]

સુવિધિ જીણુ'દ સુભ ધ્યાનથીજી, સદ્દહણા સુચિ ભોગ,
તેહથી નાણુ ચરણુ ગુણાજી, વિકસેં થિર ત્રિકજોગ
ગુણુવ'તા સુમન જન. ધ્યાવો જીન જગદિશ— ગુ. ૧
ભમતાં ભવક'તા રમાજી, ગિરી શીરોપલ પરે'જીય,
અનાભોગે લહુ કમ્મ કરીજી, ભેદે ગ્ર'થી ભવ બીય—ગુ. ૨
ક્ષીણુ ક્ષીણુ શુદ્ધ થતો થકોજી, અ'તરકરણુ પઇઠ,
કર્મ સુભટ અરી જીતીનેજી, વિઘટે રે મિથ્યા અનીઠ-ગુ. ૩
ઉપસમાદિ સમકિત લહેજી, તુજ સુપસાય રે નાથ,
તવ સ્તવના વિષે જોગ્યતાજી, હોયે તે જીવ સનાથ—ગુ. ૪
અમલ અખ'ડ અલિપ્તતાજી, સ્વરૂપ રમણુ અવિનાસી,
વાસવ સુરનરમુનીવરૂજી, આ જીવિત સુપ્રયાસી. ગુ૦ ૫
ગુણુ સ્તવના પ્રતિદિન કરે જી, તદપી ન પામેરે પાર,
દ્રવ્ય સ્તવના વચનાદિકે જી, ભાવથી તન્મય સાર. ગુ૦ ૬
સાધક સિદ્ધતા હેતુનેજી, અવલ'બેરે મતિવ'ત,
સોદમિટે પ્રગટે મહાજી, સૌભાગ્ય લક્ષ્મી અન'ત,. ગુ૦ ૭

## ૧૦ શ્રી શીતલજિન સ્તવન.

( આઘા આમ પધારો પૂજય અમઘર વેહિરણુ વેલા એ દેશી)

શીતલજીન વિભુ આતમ સુદ્ધતા, સકલ દ્રવ્યથી ન્યારી,

જસ ગુણ ગ્યાન તણે અનુસારે, સર્વ પદાર્થ પ્રચારી,
મારી વીનતિ શીતલ દેવ, નેહનિજરે નિહાલો. મા૦ ૧
ધર્મ અધર્મ આકાશ સમય વળી, પુદગલ ચેતન એહ,
પંચ અ ચેતન એકજ ચેતન, જસ નહિ આદિ ન છેહ. મા૦ ૨
ગતિ થિતિ હેતુ ધર્મ અધર્મા, જીવ પુદગલને હાવે,
સર્વ દ્રવ્ય અવકાસ ન કારણ, તેહ આકાસ કહાવે.— મા૦ ૩
સમયાદિકને કાલ વખાણ્યો પૂરણ ગલ ન સ્વભાવે,
ક્ષીર નીર પરે ચેતન મળી રહે, તેહ પુદગલ કહાવે.— મા૦ ૪
જીવ અરૂપી કર્મકી ઓટમેં, ઘટાકાશ ઘટમાંહે,
કર્તા ભોકતા રમતો વિભાવે, ગ્રહે ઉપાધિ વડછાંહે.— મા૦ ૫
ખટદ્રવ્ય ગુણ પર્યાયથી ભીન્નતા, પ્રતિ પ્રદેશે અનંતિ,
પ્રભુને પ્રતક્ષ પ્રમાણે પ્રગટિ, આતમ ગુણ વિકસંતી.— મા૦ ૬
એહ વિસુદ્ધતાને અવલંબે, દુખદોહગ સવિભાંજે,
સૌભાગ્ય લક્ષ્મીસૂરી જીનવરથી. દેવ દુંદુભી રવગાજે,

## ૧૧ શ્રી શ્રેયાંસજિન સ્તવન.

[ ઇડર આંબા આંબલી રે– એ દેશી ]

શ્રીશ્રેયાંસ જિનરાજજીરે, ચિદાનંદ ભગવાન,
ત્રિણકાળ નાશેયનેરે, જાણે અનંતે જ્ઞાન,
જીનેસર તું પ્રભુ જગદાધાર, તુંહિ જગદ્દીતકાર. જી૦ ૧

ધર્માદિક સહુ દ્રવ્યનાંરે, ગુણ પર્યાય સમેત,
નિત્યા નિત્ય તસુધર્મનેરે જ્ઞાયકતા નિજ ખેત. જી૦૨

છતિ પર્યાય જે જ્ઞાનનાંરે, તે તો નવિ બદલાય,
વર્તના નવ નવ જ્ઞેયનીરે, સમયમાંતે સવિ જણાય. જી૦૩

સામાન્ય સ્વભાવ જે જ્ઞેયનોરે, સામાન્યે સવિદેખંત,
સમયાંતર દર્શન મુખ્યતારે, પ્રગટે તાહરે અનંત. જી૦૪

ગુણ પર્યાય નિજ ધર્મમેરે, સદાપ્રવર્ત્તન તંત,
પરપરિ રમણ તે નવિગ્રહોરે, તે માટે ચરણ અનંત, જી૦૫

જ્ઞાનાદિક જિન ગુણ તણીરે, ભોગ શકિત અસમાસ,
તેહજ વીર્ય અનંત તારે, અનંત ચઉક્ક ઇમખાસ. જી૦૬

માહરી પણ એહવી અનંત તારે, પરવિભાવે સંસક્ત,
આવીર્ભાવ પણે હોવે રે, શ્રી શ્રેયાંસ પ્રસક્ત, જી૦૭

પ્રભુ ગુણ રંગી ચેતનાંરે, પરમોદય સુનિદાન,
સૌભાગ્ય લક્ષ્મીસૂરી સંપજેરે, સુયશસમાધિ અસમાન જી૦૮

## ૧૨ શ્રી વાસુપૂજ્યજિન સ્તવન.

[ બન્યોરે કુંઅરજીનો સેહરો એ દેશી. ]

શ્રી વાસુ પૂજ્ય તનુ દેખીને, સુરનર હરખેસ્વાંત હો, જિણંદ
નિજવિગ્રહકાંતે કરી, અધર કૃત રવિકાંતહો મુણિંદ,
તુજદરિસણ મુજ વાલહું તુ. ૧

સામાન્ય જનથી અધિક હોવે, મંડલ ક્ષિતિપતિ રૂપહો, જિણુંદ
તેહથી હલધર હરીતનું ૨ ચક્રીરૂપ અનૂપમ હો મુણિંદ તુ૦૨
તેહથી ભુવનપતિ વ્યંતરા, જોઈશ ચઢતે વાન હો જિણુંદ
અનુક્રમે કલ્પ ગ્રૈવેયક સુરા, અનુત્તર રૂપ નિધાન હો મુણિંદ તુ૦૩
અધિકા તેહથી મુનિવરા, ચઉદ પૂરવ ધર વૃદ્ધિ હો જિણુંદ
આહરકતનું છવિ તેહથી, ગણપતિ રૂપ શમૃદ્ધિ હો મુણિંદ તું૦૪
સહુથી લક્ષણ લક્ષીતં, જીત્યાં સવિ ઉપમાં નહો જિણુંદ
રૂપ અંનત ગુણ દેહમાં, શાંત રૂચી અસમાનં હો, મુણિંદ તુ૦૫
તિલક સમાન ત્રિભોવન વિષે, નિપજાવ્યો ગુણગેહ હો જિણુંદ
જગમાં પુદગલ જેટલા, જીણે નહિ તુઝ સમ દેહ હો મુણિંદ તુ૦૬
પાદપાદપ સુરસારિખા, શશી મુખ અતિ સુખ હેતુ હો જિણુંદ
કરમ ભરમ હર કર કહ્યાં, લોચન ભવો દધિ સેતુ હો મુણિંદ તુ.૭
ઈમ પ્રભુ રૂપ નિજ સ્વરૂપને પ્રાપતિ ભણી સૂતજ્ઞાન હો જિણુંદ
અવલંબિ લક્ષ્મી સૂરી અનુભવે, અનુત્તર સુખ અવિગાન હો મુ.૮

## ૧૩ શ્રી વિમલજિન સ્તવન.

[ અરણીક મુનીવર ચાલ્યા ગોચરી–એ દેશી ]

વિમલ જિણેસર નિજ કારજ કરો, છાંડીને સોપાધિ ભાવોજી,
એકપણે સર્વ ગુણમાં મળિ રહ્યો, પરમાનંદ સ્વભાવોજી વિ–૧
સુમનસ કાંતારે વિભ્રમરોચિતા, જસૂમાનસ નક્ષોભાવોજી,
મંદાર બાચેરે સવિ સૂર જીતિયા, તું તો જીતેંદ્રિ સ્વભાવોજી. વિ--૨

ત્રિલોવન બંધુરે અતિશય પૂરણો, દોષ અભાવે ગતતાંતીજી,
દિગ્ગજ અરિહામિટે ભવ ઇહા, અતુલ દાયક મુઝ શાંતીરેવિ–૩
નિઃપ્રતિબંધ અબંધક મેં સ્ત૦યો, અપવર્ગ પદવીમા ભૂપોજી,
નિકટ કરે જનને મન સૂંદરૂં, દેખે તે સહજ સ્વરૂપોજી વિ–૪
વિમલ જિણંદથીરે ધ્રુવપદ રાગીયા, નિરમલ કરે નિજ શક્તિજી,
સૌભાગ્ય લક્ષ્મીસૂરી અવંધ્યભેદી લહે, પૂર્ણાનંદ પદ વ્યક્તિજી વિ–૫

## ૧૪ શ્રી અનંત જિન સ્તવન.

### ( દેશના દેઇતારે–એ દેશી. )

અનંત જિન સહજ વિલાસી, પ્રભુ લોકાલોક પ્રકાશી,
કેવલ જિન નાણા વિકાસી, જિણંદરાય દેશના દેઇતારે;
ભવજલ નિધિ પાર ઉતારો. જિ૦ ૧
ગુણમણી ખાણી સત્યવંતી, નય ગ્રામ ધારક ધનવંતી.
ભવિચિત પંકજ વિલસંતિ. જિ૦ ૨
ત્રિભુવન પતિ ત્રિગડે સોહે, ત્રિભુવન જનનાં મન મોહે,
તરણીપરે જન પડિબોહે. જિ૦ ૩
નવિમત એકાંત ભણંતી, જેહ ચ્યાર નિક્ષે પાવંતી,
ખટભાષામાં પ્રણમંતી. જિ૦ ૪
ઉપજે વ્યયથિરત્રિક રૂપ, સર્વભાવમાં વર્તન સ્વરૂપ,
તે કેહવા વચન અનૂપ. જિ૦ ૫

પણ તીસ ગુણે ગુણવંતી, સમકાલે સંસય હરંતિ,
મુનિ શુભચેત નાવિકસંતી. જિ૦ ૬

કેવલકાં સારથિ નિકસી, નિશ્ચય વ્યવહાર પ્રસંસી;
મિથ્યા કલિમલ વિધ્વંસિ. જિ૦ ૭

સુણતાં જીનવાણીશિવાંચ્છા, ખટમાસન ભોજન ઈચ્છા;
દુરે નિગમે ભવવિચ્છા. જિ૦ ૮

સવિદોષહરણ જિનવાણી, સૌભાગ્ય લક્ષ્મી સૂરીજાણી,
એતો સમકિત સુખની નિસાણી. જિ૦ ૯

## ( ૧૫ શ્રી ધર્મનાથ જિન સ્તવન. )

[ જીહો જાણું અવધિ પ્રયુંજય—એ દેશી. ]

જીહો ધર્મ્મત્તીર્થંકર જગગુરૂ, લાલા, નિર્જીત મોહ નરેંદ્ર,
જીહો ઘાતીકરમ ઉચ્છેદીને લાલા, કેવળ પ્રગટયું અમંદ;
જિણેસર ધર્મ પરમ કહે ધીર. જિ૦ ૧

જીહો શેષજ્ઞાન છદ્મસ્થનાં, લાલા, અંતર ભાવે તે હોય,
જીહો જીમ અંશુમાલિની કાંતીમાં, લાલા, ઉડુગણ લય
લિન જોય. જિ૦ ૨

જીહો જ્ઞાન સમે સવિ સૂર તિહાં, લાલા, ત્રિગડું રચે મનોહાર,
જીહો પૂરવાભિમુખે પ્રભુસ્થિતિ કરે, લાલા, ભાસુર આસને સાર,
જિ૦ ૩

જીહો શેષ ત્રિદિશિ ત્રિદશ કરે, લાલા, તહનું રૂપ પ્રતિબિંબ,
જીહો નિરખી હરખે સુરનરા,લાલા પામીજીમપિઠ અંબ.જિ૦ ૪
જીહો સંયત કલ્પ નારી અજા, લાલાથિતિ અગની કોણે કરંત,
જીહો જોઈશ ભવન વ્યંતર સૂરી,લાલાથિનિનૈરતે વિરચંત જિ૦૫
જીહો એ સૂર ત્રિકજિન વંદીને. લાલા વાયું દિસે સોહંત,
જીહો કપિદ નરપતિ કામની, લાલા ઇશાનકુણે વિલસંત જિ૦૬
જીહો તે ઉપગારી જિન ધર્મને, લાલા કહે પડિબોહેરે જીવ,
જીહો હિંસાદિક દૂષણ વિના,લાલા દુવિધ પ્રકારે અતીવ જિ૦૭
જીહો એકાંતવાદી મત સેવે, લાલા વિહચે ધર્મ પ્રકાર,
જીહોપિણ મૌનિંદ્ર દરસન વિનું,લાલા જાણે ન ધર્મ ઉદાર. જિ૦૮
જીહો દુરગતિ પડતાં જીવને, લાલા ધારક કહોરે ધર્મ,
જીહો યોગ વંચક ક્રિયા કરી,લાલા ચઉગઇ સાધે અધર્મ જિ૦૯
જીહો આતમ ગુણ સવિ ઉલસ્યાં, લાાલાપર ગ્રાહક કરી દૂર,
જીહો નિત્યાનંદે વિલસતાં, લાલા ધર્મ જીણંદ વડ નૂર. જિ૦૧૦
જીહો ભાવ ધર્મ દાયક વિભુ, લાલા નિરધારી થિર બુદ્ધ,
જીહો સાૈભાગ્ય લક્ષ્મીસૂરી આદરે,લાલા પ્રગટે ધર્મ વિશુદ્ધ. જિ૦૧૧

## ૧૬ ( શ્રી શાંતિનાથ જિન સ્તવન )

[ જીરેજી—એ દેશી. ]

જીરે શ્રી શાંતિ નિરૂપમ ચક્રિ, સવિજન પદ પ્રભુસદગુણી જીરેજી,
જીરે વિગત વિકાર કિરતાર, અજરામર નિર્ગુણ ગુણી જીરેજી ૧

જીરે બ્રહ્મવિધાતા મહેસ, ચેતના અચલ સુતાપતિ જીરેજી,
જીરે શબ્દથી સંભુજન માંહ, ગુણથી જૈન વેદિ કુતિ જીરેજી ૨
જીરે હરીહર શકુનાગેશ, તેહનો જે તારતિ પતિ સુણ્યો જીરેજી,
જીરે અચિંત્ય બલે કરી નાથ, ક્ષણમાં તે મદનં દહન મુણ્યો જીરેજી ૩
જીરે સદા શિવ વિધિ વિશ્નુ. વિશ્નુ પુરૂષોત્તમ સ્વયં પ્રભુજીરેજી
જીરે દમીક્ષમી નિરદંભ અંતરજામી નામી વિભુ જીરેજી૦ ૪
જીરે અનેક કલ્પના જાળ, વર્જિત ધ્યેય અવિનય સ્વરૂપજીરેજી
જીરે સિદ્ધ બુધ નિર્લેપ, અલખ અજોગી વિશ્વ ભરૂ જીરેજી૦ ૫
જીરે અગમ અરૂજ મહાગોપ, સનાતન અગુરૂલઘુજીરેજી
જીરે તીરથાધિપ ભગવાન, પામી તુરીય દશાનઘૂ જીરેજી૦ ૬
જીરે માધવ વરૂણ બીડાલ, નીલકંઠ સુર ગુરૂ ગુણીજીરેજી,
જીરે ત્રિવિધ જોગે પ્રણમંત, તેહજ ધામ તુ જગધણીજીરેજી ૭
જીરે નાસ્તીક સઉગતસાંખ્ય, યોગાચાર વૈશેશિકાજીરેજી,
જીરે એકાંતે કરી તેહ, તુજ કળના નવિકરી શકયાજીરેજી૦ ૮
જીરે ઈત્યાદિક શુભ નામ યથા રથ પ્રગટયા સદાજીરેજી,
જીરે તસુ ધ્યાને વિકસંત, સૌભાગ્ય લક્ષ્મી સૂરીસંપદાજીરેજી૦ ૯

## ૧૭ શ્રી કુંથુનાથજિન સ્તવન.

[ શાંતિ જિન એક મુજ વીનતી—એ દેશી. ]

કુંથુજિન આગમ વયણથી, જાણીયે હેતુ સ્વરૂપરે,
સ્યાદ્વાદ રચના ચેહ ઠવિતા, સરાહેજે જ્ઞાની અનૂપરે,

માહરી ઓલગચિત ધારીયે— મા૦ ૧
કાલ સ્વભાવ ભાવિમતી, કર્મોદ્યમએહ પંચરે,
સમવાયે સમકિત ગુણ લહે મિથ્યા એકાંત પરપંચરે, મા૦ ૨
સમય વાદિ કહે જગતમાં કાલકૃત સકલ વિભૂતિરે,
ખટરૂતુ જિન ચક્રી હરી બળ, અંબ ગર્ભાદિ પ્રસૂતીરે, મા ૩
સ્વભાવ વાદી વદે વસ્તુમાં, અનેક પરિણ મન સ્વભાવરે,
તંતુગણ પટ પણ સંભવે, પિંડઘટ લકુટથી નાવરે. મા૦ ૪
ભાવિક કહે વચન ઇણિપરે કિજિયે કોટી ઉપાયરે,
તદપિ પ્રમાણ નિયતી હોવે, સુભુમ ચરીતથી મનાયરે. મા૦ ૫
કાલ સ્વભાવ નિયત વિના, કર્મ હેતુ સત્ય રૂપરે,
સુરનર કુંજરાદિક ગતિ, દાયક કર્મ એક ભૂપરે. મા૦ ૬
કહે ઉદ્યમ પ્રતિવાદીને, ઉદ્યમાધિન સવિકામરે,
નવિ હોયે તૃપ્તિ અન્ન દેખીને, એક પ્રયાસ ગુણ ધામરે મા૦૭
પંચ નય નિજમત થાપતા, લહી તુજ પદ તરૂ છાંયરે,
મિથ્યા મતિ દૂરે કરી ધારીયે, મન વિષે પંચ સમવાયરે. મા૦૮
નિયત વસે કર્મ ખપાવીને, ભવથિતિતણે પરીપાકે રે,
વીર્ય પંડિત ભવ્ય ભાવથી મિટે ભવ દોહગછા કેરે. મા૦ ૯
કુંથુ જિન ચરણ સેવન થકી, પામી શુભ કારણ જોગરે,
સૌભાગ્ય લક્ષ્મી સૂરી સુખલહે પરમ સમાધિ સંયોગરે. મા૦૧૦

## ૧૮ શ્રી અરનાથજિન સ્તવન.

### પંથડા નિહાલુંરે બીજા જિન તણારે—એ દેશી.

અરજિન દર્શન નિજ દર્શન તણુરે, નિમિત્ત છે ગુણગેહ
જિમ દર્પણની નિર્મલતા વિષે રે, નિજ પ્રતિબિંબનિરેહ,
દરિસણ કિજેરે અરજિનરાજનુંરે. દ૦ ૧

દર્શન, દર્શન જગમાં સહુ વદેરે, દર્શન ભેદ ન લહંત,
તર્ક સિંધુ કલ્લોલે ચપલતારે, ચિત્ત ચિંત્તન વર તંત, દ–૨

સામાન્ય દર્શનને ગુણ તાહરોરે, તિમ ક્ષાયક ગુણ દષ્ટ,
સ્યાદ્વાદ દર્શન પ્રગટ કારક ક્ષમીરે, ઈમ ત્રિક દર્શણ પુષ્ટ દ–૩

તે માટે પ્રીય દર્શન નાથનુંરે, નિરધારે રૂચિ શુદ્ધ,
રયણ ત્રયીદિપક ભવીજીવનેરે, વિતિમિર કરણ અવિરૂદ્ધ. દ–૪

દર્શન કારક પ્રતિ વાંછો નહિરે, પીણ પુણ્યશાલિજે દ્રશ્ય,
અવલંબનથી મીટાવેકુ દ્રષ્ટિનેરે, આતમ દર્શન હોય વશ્ય. દ–૫

સહજ દર્શન તુજ અલખ અગોચરૂરે, મહાયોગીશ્વર ગમ્ય,
તેપિણ જગબંધુથી નીપન્યોરે, જીમ સૂત્રધારથી શુભ શર્મ્ય. દ–૬

તુજ દર્શણથી જે સંતોષતારે, વિધિ હરીહરથી તે નાહી,
લખી શશિકાંતિ હર્ષ ચકોરનેરે, તારક ગણથી તેનાહી. દ–૭

દ્રવ્યભાવ અવલોકન આદરેરે, દશ્ય દર્શક મિટે ભેદ,
લક્ષ્મીસૂરી જિન દર્શન સૂરતરૂરે, સફલે અનેક ઉમેદ. દ–૮

## ૧૯ ( શ્રી મલ્લિજિન સ્તવન )

[ પાંડવ પાંચે વાંદતા—એ દેશી. ]

મલ્લિજિન ત્રિભોવનપતિ, પ્રભુ સકલ પદાર્થ રૂપરે,
ચ્યાર નિક્ષેપે વર્ણવે, અનેકાંત ભૂમીના જે ભૂપરે. અને૦
અનુપ સ્વરૂપ અનંત ગુણ આગરોસમ કૂપરે. અ૦ ૧
જીવ અજીવ ઉભય તણો, સંકેત નમાત્ર જે શબ્દરે,
તાદરથ વિણુ વર્તે સદા, મતિનામ નિક્ષેપે એલદ્ધરે મતિઃ અ૦ ૨
સદરથ વિરહિત આકૃતિ, સાકાર નિરાકાર ભેદરે
ચીત્ર અક્ષાદિકમાં સહી, થાપના નિક્ષેપ અછેદરે. થાપના અ૦ ૩
ભુત ભાવિ જે ભાવનો, હેતુ તે દ્રવ્ય નિક્ષેપરે
નિક્ષેપ યોગ અથવા સહી, હોવે તિહાં દ્રવ્ય આક્ષેપરે હોવે અ૦૪
મૂલ અરથમાં પરિણમ્યો, અનુભવ ન ક્રિયાનો તે ભાવરે
પરમ અરથ મયગુણ વહે, એહ તુરિય નિક્ષેપાનો દાવરે એહ અ૦૫
નામાકાર દ્રવ્ય ત્રિણ કહ્યા એક ભાવના સાધન હોય રે
ભાવતે કારજ શુદ્ધ છે, તે હસ્યું ગુણીને રઢ હોય રે—તે. અ. ૬
સર્વ પદાર્થ વિશ્વમાં હોય, ચ્યાર પર્યાય સંયુક્તરે—
પુર્ણ ગ્રાહક તે જિનમતિ, જિહાં નહીં એકાંતમતી યુક્તરે–જિ.અ.૭
નામથી મલ્લિ જિન પ્રભુ સ્થાપના, થી તુજ પ્રતિબિંબ રે;
છઉમથ્થ ભાવે દ્રવ્યથી, ત્રિગડે સ્થિતિ ભાવાલંબરે, ત્રિ. અ. ૮
તુજ આગમથકી મતિ લહી, ગ્રહ્યો ચઉવિધ આતમરામરે;
સૌભાગ્ય લક્ષ્મી સૂરીપ્રતે, પ્રગટે શુભ યશ સુખ ધામ રે– પ્ર.અ.૯

# ૨૦ શ્રી મુનિસુવ્રત જિન સ્તવન.

( અજીત જિણંદ શું પ્રીતડી—એ દેશી. )

શ્રી મુનિસુવ્રત જિન ગુણનીલો,
ચરણાદિક હો અનંત ગુણ કંદકે;
કેવળી પણ એક સમયના,
ગુણ જાણે હો નહી કેહવા અમંદકે— શ્રી.

વચન અગોચર ગુણ થકી,
ભાંગે અનંત હો હોવે ખલુવાચ્યકે;
શ્રુતધર કેવળી સરીખા,
તેહમાં પણ હો કાંઇક કહેવાય કે— શ્રી ૨

ત્રિભોવન જીવ ગણવા વિષે,
સપ્રયાસી હો વર્તે સમ કાળ કે;
અનંત ભાવે પિણ ક્ષણકનાં,
કહેવા અસમર્થ હો ગુણ દીન દયાલ કે.— શ્રી. ૩

અસંખ્ય પ્રદેશ આતમ તણા,
તેહમાં પણ હો કોઇક પ્રદેશકે;
અસ્તિ નાસ્તિ નિત્યાદિકે
ધર્મ પર્યવ હો ગુણ અનંત આવેશ કે— શ્રી. ૪

સંખ્યાતિત નિજ દેશમાં,
ગુણ અનંતતા હો સમાણી કેમકે;

લોક પ્રદેશ અસંખ્ય વિષે,
દ્રવ્ય પર્યવ હો સમાયે જેમકે— શ્રી. ૫

જીમ વ્યકિતપણે ગુણ તાહરે,
તીમ શકિતથી હો માહરે છે નાથ કે;
ઉપાદાન સમરે સહી,
શુભ હેતુથી હો પ્રગટે નિજ આથ કે— શ્રી. ૬

લોહ મિટે પારસ ફરસથી,
અબોધતા હો તિમ મનથી જાય કે;
સૌભાગ્યલક્ષ્મીસૂરી ગુણનિધી,
અવલંબતા હો તન્મય પદ થાય કે— શ્રી ૭

## ૨૧ શ્રી નમિનાથજિન સ્તવન.

### [ દેશી–આછેલાલની. ]

શ્રી નમિજિણંદ દયાળ, અનુભવ ભોગ રસાળ;
આછેલાલ જગવંદન જીન ભેટીયેજી— ૧

અંબુજ દલપરે નયણ, દુર્જય જીત્યો મયણ;
આ૦ વયણ સયણપરે સુખકરૂજી— ૨

લક્ષણ શોભિત અંગ, અડહિય સહસ ઉત્તંગ;
આ૦ અભ્યંતર અગણિત સદાજી; ૩

લાજ્યો શશિ મુખ જોય, તપનખદ્યુતસમ હોય;
આ૦ અધર અરૂણોદય સમ પ્રભાજી— ૪

અષ્ટમી શશિસમ ભાળ, ઈંદ્ર નાગેંદ્ર નિહાળ;
આ૦ ચકિત થકિત નયણે, જુયેજી— ૫

સહજ અદ્ભુત રૂપ કાંતિ, નિરખી હરખે જિન ખાંતિ;
આ૦ કાંત એકાંત નહિ તુમ સમોજી— ૬

ઈંદ્ર ચંદ્ર નાગેંદ્ર, કિન્નર અનંગ દિણુંદ;
આ૦ ઉપમા સવિ તુજ પદ નમેજી— ૭

મિટે નિરૂપમ જીનરાજ, ચિદાનંદ ઘનસાજ;
આ૦ શોક રહિત થિતિ નિત રહેજી— ૮

વિઘન નિવારક દેહ, ધ્યેય સ્વરૂપી ગુણગેહ;
આ૦ શિવગામી નામી સાહિબોજી— ૯

અનુક્રમે ગ્રહિ ગુણ ઠાણ, પામ્યા કેવળ ગુણ ખાણ;
આ૦ તે મુજ સાહિબ નમિ જીનાજી— ૧૦

એહ વિનતી ચિત્ત ધાર, આપવા સમકિત સાર;
આ૦ સેવક ભાવ નિવારીયેજી— ૧૧

ગિરૂવા ગરીબ નિવાજ. મહિર કરી મહારાજ;
આ૦ સૌભાગ્યલક્ષ્મીસૂરી સુખ દીઓજી— ૧૨

## ૨૨ શ્રી નેમનાથજિન સ્તવન.

[ થારા મોહલા ઉપર મેહ ઝબુકે વીજલી સાહેબજી—એ દેશી. ]

શ્રી નેમિ જિનવર અભયંકર પદ સેવના, સાહિબજી.

પ્રભુ મહોદય કારણ વારણ ભવભયવાસના; સા.
જીનવર સેવન તેહીજ નિજ સેવન જાણીયેં, સા.
પ્રભુ શશી અવલોકન નયન કાંતિ જીમ માનીયે.—સા. ૧

પ્રભુપર કૃત સેવનવાંછા દુગંછા તુજ નહિ, સા.
છે દોષ વિલાસી વાંછા અભ્યાસી ભવમહીં; સા.
પ્રભુ પુજ્ય સ્વભાવ વિભાવ અભાવે નીપનો, સા.
તેહ પૂર્ણાનંદમય પૂરણ નયસુખ દીપનો. સા. ૨

પ્રભુ વંદન ચંદન સુમનાદિકે દ્રવ્ય પૂજના, સા.
તુજ ગુણ એકતાને ભાવે બહુમાને સૂજના; સા.
સ્વરૂપથી દીસે સાવદ્ય નિરવદ્ય અનુબંધી રે, સા.
વિધિયોગે હિંસા ખિંસા વિણું શિવ સંધી રે. સા. ૩

પ્રભુ સમયમાં પૂજન દ્રવ્ય ભાવ ભેદે લહ્યો, સા.
જીન આણા જોગે આગાર અણગારે તે નિરવહ્યો; સા.
સુખ દ્રવ્યથી સ્વર્ગ લહે અપવર્ગ તે ભાવથી, સા.
ઇમ ફલ દો દાખ્યા ભાખ્યા સમયાનુ ભાવથી. સા. ૪

અંગાદિક ત્રિવિધ અડવિધ અક્ષતાદિક ભેદરે, સા.
ઈમ સગ દસ ઇગવિશ કીજે પૂજા અખેદરે; સા.
જીનવર અનુરાગ રંગી સંગી કરી ચેતના, સા.
શુભ કરણી કીજે લીજે અનુભવ નિકેતના, સા. ૫
ઇમ પૂજ્ય પુજન પૂજક ત્રિકયોગે સંયોગરે. સા.
મિટે સેવક ભાવ અનાદિનો પ્રગટે સંભોગરે, સા.
ઇમ વિનતી પ્રકાશે અભ્યાસે સૌભાગ્યસૂરી શીષરે સા.
પ્રભુ સવિ દુઃખ ચૂરો પૂરો સયલ જગીશરે. સા. ૬

## ૨૩ શ્રી પાર્શ્વનાથજિનસ્તવન.

( વીરે વખાણી રાણી ચેલણાજી—એ દેશી )

પાર્શ્વજીન પૂર્ણતા તાહરીજી, શુભ થીરતામાં સમાય;
પરમ ઇશ્વર વિભુ જીનવરૂજી, સહજ આનંદ વિચરાય. પા. ૧

શુદ્ધશુદ્ધાતમે રાજતાજી, કર્મ રહિત મહારાય;
પામીને અશુભને વામતાજી, નીરીહપણે સુખદાય. પા. ૨
વિશ્વ નાયક તુંહી સારહીજી, ત્યાગી ભોગી જીનરાજ
ચઉબંધને પ્રભુ છંડીનેજી, થયો માહરો શીરતાજ. પા. ૩
ભવગિરી ભંજન પવી સમોજી તારક બિરૂદ ધરાય;
અમરપતિ નિત્ય નમે તુજ પદેજી, ભાવ ધરી નિરમાય. પા. ૪
અમ સરીખા જે મોહે ગ્રહ્યાજી, તેહને તુંહી સહાય;
સાભાગ્યલક્ષ્મી સૂરી પદ વરેજી, જેહ તુજને નિતુ ધ્યાય. પા. ૫

## ૨૪ શ્રી મહાવીરજિન સ્તવન.

( રાગ ધન્યાસી. )

(આજ મ્હારા પ્રભુજી સાહમું રે જુવો સેવક કહીને બોલાવો;એદેશી)

આજ મ્હારા પ્રભુજી મહેર કરીને, સેવક સાહમું નિહાળો;
કરૂણાસાયર મહેર કરીને અતિશય સુખ ભૂપાળો આ૦૧
ભગતવછલ સરણાગત પંજર, ત્રિભુવન નાથ દયાળો;
મૈત્રીભાવ અનંત વહે, અહનિશ, જીવ સચલ પ્રતિપાળો. આ૦૨
ત્રિભુવન દીપક જીપક અરીગણ, અવિઘટ જ્યોતી પ્રકાશી;
મહા ગોપ નિર્યામક કહીયે, અનુભવ રસ સુવિલાસી. આ૦૩
માહા માહણ મહા સારથી, અવિતથ અપનાં બિરૂદ સંભાળો;
બાહ્ય અભ્યંતર અરીગણ જોરો, વ્યશન વિઘન ભય ટાળો. આ૦૪
વાદી તમહર તરણી સરીખા, અનેક બિરૂદના ધારી;
જીત્યા પ્રતિવાદી નિજ મતથી, સકલ જ્ઞાયક યશકારી. આ૦૫
મઝકારક ચઉ વેદના ધારક, જીવાદિ સત્તા ન ધારે;
તે તુજ મુખ દિનકર નિરખણથી, મિથ્યાતિમિર પરજાલે. આ૦૬
ઈલીકા ભમરી ન્યાયે જિનેસર, આપ સમાન તેં કીધા;
ઈમ અનેક યશ ત્રિશલાનંદન, ત્રિભુવનમાંહે પ્રસિદ્ધા. આ૦૭
મુજ મન ગિરિ કંદરમાં વસીઓ. વીર પરમ જીન સિંહ;
હવે કુમત માતંગના ગણથી, ત્રિવિધ યોગે મિટિ બીહ આ. ૮
અતિ મન રાગે શુભ ઉપયોગે, ગાતાં જીન જગદીશ;
સૌભાગ્યસૂરી શિષ્ય લક્ષ્મીસૂરી લહે,પ્રતિદિન સયલ જગીશ.આ. ૯

# દેવચંદ્ર કૃત ગત ચોવિસી.

## ૧ શ્રી કેવલજ્ઞાની જિન સ્તવન.

નામે ગાજે પરમ આલ્હાદ, પ્રગટે અનુભવ રસ આસ્વાદ;
તેથો થાશે મતિ સુપસાદ, સુણતાં ભાજેરે કાંઇ વિષય વિખવાદ;
જિણંદા તારા નામથી મન ભીનો. જિ૦ ૧

ખેત્ર અસંખ્ય પ્રદેશ, અનંત પર્યાય નિવેશ;
જાણગ શક્તિ અશેષ, તેહથી જાણે કાંઈ સકળ વિશેષ રે. જિ૦ ૨

સર્વ પ્રમેય પ્રમાણ, જસ કેવળ નાણ પહાણ;
તિણે કેવળ નાણી અભિહાણ, જસ ધ્યાવે રે કાંઈ મુનિવર ઝાણ
રે. જિ૦ ૩

ધ્રુવ પરણુતિ છતિ જાસ, પરણુતિ પરિણામે ત્રિક રાસ;
કર્ત્તાપદ પ્રવૃત્તિ પ્રકાશ,અસ્તિ નાસ્તિરે કાંઇ સર્વનો ભાસરે.જિ૦૪
સામાન્ય સ્વભાવનો બોધ, કેવળ દર્શન શોધ;
સહકાર અભાવે રોધ, સમયંતરરે કાંઇ સોય પ્રબોધ રે. જિ૦ ૫
કારક ચક્ર સમગ્ગ, તે જ્ઞાયક ભાવ વિલગ્ગ;
પરમભાવ સંસગ્ગ, એ રીતેરે કાંઇ થયો ગુણવગ્ગ રે. જિ૦ ૬
ઇમ સાલંબન જિન ધ્યાન, સાધે તત્વ વિધાન;
લહે પૂર્ણાનંદ અમાન, તેહથી થાયેરે કાંઇ શિવ ઇશાનરે. જિ૦ ૭

હાસ વિભાવ અપાય, તે નાસે પ્રભુ સુપસાય;
જે તન્મયતાયેં ધ્યાય, સહી તેહનેરે દેવચંદ્ર પદ થાયરે. જિ૦ ૯

## ૨ શ્રી નિર્વાણી પ્રભુજિન સ્તવન.

( વીરજી પ્યારા હો વીરજી પ્યારા—એ દેશી. )

પ્રણમું ચરણ પરમ ગુરૂજિનના, હંસ તે મુનિજન મનના
વાસી અનુભવ નંદન વનના, ભોગી આનંદ ઘનના,
મોરા સ્વામી હો, તોરો ધ્યાન ધરીજે,
ધ્યાન ધરિ જેહો સિદ્ધિ વરિજે, અનુભવ અમૃત પીજે. મો૦૧

સકલ પ્રદેશ સમોગુણ ધારી, નિજ નિજ કારજ કારી;
નિરાકાર અવગાહ ઉદારો, શક્તિ સર્વ વિસ્તારો. મો૦ ૨
ગુણ ગુણ પ્રતિં પર્યાય અનંતા, તે અભિલાપ સ્વતંતા;
અનંત ગુણા નભિલાપિ સંતા, કાર્ય વ્યાપાર કરંતા. મો૦ ૩
છતિ અવિભાગી પર્યયવક્તે, કારજ શક્તિ પ્રવર્તે;
તે વિશેષ સામર્થ પ્રશક્તે, ગુણ પરિણામ અભિવ્યક્તે. મો૦ ૪
નિરવાણી પ્રભુ શુદ્ધ સ્વભાવી, અભય નિરાયુ અપાવી;
સ્યાદ્વાદી અમનીગતરાવી, પુરણ શકિત પ્રભાવી. મો૦ ૫
અચલ અખંડ સ્વગુણ આરામી, અનંતાનંદ વિસરામી,;
સકલ જીવ ખેદજ્ઞ સુસ્વામી, નિરામગંધી અકામી. મો૦ ૬

નિઃસંગી સેવનથી પ્રગટે, પૂર્ણાનંદી ઇહા;
સાધન શક્તે ગુણ એકત્વે, સીઝે સાધ્ય સમીહા. મો૦ ૭
પુષ્ટ નિમિત્ત લંબન ધ્યાંને, સ્વાલબન લય ઠાંને;
દેવચંદ્ર ગુણને એક તાને, પોહોંચે પૂરણ થાને. મો૦ ૮

## ૩ શ્રી સાગરપ્રભુજિન સ્તવન.

(શીતલજિન સહેજાનંદી—એ દેશી.)

ગુણ સાગર આગર સ્વામી, મુનિ ભાવ જીવન નિઃકામી;
ગુણ કરણે કર્તૃ પ્રયોગી, પ્રગભાવી સત્તા ભોગી;
સુહંકર ભવ્ય એ જીન ગાવો, જીમ પૂરણ પદવી પાવો સુ. ૧
સામાન્ય સ્વભાવ સ્વપરના, દ્રવ્યાદિ ચતુષ્ટય ધરના;
દેખે દર્શન રચનાયેં, નિજ વીર્ય અનંત સહાયેં— સુ. ૧
તેહને તે જાણે નાણ. એ ધર્મ વિશેષ પહાણ;
સાવય વીકારજ શકતે, અવિભાગી પર્યયવકતે— સુ ૩
જે કારણ કારજ ભાવે, વરતે પર્યાય પ્રભાવે;
પ્રતિ સમયેં વ્યય ઉત્પાદિ, જ્ઞેયાદિક અનુગત સાદી— સુ. ૪
અવિભાગી પયર્ય જેહ. સમવાયી કાર્યના ગેહ;
જે નિત્ય ત્રિકાળી અનંત. તસુ જ્ઞાયક જ્ઞાન મહંત— સુ. ૫
જે નિત્ય અનિત્ય સ્વભાવ, તે દેખે દર્શન ભાવ;
સામાન્ય વિશેષનો પિંડ, દ્રવ્યાર્થિક વસ્તુ પ્રચંડ— સુ. ૬

ઈમ કેવળ દર્શન નાણ, સામાન્ય વિશેષનો ભાણ;
દ્વિગુણ આતમ શ્રદ્ધાએ, ચરણાદિક તસુ વ્યવસાયે— સુ. ૭
દ્રવ્ય જેહ વિશેષ પરિણામી, તે કહીયે પજ્જવ નામી;
છતિ સામર્થ્ય દુભેદે, પર્યાય વિશેષ નિવેદે.— સુ. ૮
તસુ રમણે ભોગનો વૃંદ, અપ્રયાસી પૂર્ણાનંદ;
પ્રગટી જસ શકિત અનંતી, નિજ કારજ વૃત્તિ સ્વતંત્રી—સુ. ૯
ગુણ દ્રવ્ય સામાન્ય સ્વભાવી, તીરથ પતિ ભકત વિભાવી;
પ્રભુ આણા ભકતે લીન, તિણે દેવચંદ્ર પદ કીન— સુ. ૧૦

## ૪ શ્રી મહાજશાજિન સ્તવન.

( રાગ—ફાગ. )

આતમ પ્રદેશ રંગ થલ અનોપમ, સમ્યગ દર્શન રંગ રે;
નિજ સુખ કે સધઇયા, તું તો નિજ ગુણ ખેલ વસંત રે;
પરપરિણતિ ચિંતા તજી નિજમેં ધ્યાન સખા કે સંગ—નિ ૧
વાસ ''રાસ સુ રૂચિ કેસરઘન, છાંટો પરમ પ્રમોદ રે;
આતમ રમણ ગુલાલકી લાલી, સાધક શકિત વિનોદ રે—નિ. ૨
ધ્યાન સુધારસ પાન મગનતા, ભોજન સહજ સ્વભોગ રે;
રિઝ એકત્વતા તાનમેં વાજે, વાજીંત્ર સનમુખ યોગ રે;—નિ. ૩
શુકલધ્યાન હોરીકી ઝાલા, જાલે કર્મ કઠોરરે;
શેષ પ્રકૃતિદલ ક્ષિરણ નિર્જરા, ભસ્મ ખેલ અતિ જોરરે. નિ૦૪

દેવ મહાજસ ગુણ અવલંબન, નિર્ભય પરણુતિ વ્યકિતરે;
ધ્યાને ધ્યાને અતિ બહુ માને, સાધે મુનિ નિજ શકિતરે. નિ૦૫

સકળ અજોગ અલેશ અસંગત, તાહિ હોવે સિદ્ધરે;
દેવચંદ્ર આણામેં ખેલે, ઉત્તમ સુહિં પ્રસિદ્ધરે. નિ૦૬

## ૫ શ્રી વિમલજિન સ્તવન.

( કડખાની દેશી. )

ધન્ય તું ધન્ય તું ધન્ય જીનરાજ તું,
ધન્ય તુજ શકિત વ્યકિત સનૂરી;
કાર્ય કારણ દશાસહજ ઉપગારતા,
શુદ્ધ કર્તૃત્વ પરીણામ પૂરી.. ધ.૦ ૧

આત્મ પ્રભાવ પ્રતિભાસ કારજ દશા,
જ્ઞાન અવિભાગ પર્યય પ્રવૃતે;
એમ ગુણ સર્વ નિજ કાર્ય સાધે પ્રગટ.
જ્ઞેયદસ્યાદિ કારણ નિમિતે. ધ૦ ૨

દાસ બહુમાન ભાસન રમણ એકતા,
પ્રભુ ગુણ લંબની શુદ્ધ થાયે;
બંધના હેતુ રાગાદિ તુજ ગુણરશી,
તેહ સાધક અવસ્થા ઉપાયે. ધ૦ ૩

કર્મ જંજાળ જ્યું જન કરણ યોગ જે,
સ્વામી ભક્તિ રમ્યા થીર સમાધિ;
દાન તપ સીલવ્રત નાથ આણા વિણા,
થઈય બાધક કરે ભવ ઉપાધી ધ૦ ૪

સકળ પ્રદેશ સમકાળ સવિ કાર્યતા,
કારણ સહકાર કર્તૃત્વ ભાવો;
દ્રવ્ય પરદેશ પર્યાય આગમ પણે,
અચલ અસહાય અક્રીય દાવો.. ધ૦ ૫

ઉત્પતિ નાસ ધ્રુવ સર્વદા સર્વની,
અડ્ગુણી હાની વૃદ્ધિ અન્યુનો;
અસ્તિ નાસ્તિત્વ સત્તા અનાદીયકો,
પરણમન ભાવથી નહિ અજુનો. ધ૦ ૬

ઇણીપરે વિમલજીનરાજનિરે વિમલતા,
ધ્યાન મન માંહરે જેહ ધ્યાવે;
ધ્યાન પૃથક ત્વસવિકલ્પતા રંગથીરે.
ધ્યાન એકત્વ અવિકલ્પ આવે. ધ૦ ૭

વીતરાગી અસંગી અનંગી પ્રભુ,
નાણ અપ્રયાસ અવિનાશ ધારી;
દેવચંદ્ર શુદ્ધ સત્તારસી સેવતાં;
સંપદા આત્મ શોભા વધારી. ધ૦ ૮

## ૬ સર્વાનુભૂતિ જિન સ્તવન.

જગતારક પ્રભુ વીનવું, વીનતડી અવધાર રે;
તુજ દરશણ વિણું હું ભમ્યો, કાળ અનંત અપાર રે. જ૦ ૧

સૂહુમ નિગોદ ભવેં વસ્યો, પુદગલ પરિહ અનંત રે;
અવ્ય વહારપણે ભમ્યો, ક્ષુલક ભવ અત્યંત રે. જ૦ ૨

વ્યવહારે પણ તિરિવિગતે, ઇગવણ ખંડ અસન્નિ રે;
અસંખ્ય પરાવર્તન થયાં, ભમિયો જીવ અધન્ન રે. જ૦ ૩

સૂક્ષમ થાવર ચારમેં, કાલહ ચક્ર અસંખ્ય રે;
જનમ મરણ બહુલા કર્યા, પુદગલ ભોગને કંખ રે. જ૦ ૪

ઓઘે બાદર ભાવમેં, બાદર તરૂ પણ ઇમ રે;
પુદગલ અઢી લાગટ વસ્યો, નામ નિગોદયે પ્રેમ રે. જ૦ ૫

થાવર થૂલ પરિતમે, સીત્તર કોડાકોડી રે;
આયર ભમ્યો પ્રભુ નવિ મિલ્યા, મિથ્યા અવિરતિ જોડિ રે. જ૦ ૬

વિગલ પણે લાગટ વસ્યો, સંખિજ વાસ હજાર રે;
બાદરપજ વણસ્સઇ, ભૂજલ વાયુ મઝાર રે; જ૦ ૭

અનલ વિગલ પજજ તમે, તસ ભવ આયુ પ્રમાણ રે;
શુદ્ધ તત્ત્વ પ્રાપતિ વિના, ભટક્યો નવ નવ ઠાણ રે. જ૦ ૮

સાધિક સાગર સહસદો, ભોગવીયો તસ ભાવે રે;
એક સહસ સાધિક દધી, પંચેંદ્રિ પદ દાવે રે. જ૦ ૯

પર પરણિત રાગીપણે, પરે રસ રંગે રક્ત રે;
પર ગ્રાહક રક્ષક પણે, પર ભોગે આશક્ત રે. જ૦ ૧૦

શુદ્ધ સ્વ જાતિ તત્વને, બહુ માને તલ્લીન રે;
તે વિજાતિ રસ ત્તાતજી, સ્વ સ્વરૂપ રસ પીન રે. જ૦ ૧૧

સર્વાનુભૂતિ જિનેશ્વરૂ, તારક લાયક દેવ રે;
તુજ ચરણે શરણે રહ્યો, ટળે અનાદિ કુટેવ રે. જ૦ ૧૨

સબલો સાહિબ ઓલગે, આતમ સબલો થાય રે;
બાધક પરણિત સવિ ટળે, સાધક સિદ્ધ કહાય રે. જ૦ ૧૩

કારણથી કારજ હુવે, એ પરસિત અનાદિ રે;
માહરી આતમ સિદ્ધીના, નિમિત હેતુ પ્રભુ સાદિ રે. જ૦ ૧૪

અવિ સંવાહન હેતુની, દઢ સેવા અભ્યાસ રે;
દેવ, ચંદ્રપદ નીપજે, પૂર્ણાનંદ વિલાસ રે. જ૦ ૧૫

## ૭ શ્રીમંધર જિન સ્તવન.

### ( રસીયાની દેશી. )

સૈમુખ મુખ પ્રભુને ન મળી શકયો, તો શી વાત કહાય; જિણંદજી
નિજપર વીતક વાત લહો સહુ, પણ મને કિમ પતિત આય.
જિણંદજી. સે૦ ૧

ભવ્ય અભવ્ય પરિત્ત અણંતતો, કૃષ્ણ શુકલ પક્ષ ધાર. જિ૦
આરાધક વિરાધક રીતનો, પૂછી કરત નિરધાર. જિ૦ સે૦ ૨

કિણુ કાળે કારણુ કે હવે મળે, થાશે મુજને હો સિદ્ધ. જિ૦
આતમ તત્ત્વ રૂચિ નિજ રિદ્ધની, લહેશુ સર્વ સમૃદ્ધ. જિ૦ સે૦ ૩

એક વચન જિન આગમનો લહી, નીપાવ્યાં નિજ કામ. જિ૦
ઇતલે આગમ કારણુ સંપજે, ઢીલ થઇ કિમ આમ. જિ૦ સે૦ ૪

શ્રીધર જિન નામે બહુ નિસ્તરયા, અલ્પ પ્રયાસે હો જેહ. જિ૦
મુજ સરિખો એટલે કારણુ લહે, ન તરે કહો કિંમ તેહ. જિ૦ સે૦ ૫

કારણુ જોગે સાધે તત્ત્વને. નવિ સમરયો ઉપાદાન; જિ૦
જિનરાજ પ્રકાશે મુજ પ્રતે, તેહનો કોણુ નિદાન. જિ૦ સે૦ ૬

ભવ રોગના વૈદ્ય જિનેશ્વરૂ, ભવૌષધ તુજ ભક્તિ. જિ૦
દેવચંદ્રને અરીહંતનો, છે આધાર એ વ્યક્તિ. જિ૦ સે૦ ૭

## ૮ શ્રી દત્તપ્રભુ જિન સ્તવન.

### (રાગ ધમાલ.)

જિન સેવનચેં પાઈ યે હો, શુદ્ધાતમ મકરંદ જિ૦ ( આંકણી )

તત્વ પ્રતીત વસંત રૂતુ પ્રગટી, ગઈ શિશિર કુપ્રતીત લલના;
દુર મતિ રજની લઘુ ભઈ હો, સદબોધ દિવસ વદીત જિ૦૧

સાધ્ય રૂચિ સુસખામલિ હો, નિજ ગુન ચરચા ખેલલ૦
બાધક ભાવકી નંદના હો, બુધ મુખ ગારિકો મલ. જિ૦૨

પ્રભુ ગુન ગાન શુછંદ સું હો, વાજિંત્ર અતિશય તાન, લ૦
શુદ્ધ તત્વ બહુ માન તા હો, ખેલત પ્રભુ ગુન ધ્યાન. જિ૦૩

ગુન બહુ માન ગુલાલ સોહો, લાલ ભએ ભવિ જીવ લ૦
રાગ પ્રશસ્તકી ધૂમ મેહો, વિભાવ પિડારે અતીવ. જિ૦૪
જિન ગુણુ ખેલમેં ખેલતે હો, પચપ્યો નિજ ગુન ખેલ લ૦
આતમ ઘર આતમરમે હો, સમતા સુમતિ કે મેલ. જિન૦૫
તત્વ પ્રતીત પ્યાલે ભરચા હો, જિન વાણી રસ પાન, લ૦
નિર્મલ ભકિત લાલી જગીહો રીજે એક ત્વતા તાન જિ૦૬
ભવ વૈરાગ અબીરશું હો, ચરન રમન સુંમહંત; લ૦
સુમતિ ગુપતિ વનિતા રમેહો, ખેલે હો શુદ્ધ વસંત૦ જિ૦૭
ચાચર ગુન રસિયા લિયેહો, નિજ સાધક પરિણામ. લ૦
કર્મ પ્રકૃતિ અરતિ ગઇહો, ઉલસિત મરીત ઉદ્દામ જિ૦૮
થિર ઉપયોગ સાધન મુખે હો, પિચકારીકો ધાર, લ૦
ઉપશમ રસ ભરી છાંટતા હો, ગઇ તતાઇ અપાર. જિ૦૯
ગુણુપર્યાય વિચારતાં હો, શકિત વ્યકિત અનુભૂતિ, લ૦
દ્રવ્યાસ્તિક અવલંબતા હો, ધ્યાન એકત્વ પ્રશૂતિ. જિ૦૧૦
રાગ પ્રશસ્ત પ્રભાવના હો, નિમિત્ત કરન ઉપભેદ, લ૦
નિર વિકલ પસુ સમાધિમે હો, ભયેહેં ત્રિગુન અભેદ. જિ૦૧૧
ઇમદત પ્રભુ ગુ હો, ફાગરમે મતિવંત લ૦
પર રનતિ રજ ધોય કેરો, નિરમળ સિદ્ધિ વસંત. જિ૦૧૨
કારનથે કારજ સધે હો, એહ અનાદકી ચાલ લ૦
દેવચંદ્ર પદપાઇયે હો, કરત નિજ ભાવ સંભાળ. જિ૦૧૩

## ૯ શ્રી દામોદર જિન સ્તવન.

( મોરા સાહેબહો શ્રી શીતળનાથ કે—એ દેશી. )

સુપ્રતીતે હો, કરિ થિર ઉપયોગ કે, દામોદર જિન વંદીયે,
અનાદિની હો જે મિથ્યા ભ્રાંતિ કે, તેહ સર્વથા છંડિએ;
અવિરતિ હો જે પરણુત દુષ્ટ કે, ટાળી થિરતા સાધીએ,
કષાયની હો કરમ લતા કાપી કે, વર સમતા આરાધીયે. ૧
જંબુને હો ભરતે જિનરાજ કે, નવમા અતીત ચોવીશીયે,
જસનામે હો પ્રગટે ગુણ રાશિ કે, ધ્યાને શિવસુખ વિલસીયે;
અપરાધી હો જે તુજથી દૂર કે, ભૂરિ ભ્રમણ દુઃખના ધણી,
તે માટે હો તુજ સેવા રંગ કે, હોજો એ ઇચ્છા ઘણી. ૨
મરૂધરમે હો જિમ સુરતરૂ લુંબ કે, સાગરમેં પ્રવહણ સમો,
ભવ ભમતાં હો ભવિજન આધાર કે, પ્રભુ દર્શન સુખ અનુપમો;
આતમની હો જે શકિત અનંત કે, તેહ સ્વરૂપ પદે ધર્યા,
પરિણામિક હો જ્ઞાનાદિક ધર્મ કે, સ્વસ્વ કાર્ય પણે વર્યા. ૩
અવિનાશી હો જે આત્માનંદ કે, પૂર્ણ અખંડ સ્વભાવનો,
નિજ ગુણનો હો જે વર્તન ધર્મ કે, સહજ વિલાસી દામનો;
વસ ભોગી હો તું જિનવર દેવ કે, ત્યાગી સર્વ વિભાવનો,
શ્રુતજ્ઞાનિ હો ન કરી શકે સર્વ કે, મહિમા તુજ પ્રભાવનો. ૪
નિઃકામી હો નિક ખાઇ નાથ કે, સાથ હોજો નિત તુમ્હ તણો,
તુમ આણા હો આરાધન શુદ્ધ કે, સાધું હું સાધક પણો,

વીતરાગથીહો જે રાગ વિશુદ્ધ કે, તેહીજ ભવભય વારણો;
જિનચંદ્રની હો જે ભક્તિ એકત્વ કે, દેવચંદ્ર પદ કારણો.૫

## ૧૦ શ્રી સુમતેજ જિન સ્તવન.

અતિરૂડી રે (૨) જિનજીની થિરતા અતિરૂડી અ૦

સકળ પ્રદેશ અનંતિ, ગુણ પર્યાય શક્તિ મહંતી લાલ; અ૦
વસ્તુ રમણે અનુભવવંતી, પર રમણે જે ન રમંતી લાલ. અ૦૧
ઉત્પાદ વ્યય પલટંતી ધ્રુવ શક્તિ ત્રિપદી સંતી લાલ; અ૦
ઉતપાદે ઉતપત મંતી, પુરવ પરણિત પય પંતિ લાલ. અ૦૨
નવ નવ ઉપયોગી વળી, ગુણ છતિથી તે નિત અચળી લાલ; અ૦
પર દ્રવ્યે જે નવિ ગમણી, ક્ષેત્રાંતરમાંહિ ન રમણી લાલ. અ૦૩
અતિશય યોગે નવિ દીપે, પર ભાવ ભણી નવી છીપે લાલ; અ૦
નિજ તત્પર સેજે લીની, બીજે કીણુહિ નવિ કીની લાલ. અ૦૪
સંગ્રહ નયથી જે અનાદિ, પણ એવંભૂતે સાદિ લાલ; અ૦
જેહને બહુમાને પ્રાણી પામે, નિજ ગુણ સહનાણી લાલ. અ૦૫
સ્થિરતાથી સ્થીરતા વાધે, સાધક નિજ પ્રભુતા સાધે લાલ; અ૦
પ્રભુ ગુણને રંગે રમતા, તે પામે અવિચલ સમતા લાલ. અ૦૬
નિજ તે જે જેહ સુતેજા, જે સે પેધરી બહુ હેની લાલ; અ૦
શુદ્ધ લંબન જે પ્રભુ ધ્યાવે, તે દેવચંદ્ર પદ પાવે લાલ. અ૦૭

## ૧૧ શ્રી સ્વામી પ્રભ જિન સ્તવન.

### ( રહો રહો રહો વાલ્હા.—એ દેશી. )

નમિ નમિ નમિ વીનવું: સુગુણા સ્વામી જિણંદ નાથ રે
જ્ઞેય સકલ જાણગ તૂમે, પ્રભુજી જ્ઞાન દિણંદ નાથ રે—ન૦ ૧
વર્તમાન એ જીવની, એહવી પરણતી કેમ ના૦
જાણું હોય વિભાવને, પિણ નવિ છુટે પ્રેમ ના૦— ન૦ ૨
પરપરણીત રસ રંગતા, પર ગ્રાહકતા ભાવ ના૦
પર કરતા પર ભોગતા, શ્યો થયો એહ સ્વભાવ ના૦—ન૦૩
વિષય કષાય અશુધતા, ન ઘટે એહ નિરધાર ના૦
તો પણ વંછૂં તેહને, કિમ તરીએ સંસાર ના૦— ન૦ ૪
મિથ્યા અવરતિ પ્રમૂખને, નિયમા જાણું દોષ ના૦
નંદુ ગરહું વળી વળી, પણ તે પામે સંતોષ ના૦— ન૦ ૫
અંતરંગ પર રમયતા, ટલસ્યે કિસ્યે ઉપાય ના૦
આણા આરાધન વિના, કિમ ગુણ સિદ્ધિ થાય ના૦—ન૦ ૬
હવે જીન વચન પ્રસંગથી, જાણી સાધક નીતિ ના૦
શુદ્ધ સાધ્ય રૂચિપણે, કરીએ સાધન રીતિ ના૦— ન૦ ૭
ભાવન રમણ પ્રભુ ગુણે, યોગ ગુણી આધિન ના૦
રાગને જીનગુણ રંગમે, પ્રભુ દીઠા રતી પિન ના૦— ન૦ ૮
હેતુ પલટાવ હવે, જોડયા ગુણીગુણ ભક્તિ ના૦—
તેહ પ્રશસ્ત પણે રમ્યા, સાધે આતમ શક્તિ ના૦— ન૦ ૯

ધન તનુ મન વચના સબે, જોડયા સ્વામી પાય ના૦
બાધક કારણ વારતા, સાધન કારણ થાય ના૦— ન૦ ૧૦
આતમતા પલટાવતા, પ્રગટે સંવર રૂપ ના૦
સ્વ સ્વરૂપ રસી કરે, પુર્ણાનંદ અનૂપ ના૦— ન૦ ૧૧
વિષય કષાય હર ટળી, અમૃત થાએ એમ ના૦
જે પર સિદ્ધ રૂચી હુવે, તો પ્રભુ સેવા ધરી પ્રેમ ના૦ન૦૧૨
કારણ રંગી કાર્યને, સાધે અવસર પામી ના૦
દેવચંદ્ર જીનરાજની સેવા શિવ સુખ ધામ ના૦— ન૦ ૧૩

## ૧૨ શ્રી મુનિસુવ્રત જિન સ્તવન.

### ( નમણી ખમણી નેમ નગમણી—એ દેશી. )

દીઠો દરીશન શ્રી પ્રભુજીનો, સાચે રાગે મનશું ભીનો
જસુ રાગે નિસગી થાયે, તેહની ભકિત કોને ન સુહાયે ૧
પુદગલ આશા રાગી અનેરા, તસુ પાસે કોણ ખાએ ફેરા
જસુ ભગતે નીરભય પદ લહીયે, તેહની સેવામાં થીર રહીએ ૨
રાગી સેવકથી જે રાચે, બાહ્ય ભગતિ દેખીને માચે
જસુ ગુણ દાઝે તૃશ્ના આંચે, તેહનો સુજસ ચતુર કિમ વાંચે-૩
પૂરણ બ્રહ્મને પૂર્ણાનંદી, દરશન જ્ઞાન ચરણ રસ કેદી
સકળ વિભાવ પ્રસંગ અફંદી, તેહ દેવ સમરસ મકરંદિ—૪
તેહની ભગતી ભવભય ભાજે, નિગુણ પિણ ગુણ શકિત ગાજે
દાસ ભાવ પ્રભુતાને આપે, અંતરંગ કલીમલ સવી કાપે—૫

અધ્યાતમ સુખ કારણ પૂરો, સ્વ સ્વભાવ અનુભૂતિ સનૂરો;
તસુ ગુણ વળગી ચેતના કીજે, પરમ મહોદય શુદ્ધ લહિજે–૬
મુનિસુવ્રત પ્રભુ પ્રભુતા લીના, આતમ સંપતિ ભાસ નગીના;
આણા રંગે ચિત ધરી જે, દેવચંદ્ર પદ શીઘ્ર વરિ જે— ૭

## ૧૩ શ્રી સુમતિજિન સ્તવન.

### ( કાન્હૈયાલાલ–એ દેશી. )

પ્રભુ સ્યૂં ઇશ્યૂં વીનવું રે લાલ, મુજ વિભાવ દુઃખ રીત રે
સાહિબા લાલા.
તીન કાળના જ્ઞેયની રે લાલ, જાણો છો સહુ નીતિ રે સા. પ્ર. ૧
જ્ઞેય જ્ઞાન સ્યું નવિ મિલે રે લાલ, જ્ઞાન ન જાએ તચ્છ રે સા.
પ્રાપ્ત અપ્રાપ્ત બેચને રે લાલ, જાણો જે જીમ જચ્છ રે સા. પ્ર ૨
છતિ પર્યાય જે જ્ઞાનના રે લાલ, તે તો નવિ પલટાય રે સા.
જ્ઞેયની નવ નવ વર્તના રે લાલ, સવિ જાણે અસહાય રે સા. પ્ર ૩
ધર્માદિક સહુ દ્રવ્યનો રે લાલ, પ્રાપ્ત ભણી સહકાર રે સા૦
રસણાદિક ગુણ વર્તતારે લાલ, નિજ ક્ષેત્રે તે ધાર રે સા૦ પ્ર. ૪
જાણગ અભિલાષિ નાહ રે લાલ, નવિ પ્રતિ બિંબે જ્ઞેય રે સા૦
કારક શકતે જાણવું રે લાલ, ભાવ અનંત અમેય રે–સા૦ પ્ર. ૫
તેહ સાન સત્તા થકે રે લાલ, ન જાણ્યો નિજ તત્વ રે–સા૦
રૂચિ પણ તેહની નવિ વધેરે લાલ, એ એ મોહ મહત્વરે સા.પ્ર.૬
મુજ સાયકતા પર રસ્તે રે લાલ, પર તૃષ્ણાયે તત્વ રે સા૦
તે સમતા રસ અનુભવે રે લાલ, સુમતિ સેવન વ્યાપ્ત રે–સા.પ્ર.૭

ગ્રાહકતા પલટાવવા રે લાલ, નાથ ભગતિ આધાર રે સા૦
પ્રભુ ગુણ રંગી ચેતના રે લાલ, એહિજ જીવન સાર રે સા. પ્ર.૮
અમૃતાનુષ્ઠાને રહ્યા રે લાલ, અમૃત ક્રિયાને ઉપાય રે સા.
દેવચંદ્ર રંગે રમે રે લાલ, તે સુમતિ દેવ પસાય રે સા. પ્ર. ૯

## ૧૪ શ્રી શિવગતિ જિન સ્તવન

( મારા મોહલાં ઉપર મેહ ઝબુકે વીજળી હો લાલ. )

શિવ ગતિ જીનવર દેવ સેવેઆ દોહિલી હો લાલ, સે૦
પર પરણિત પરિત્યાગ, કરે તસુ સોહિલી હો લાલ ક૦
આશ્રવ સર્વ નિવાસી, જેહ સંવર ધરે હો લાલ, જે૦
જે નિજ આણા લિન, પીન સેવન કરે હો લાલ. પી૦૧

વીતરાગ ગુણ રાગ, ભક્તિ રૂચિને ગમે હો લાલ ભ૦
યશ પ્રવૃત્તિ ભવ્ય જીવ, નય સંગ્રહ રમે હો લાલ ન૦
અમૃત ક્રિયા વિધિ યુક્ત, વચન આચારથી હો લાલ વ૦
મોક્ષાર્થી જિન ભક્તિ, કરે વ્યવહારથી હો લાલ ક૦ ૨

ગુણ પ્રાગભાવિ કાર્ય, તણે કારણ પણે હો લાલ ત૦
રત્નત્રયી પરિણામ તે, રૂજુ સુત્રો ભણે હો લાલ રૂ૦
જે ગુણ પ્રગટ થયો નિજ, નિજ કાર્ય કરે હો લાલ નિ૦
સાધક ભાવે યુક્ત, શબ્દનય તે ધરે હો લાલ શ૦ ૩

પોતે ગુણ પર્યાય, પ્રગટ પણ કાર્યતા હો લાલ પ્ર૦
ઉણે થાએ જાવ, નાવ સંમભિરૂઢતા હો લાલ ના૦

સંપૂરણ નિજ ભાવ, સ્વકાર્ય કીજતે હો લાલ સ્વ૦
શુધાતમ નિજ રૂપ, તણે રસ લીજતે હો લાલ ત૦ ૪
ઉત્સર્ગે એવંભૂત, તે ફળને નીપને હો લાલ તે૦
નિઃસંગી પરમાતમ, રંગથી તે બને હો લાલ ૨૦
સહજ અનંત અત્યંત, મહંત સુખે ભર્યા હો લાલ મ૦
અવિનાશી અવિકાર, અપાર ગુણે વર્યા હો લાલ અ૦ ૫
જે પ્રવૃત્તિ ભવ, મૂળ છે ઉપાય જે હો લાલ મુ૦
પ્રભુ ગુણ રાગે રકત, થાય શિવદાય તે હો લાલ થા૦
અંશથકી સરવંશિ, વિશુધ પણું ઠવે હો લાલ વિ૦
શુકલ બીજ શશિ રેહ, તે પૂરણ હુવે હો લાલ તે૦ ૬
તિમ પ્રભુથી શુચિ રાગ, કરે વીતરાગતા હો લાલ ક૦
ગુણ એકત્વે થાય સ્વ, ગુણ પ્રાગ્ભાવતા હો લાલ ગુ૦
દેવચંદ્ર જિનચંદ્ર, સેવામાંહિ રહો હો લાલ સે૦
અવ્યાબાધ અગાધ, આત્મ સુખ સંગ્રહો હો લાલ અ૦૭

## ૧૫ શ્રી આસ્તાગ જિન સ્તવન.

### ( મન મોહ્યું અમારૂં પ્રભુ ગુણે—એ દેશી. )

કરો સાચા રંગ જિનેશરૂ. સંસાર વિરંગ સહુ અન્ય રે;
સુરપતિ નરપતિ સંપદા, તે તો દુરગંધિક દમરે ક૦ ૧
જિન આસ્તાગ ગુણ રસ રમી, ચલ વિષય વિકાર વિરૂપ રે;
વિણ સમકિત મતે અભિલખે, જિણે ચાખ્યો શુદ્ધ સ્વરૂપ રે ક. ૨

નિજ ગુણ ચિંતન જલ રમ્યા, તસુ ક્રોધ અનલનો તાપ રે;
નવિ વ્યાપે કાપે ભવ સ્થિતિ, જિમને અર્ક પ્રતાપરે   ક૦ ૩
જિન ગુણ રંગી ચેતના, નવિ બાંધે અભિનવ કર્મ રે;
ગુણ રમણે નિજ ગુણ ઉલસે, તે આશ્વાદે નિજ ધર્મ રે ક૦૪
પર ત્યાગી ગુણ એકતા, રમતા સાતાદિક ભાવ રે
સ્વ સ્વરૂપ ધ્યાતા થઇ, પામે શુચિ ખાયક ભાવ રે   ક૦ ૫
ગુણ કરણે નવ ગુણ પ્રગટતા, સત્તાગત રસ સ્થિતિ છેદ રે;
સંક્રમણે ઉદય પ્રદેશથી કરે, નિર્જરા ટાળે ખેદ રે   ક૦ ૬
સેહેજ સ્વરૂપ પ્રકાશથી થાએ, પૂર્ણાનંદ વિલાસ રે;
દેવચંદ્ર જિનરાજની કરજ્યો સેવા સુખ વાસ રે   ક૦ ૭

## ૧૬ નમીશ્વર સ્વામી જિન સ્તવન.

[ હો પીઉ પંખીડા—એ દેશી. ]

જગત દિવાકર શ્રી નમીશ્વર શ્યામ જો,
તુજ મુખ દીઠે નાઠી ભૂલ અનાદિનીરેલો;
જાગ્યા સમ્યગ્ જ્ઞાન સુધારસ ધામજો,
છાંડિ દુર્જય મિથ્યા નિંદ પ્રમાદનીરેલો.   ૧
સહજે પ્રગટયો નિજ પદ ભાવ વિવેક જો,
અંતર આતમ ઠહર્યો સાધન સાધવેરેલો;
સાધ્યાલંબી થઇ સાધકતા છેકજો,
નિજ પરણુતિ નિજ ધર્મ રસે ઠવેરેલો.   ૨

ત્યાગી પરપરણુતિ રસ રીઝજો
જાગી આતમ અનુભવ ઇષ્ટ તારેલો
સહેજે છુટી આશ્રવ ભાવની ચાલજો
જાલમ પ્રગટી સવર શિષ્ટ તારેલો ૩
બંધહેતુ જે છે પાપ સ્થાનજો
તે તુજ ભગતિ પામ્યા પુષ્ટ પ્રશસ્ત તારેલો
ધ્યેય ગુણે વલગી ઉપયોગજો
તેહથી પામે ધ્યાતા ધ્યેય સમસ્ત તારેલો. ૪
જે અતિ દુસ્તર જલધિ સમો સંસારજો
તે ગોપદ સમ કીધો પ્રભુ અવલંબ નેરેલો. ૫
૧ સ્યાધ્યાદિ પ્રભુતાને એકત્વજો
૨ જ્ઞાયકભાવે થઈ નિજ રત્નત્રઈરેલો
૩ પ્રત્યાહાર કરીને ધારે ધારણુ સુધજો
૪ તત્વાનંદિ પૂર્ણ સમાધિ લયે મઈરેલો ૬
અવ્યાબાધ સ્વગુણુની પૂરણુ રીતજો
કરતા ભોકતા ભાવે રમણુપણે ધરેરેલો
સહજ અકૃત્રિમ નિર્મળ જ્ઞાનાનંદજો
દેવચંદ્ર એકત્વે સેવનથી વરેરેલો. ૭

## ( શ્રી અનીલજિન સ્તવન. )

[ દેખો ગતિ દૈવનીરે- એ દેશી ]

સ્વારથ વિણું ઉપગાર તારે, અદભુત અતિશય રિદ્ધિ
આત્મસ્વરૂપ પ્રકાશતારે, પૂરણ સહજ સમૃદ્ધિ
અનીલજિન સેવીએરે, નાથ તુમ્હારી ઓહિ
નકો ત્રિહુ લોકમેરે, પ્રભુજી પરમ આધાર
અછો ભવી થોકનેર. ( આંકણી ) અ૦ ૧
પરકારજ કરતા નહિરે, સેવ્યા પારન હેત
જે સેવે તન મન થઈરે, તે લહે શિવ સંકેત. અ૦ ૨
કરતા નિજ ગુણ વૃતિ તારે, ગુણ પરણીત ઉપભોગ
નિપ્રયાસ ગુણ વર્તતારો, નિત્ય સકલ ઉપયોગ. અ૦ ૩
શીવ ભકિત ભોગી નહિરે, ન કરે પરનો સહાય
તુજ ગુણ રંગી ભકતનારે, સહેજે કારજ થાય. અ૦ ૪
કિરીયા કારણ કાર્ય તારે, એક સમય સ્વાધીન
વરતે પ્રતિગુણ સર્વદારે, તસુ અનુભવ લયલીન- અ૦ ૫
ગ્યાયક લોકાલોકનારે, અનિલ પ્રભુ જિનરાજ
નિત્યાનંદ મયી સદારે, દેવચંદ્ર સુખદાય. અ૦ ૬

## ( શ્રી જશોધર જિનસ્તવન )

( રાગ મારૂ )

વદનપર વારિ હો જશોધર, વદનપર વારિ
મોહ રહિત મોહન જ્યાપકો, ઉપસમ રસ ક્યારિહો. વ૦ ૧

મોહજીવ લોહકો કંચન, કરેવે પારસ ભારીહો,
સમકિત સુરતરૂવનસેં મનકો, વર પુષ્કર જલ ધારીહો. વા૦ ૨
સર્વ પ્રદેશ પ્રગટ શમ ગુણથી, પ્રવૃત્તિ અનંત અપહારીહો
પરમ ગુણી સેવનમેં સેવક, અપ્રસરતતા વારીહો. વા૦ ૩
પરપરણીત રૂચિ રમણ ગ્રહણતા દોષ અનાદિ નિવારી હો
દેવચંદ્ર પ્રભુ સેવન ધ્યાને, આતમ્ શક્તિ સમારિહો વા૦ ૫

## ( શ્રી કૃતાર્થજિનસ્તવન. )

અધિકા તાહરૂં હું તો અપરાધિ—એ દેશી.

સેવા સારજ્યો જિનજી મન સાચે, પિણ મત માગો ભાય
મહિ નતના ફળ માંગી લેનાં. દાસ ભાવ સવિ જાઈ. સે૦ ૧
ભક્તિ નહિ તે તો ભાડાયત, જે સેવા ફલ જાચે
દાસ તિકે જેધન ભરિ નિરખી; કેકઋની પરે નાચે. સે૦ ૨
સારિ વિધિ સેવા સારંતાં, આણ ન કાંઈ ભાંજે
હુકમ હાજર ખીજમતિ કરતાં, સહેજે નાથ નિવાજે. સે૦ ૩
સાહિબ જાણો છો સહુ વાતે, શું કહિયે તુમ આગે
સાહિબ સનમુખ અને માગણની, વાત કારમી લાગે. સે૦ ૪
સ્વામી કૃતાર્થ તો પિણ તુમથી આશ સહુકો રાખે
નાથ વિના સેવકની ચિંતા કોણ કરે વિણ દાખે. સે૦ ૫
તુજ સેવ્યા ફળ માગ્યો દેતાં દેવપણો થાયે કાચો;
વિણ માગ્યાં વંછિત ફળ આપે વિણે દેવચંદ્ર પદ સાચો. સે૦ ૬

## ( શ્રી જિનેશ્વર જિન સ્તવન. )

**અખીયાં હરખન લાગી હમારી અખીયાં—એદેશી રાગ–પરભાતિ.**

હું તો પ્રભુ વારિશું તુમ મુખની, હું તો જિન બલિહારી
તુમ મુખની

સમતા અમૃતમય સુપ્રસનની ત્રેય નહી રાગ રૂખની. હું૦ ૧

ભ્રમર અધર શિસ ધ્યનુહર કસલદલ, કીરહીર પુન્યયશ શીની
શોભા તુચ્છ પ્રભુ દેખત યાકી, કાયર હાથે જિમ અસીની હું૦ ૨

મન મોહન તુમ સનમુખ નિરખત, આંખન તૃપ્તિ અમ્હચિં
મોહ તિમિર રવિ હરખ ચંદ્ર છબી, મૂરત એ ઊપશચિં હું૦ ૩

મનનિ ચિન્તા મટિ પ્રભુ ધ્યાવત, મુખ દેખતાં તુમ જિનજી
ઈંદ્રિ તૃષ્ણાં ગઈ જીનેશ્વર સેવતાં, ગુણગાતાં વચનની હુ૦ ૪

મીન ચકોર મોર મતંગજ, જલશશી ઘનની મનથી
તિમમાં પ્રતિ સાહિબ સુરતથી ઓરન ચાહુ મનથી. હુ૦ ૫

જ્ઞાનાનંદન જાયા નંદન આશ દાસનીયતની
દેવચંદ્ર સેવનમેં અહનિશ, રમજયો પરણતી ચિતજી. હુ૦૬

## ૨૧ શુધમતિ જિનસ્તવન.

**( શ્રી જિન પ્રતિમાહો જિન સરખિકૃતિ–એ દેશી )**

શ્રી શુદ્ધમતિ હો જિનવર પૂરવોં, એહ મનોરથ માળ
સેવક જાણી હો મહિરબાની કરી, ભવસંકટથી ટાળ. શ્રી૦૧

પતિત ઉદ્ધારણ હો તારણ વત્સલુ, કર આપણાયત એહ,
નિત્ય નિરાગી હો નિસ્પૃહ જ્ઞાનના શુધ્ધ અવસ્થા દેહ. શ્રી૦૨
પરમાનંદિહો તું પરમાતમા, અવિનાશી તુજરીત
એ ગુણ જાણી હો તુમ વાણી થકી, ઠહરાણી મુજ પ્રીત શ્રી૦૩
શુધ્ધ સ્વરૂપી હો જ્ઞાના નંદની, આવ્યા બાધ્ધસ્વરૂપ,
ભવજલ નિધિ હો તારક જિનેશ્વરૂ, પરમ મહોદય ભૂપ. શ્રી૦૪
નિરમય નિસંગી હો નિરભય અવિકારતા, નિરમલ સહજ સમૃદ્ધિ
અષ્ટ કરમ હો વન દાહથી, પ્રગટી અન્વય રિદ્ધિ શ્રી૦૫
આજ અનાદિની હો અનંત અક્ષતા, અક્ષર અનક્ષ રૂપ,
અચલ અકલ હો અમલ અગમનું ચિદાનંદ ચિદ્રુપ. શ્રી૦૬
અનંત જ્ઞાની હો અનંત દર્શની, અનાકારી અવિરૂદ્ધ
લોક લોકહો જ્ઞાન સુહંકરૂ અનાહારી સ્વયંબુદ્ધ. શ્રી૦૭
જે નિજ પાસે હો તેસ્યું માગીએ, દેવચંદ્ર જીનરાજ
તો પણ મુજને હો શિવપુર શાધતાં, હો જયો સદા સહાય શ્રી૦૮

( ઇતિ દેવચંદ્રજી કૃત અતીત ચોવીશી )

## સમાપ્ત

# પરચુર્ણ ચોવિસી.

## શ્રી રૂષભદેવ જિન સ્તવન.

( રાગ–મારૂ, કર્મ પરિક્ષા કરન કુમર ચલ્યો રે–એ દેશી. )

રૂષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત;
રીઝયો સાહિબ સંગ પારહરે રે, ભાંગે સાદિ અનંત. (રૂ.૧)
પ્રીત સગાઇ રે જગમાં સહુ કરે રે, પ્રીત સગાઇ ન કોય;
પ્રીત સગાઇ રે નિરૂપાધિક કહી રે, સોપાધિક ધન ખોય. (રૂ.૨)
કોઈ કંત કારણ કાષ્ટ ભક્ષણ કરે રે, મિલશું કંતને ધ્યાય;
એ મેલો નવિ કહીયે સંભવે રે, મેલો ઠામ ન ઠાય. (રૂ.૩)
કોઇ પતિ રંજન અતિ ઘણો તપ કરે રે, પતિ રંજન તન તાપ;
એ પતિ રંજનમેં નવિ ચિત ધર્યું રે, રંજન ધાતુ મેલાય. (રૂ.૪)
કોઈ કહે લીલા રે અલખ અલખ તણી રે, લખ પુરે મન આસ;
દોષ રહિતને લીલા નવિ ઘટે રે, લીલા દોષ વિલાસ. (રૂ.૫)
ચિત્ત પ્રસન્ને રે પૂજન ફલ કહ્યું રે, પુજ અખંડિત એહ;
કપટ રહિત થઇ આતમ અરપણા રે, આનંદઘન પદ રેહ. (રૂ.૬)

## શ્રી અજીતનાથ જિન સ્તવન.

(રાગ–આસાઉરી, મારૂં મન મોહ્યું રે શ્રી વિમલાચલેરે–એ દેશી.)

પંથડો નિહાળું રે બીજા જિન તણો રે, અજિત અજિત ગુણધામ;
જે તેં જીત્યા રે તિણે હું જીતિયો રે, પુરૂ કિસું મુજ નામ. પં. ૧

ચરમ નયણુ કરિ મારગ જોવતાં રે, ભુલો સયલ સંસાર;
જેણે નયણે કરિ મારગ જોઈયે રે, નયણુ તે દિવ્ય વિચાર. પં.૨
પુરૂષ પરંપર અનુભવ જોવંતા રે, અંધો અંધ પુલાય;
વસ્તુ વિચારે રે જો આગમ કરી રે, ચરણુ ધરણુ નહી ઠાય. પં.૩
તર્ક વિચારે રે વાદ પરંપરારે, પાર ન પહોંચે કોય;
અભિમત વસ્તુ રે વસ્તુ ગતે કહે રે, તે વિરલા જગ જોય. પં.૪
વસ્તુ વિચારે રે દિવ્ય નયણુ તણો રે, વિરહ પડયો નિરધાર;
તરતમ જોગે રે તર તમ વાસના રે, વાસિત બોધ આધાર. પં.૫
કાલ લબધિ લહી પંથ નિહાળશું રે, એ આશા અવલંબ;
એ જન જીવેરે જિનજી જાણુજ્યો રે, આનંદઘન મત અંબ. પં.૬

## ૩ શ્રી સંભવ જિન સ્તવન.

( મન મધુકર મોહી રહ્યો રે—એ દેશી. )

સંભવ જિનવર વિનતી, અવધારો ગુણુ ગ્યાતા રે;
ખામી નહિં મુજ ખિજમતે, કહિય હોસ્યો ફલ દાતા રે. સં.૧
કર જોડી ઉભો રહું, રાત દિવસ તુમ ધ્યાને રે;
જો મનમાં આણો નહિ, તો શું કહીયે છાને રે. સં. ૨
ખોટ ખજાને કો નહી, દીજે વંછીત દાનો રે;
કરૂણા નિજ રે પ્રભુ તણી, વાધે સેવક વાનો રે. સં. ૩
કાલ લબધ નહી મતિ ગણો, ભાવ લબધ તુજ હાથે રે;
લડથડતું પણ ગજ બચ્ચું, ગાજે ગજવર સાથે રે. સં. ૪

દેસ્યો તો તુમહી ભલા, બીજે તો નવિ યાચું રે;
વાચક જસ કહે સાંઈસું, ફલસ્યે એમ ન સાચું રે. સં. ૫

## ૪ શ્રી અભિનંદન જિન સ્તવન.

(સુણ્યો પ્રભુ—એ દેશી.)

દીઠી હો પ્રભુ દીઠી જગગુરૂ તુઝ, સુરતિ હો પ્રભુ સુરત મોહન
વેલડીજી;
મીઠી હો પ્રભુ મીઠી તાહરી વાણી, લાગે હો પ્રભુ લાગે જેસી
સેલડીજી. ૧
જાણું હો પ્રભુ જાણું જનમ કયથ્થ, જોઉં હો પ્રભુ જોઉં તુમ
સાથે મિલ્યોજી;
સુરમણીમે પ્રભુ સુરમણી પામ્યો હથ્થ, અંગળ હો પ્રભુ અંગળ
મુજ સુરતરૂ ફલ્યોજી. ૨
જાગ્યા હો પ્રભુ જાગ્યા પુણ્ય અંકુર, માંગ્યા હો પ્રભુ મોહ
માગ્યા પાસા ઢલ્યાજી;
વુઠા હો પ્રભુ વુઠા અમીયે મેહ, નાઠા હો પ્રભુ નાઠા અશુભ
શુભ દિન વલ્યાજી. ૩
ભૂખ્યા હો પ્રભુ ભૂખ્યા મિલ્યા ઘૃતપુર, તરસ્યાં હો પ્રભુ તરસ્યાં
દિવ્ય ઉદક મિલ્યાંજી;
થાક્યાં હો પ્રભુ થાક્યાં મિલ્યા સુખપાલ, ચાહતાં હો પ્રભુ
ચાહતાં સજ્જન હેજે હલ્યાજી. ૪

દીવો હો પ્રભુ દીવો નિસાવન ગેહ, શાષી હો પ્રભુ શાષી થલે
જલનૈ મિલિજી;
કલિયુગે હો પ્રભુ કલિયુગે દુલહો મુઝ, દરિસણ હો પ્રભુ દરિસણ
લહ્યું આશા ફલીજી. ૫
વાચક હો પ્રભુ વાચક જસ તુમ દાસ, વીનવે હો પ્રભુ વીનવે
અભિનંદન સુણોજી;
કહીયે હો પ્રભુ કહીયે મ દેસ્યો છેહ, દેયો હો પ્રભુ દેયો સુખ
દરિસણ તણોજી. ૬

## ૫ શ્રી સુમતિ જિનસ્તવન.

### (મોલીદારે હંસા—એ દેશી.)

નયરી અયોધ્યા રે માતા મંગલા, મેઘ પિતા જસ ધીર;
લંછન ક્રૌંચ કરે પદ સેવના, સોવન વાન શરીર. મુ. ૧
મુઝ મન મોહ્યું રે સુમતિ જિણેસર, ન રૂચે કો પર દેવ;
ખિણ ખિણ સમરૂં રે, ગુણ પ્રભુજી તણા, એ મુજ લાગીરે ટેવ. મુ. ૨
ત્રણસેં ધનુતનુ આયુધ રે પ્રભુ, પૂરવ લાખ ચ્યાલીસ;
સહઠ સહસસ્યું દિક્ષા આદરી, વિચરે શ્રી જગદીસ. મુ. ૩
સમેતશિખર ગિરિ શિવ પદવી લહી, ત્રિણ લાખ વીસહજાર;
વાણીવર ત્રણ લખ પ્રભુની સંયતી, ત્રીસસહસ વલી સાર. મુ. ૪
વનસન દેવી મહાકાલી ભલી, સેવે તુંબરૂ યક્ષ,
નયવિજય બુધ સેવક ભણે, હોયો મુઝ તઝ પક્ષ. મુ૦ ૫

## ૬ શ્રી પદ્મ પ્રભુજિન સ્તવન

( રાગ મલ્હાર )

પદ્મ પ્રભુની સેવા કરતાં, લહીયે સુખની કોડીરે લાલ,
પુત્રકલત્ર પરિવાર વિરાજે, અવહઠ બંધન જોડિરેલાલ. પ૦૧
રોગ વિયોગ સયલ ભય નાસે, અંગે ન આવે ખોડિરેલાલ,
માત સુસીમા નંદન નમતાં, સંપદ આવે દોડિરેલાલ. પ૦૨
સુણુરે પ્રાણી હિતુઇ વાણી, કર્મ તણા મદમોડિરે લાલ,
વિનય કરે ઘરભુધરકુંઅર, સેવો એ કરજોડિરે લાલ. પ૦૩

## ૭ શ્રી સુપાસ સ્વામી જિનસ્તવન

( ઢાલ પનાની )

જીરે મ્હારે સમરૂ સ્વામિ સુપાસ, પૃથ્વી માતા કુખેજોયોરે જીરે
જીરે મ્હારે પઇઠનરે સરકુલતિલો, મુગતિ વધુયે સહુંવર્યો જીરે
જી૦ ૧

સોભાગી સુખ સાગર પ્રભુ અસિના આવાસ હોરેજીરેજી,
સુર નર કિન્નર સુંદરી, હરખે ગાયે રાસડોરે જીરેજી. જીરેજી
દરિસણ પ્રભુનું દેખતાં, નયણાં અમિયે આંજિયેરે જીરેજી,
કીર્ત્તીવિજય વાચક તણા, વિનય તણું મન રંજીયેરેજીરેજી

## ૮ શ્રી ચંદ્રપ્રભુ જિનસ્તવન

( નંદ સલુણાનંદનારેલો–દેશી )

શ્રી સુંદર ચંદ્રપ્રભુરે લો, તું ધ્યાતા જગનો વિભુરે લો,
તિણેહું ઓલગે આવિઓરે લો, તુંમે પણ મુજને મયાકરિરેલો ૧

દિધી ચરણની ચાકરીરેલો, હું સેવું હરખે કરિરેલો,
સાહિબ સાહમું નીહાલજ્યોરેલો, ભવ સમુદ્રથી તારજ્યોરેલો ૨

અગણિત ગુણ ગણવાતણોરેલો, મુજ મન હોંસ ધરે ઘણીરે લો
જિસનભન્તે પામ્યા પખીરેલો, દાખે બાળક કરથી લખીરેલો ૩

જો જિન તું છે પાસરોરેલો, કરમ તણો સ્યો આશરોરેલો.
જો તુંમે રાખસો ગોદમાંરેલો, તો કિસ જાસું નિગોદમાંરે લો ૪

જબ તાહરી કરૂણા થઇરેલો, કુમતિ કુગતિ દુરે ગઇરેલો,
અધ્યાતમ રવી ઉગીયોરેલો, પાપ તિમિર કિહાંપૂગીઓરેલો ૫

તુજ મુરતિ માયા જિસિરેલો, ઉર્વશિ થઇ ઉઅરે વસીરેલો,
દુખે પ્રભુ ટાલોએક ઘડિરે લો જિનવરવાહલ છાંહડીરે લો ૬

તાહરી ભક્તિ ભલી બનીરે લો, જિમ ઓષધી સંજીવનીરેલો,
તનમન આણંદ ઉપરનોરે લો, કહે મોહન કવિ રૂપનોરેલો ૭

# ૯ શ્રી સુવિધિ જિનસ્તવન

[મોતીડાની દેશી]

અરજ સૂણો એક સૂવિદ્ધિ જિણેસર, પરમ કૃપાનીધી તુમે પરમેસર,
સાહબાસૂ ધ્યાનિજોવો તો, વાત છે માન્યાની, આંકણી
કહેવાઓ પંચમ ચરણના ધારી, કીમ આદરી અશ્વની અસ્વારો સા૦ ૧

છો ત્યાગી શિવવાસ વસો છો, દસરથ સુત રથે કીમ બેસોછો સા૦
આંગી પ્રમુખ પરિગ્રહમાં પડશો હરિહર દિકને કીણ વીધ ન હસ્યો. સા૦ ૨

ધુરથી સકલ સંસાર નિવાર્યો, કિમ ફરિદેવ દ્રવ્યાદિક ધાર્યો સા૦
તજી સંજમને થાસ્યો ગૃહવાસી કુળ આશાતના તજશે ચોરાશી સા૦ ૩

સમકીત મીથ્યા મનમે નિરંતર, ઇમ કીમ ભાંજસે પ્રભુજી અંતર સા૦
લોકતો દેખસે તેહવું કહેસ્યે, ઇમજિનતા તુમકિણવીધરહસ્યે. સા૦ ૪

પણ હવે શાસ્ત્રગતે મતી પોહોંચી, તેહથી મેં જોયું ઉંડુ આલોચી, સા૦
ઇમ કીધે તુ પ્રભુતાઇ ન ઘટે, સાંહમું ઇમ અનુભવ ગુણ પ્રગટે. સા૦ ૫

હય ગય યદ્યાપિનુ આરોપાએ,તોપણુ સીધપણું ન લોપાએ. સા૦
જિમ મુગટાદિક ભૂષણુ કહેવાએ, પણુ કંચનની કંચનતા
ન જાએ. સા૦ ૬

ભક્તની કરણી દોસ ન તુમને, અઘટીત કહેવું તે અમને, સા૦
લોપાએ નહિ તુ કોઈથી સ્વામી, મોહનવિજય કહે સીર
નામી. સા૦ ૭

## ૧૦ શ્રી શિતલજિન સ્તવન.

### ( એડલે ભાર ઘણો છે રાજ—એ દેશી )

નંદાનંદન પાપનીકંદન, શીતલ શીતલ વાણી;
બલિહારી છઉં મોહન તાહરી, ભાવ ભગતિ ચિત આણી. મિ૦૧
મિઠુડા મુજ લાગો છો રાજ, તુંમ સેવામાં રહેસ્યૂં ;
આંતે ખિજમતિ કરતા ખાસી, જે કહિસ્યાં તે સહેસ્યું. મિ૦૨
મહિમા સાગર દેવ દયાગર, રાજ રૂચો છો અમને ;
વિકટી દુરે કરસ્યો તોહિ; છોડી સ્યું નહિ તૂમને. મિ૦૩
દિલ રંજન ખિણુ દિલમાં આવો, દુર રહો છો હટકી;
નાચત રસ ભરિ લાજ વિરાજે, કહો કિણુપરે ઘૂઘંટકી મિ૦૪
આલ્યમ રૂપ થકી તું ન્યારો, માલ્યમ ભવ સાગરનો;
કાલિમ રહિત મહિ તનૂં નાયક, જાલિમ મુગતિ નગરનો. મિ૦૫
છેદે દુરીત ભવભય ભેદો, તુઝ કરૂણાના અંસ;
પ્રેમ સરોવરમાં ઈમ ઝીલે, કાંતિ ધવલ ગુણુ હંસ. મિ૦૬

## ૧૧ શ્રી શ્રેયાંસજિન સ્તવન.

(ગઢડામે ઝુલે સહિયાં હાર્થાણુ—એ દેશી.)

મનડું તે સહિયાં મોરૂ મોહિયૂં, દેખીને જિનવર શ્રી શ્રેયાંસ;
મ્હારે આંગણે એહિસહિયાં આંબો મોરિએ, (આંકણી)
ભાવઠ ભાગી સહિયાં મોરડી, પ્રગટયાં છે પુન્યેના રૂડા અંશ. મ્હા૦૧
દૂધે તે વૂઠા સહિયાં મેહુલા; ફુલી છે આંગણે મોહનવેલ. મ્હા૦
અમિયે સ્યું ચીંચ્યા સહિયાં નયણુલાં, વધતિ છે અમચે ઘર
રંગ રેલ. મ્હા૦૨
સાચોએ સાહિબ સહિયાં સેવતાં, મનડાના દેસ્યે રૂડા કોડ. મ્હા૦
જોતાં ન દિસ્યે સહિયાં એહવો, બીજો નહિ જગમાં એહની
જોડ, મ્હા૦૩
રાણી શ્રી વિશ્નુ સહિયાં જનમિઓ, રાજા શ્રી વિશ્નુતણો
કૂલ ભાણુ, મ્હા૦
લંછન તે ખડગી સહિયાં જેહને,વાલો તે જીનવરનો ભાણુ, મ્હા૦૪
લાગી હે સહિયાં પૂરણ પ્રીતડી, મુખડાથી તે તો ન કહેવાય; મ્હા૦
રંગહે સહિયાં જિનને વાંદતાં,પ્રેમે હે કાંતિવિજય સુખથાય, મ્હા૦૫

## ૧૨ શ્રી વાસુપૂજય જિનસ્તવન.

[ નંદ ગોવાલીયાની—એ દેશી. ] .

શ્રી વાસુપૂજ નરિંદના, નંદન જિન નયણાનંદ શ્રી જિનવાલહા,
પ્રણુકિમ આવું તુમ ઉલગે, મારે કુડો કુટુંબનો ફંદ
શ્રી જિનસાંભલો, ૧

કુમતી રમણી મોહનકંદની, મુઝ કેડ ન મુકે તેહ શ્રી જિનવાલહા,
મીત્ર મલ્યો તે લોભીયો, લાગો તેહસું બહુ નેહ,
શ્રી જિનસાંભલો, ૨
ત્રેવીસ મલ્યા ધુતારડા, તેહનાવલી નવ નવા રંગ, શ્રી જિનવાલહા,
અહનિશ તેને હું ભોલવ્યો, ન ધર્યો પ્રભુ સાથે રંગ. શ્રી૦ ૩
પ્રભુ દરસણ તરસે ઘણું, જિન મુજ મનડું દીનરાત, શ્રી૦
પણ પંજર આડા રહે, જે નીચ ઘણુ કમ જાત. શ્રી૦ ૪
કુડો કલીયુગ આજનો, બહુ ગાડરીયો પરવાહ; શ્રી૦
તાહરૂ રૂપ ન ઓલખે, નહિ સુધ ધર્મની ચાહ, શ્રી૦ ૫
પ્રભુ દરિસણ વિણ જીવડા, કરતા દિસે વિવહાર, શ્રી૦
તેણે ભ્રમે ભુલા ઘણા, પ્રભુ દોહલો લોકાચાર. શ્રી૦ ૬
વરસ સીતેર લાખ આઉખું, તોરી સીતેર ધનુષ તનુસાર શ્રી૦
રામવિજેય કરજોડીને, કહે ઉતારો ભવ પાર. શ્રી૦ ૭

## ૧૩ શ્રી વિમલજિન સ્તવન.

( કુલાબાલી આબાલીયા સુ કરો—એ દેશી. )

જિન વિમલ વદન રલીયામણું, જાણે કનક કમલનો રાયરે,
વિમલજિણંદજી,
જિન અધર અમી રસ ભુમીનો, પ્રતિબિંબીત બિંબ સુહાયરે, વિ૦૧
જિન અનુરૂપની રેખમાં, નવી આવે સુરના ઈંદરે. વિ૦
જિન મુખ ટીકો નીકો બન્યો, માનું ઉગ્યો ઉજવલ ચંદરે વિ૦ ૨

જિમ દાડમ કલિ ઓપતિ, અતિ દિપે દાંતની ઓલરે, વિ૦
એ અરૂણ અધર છબિથી મલ્યા, માનુસુગતા ફલ સમતોલરે વિ૦ ૩
જિન અકલ અરૂપી રૂપ છે, પણ સકલ સરૂપી જાણુરે, વિ૦
જિન અગણીત ગુણના દોરથી, મન માંકડું બાંધ્યું તાણુરે વિ૦ ૪
જિન સીવસુખ દાયક સાંભલી, હું હરખ્યો હયડા માંહિરે, વિ૦
જિન એકતાતુઝસું કરી, જિમ ચંદ ચકોરિ થાયરે, વિ૦ ૫
પ્રભુ એવડી વિમાસણુ શું કરો, નહિ ખોટ ખજાને તુજરે વિ૦
એ નાપોતે સાહમું જૂઓ, તો વંછિત ફલસે મુઝરે, વિ૦ ૬
સુત કૃતવર્મા સ્યામાં તણો, સાઠ લાખ ધનુસ તનુ આયરે, વિ૦
શ્રી સુમંતી વિજે કવિ રાજનો, ચેંમ રામ વિજે ગુણ ગાયરે વિ૦ ૭

## ૧૪ શ્રી અનંતજિન સ્તવન.

( કડખાની આસ્થાઉરી મધ્યે—એ દેશી. )

શ્રી અનંત પ્રભો સંતરિદ્ધે વિભો, ગુણ અનંતા રહે ધ્યાનરૂપા,
અતિશયવંત મહંત જિનરાજીયા, વાજીયા પરિસહા સકલ રૂપા ૧
જ્ઞાન દર્શન સુખ સમકિતાખય થિતી, અરૂવિ અવગાહના
અક્ષય ભાવે,
વીર્ય અનંત એ અષ્ટ ઉપનું, આઠ કૃત કર્મકેરે અભાવે શ્રી. ૨
શ્યામનિજ ક્રુરતા ટાલવા તુમ પદે, લંછન મિસિ રહ્યા સેવમાંરે;
સહયતાસુ ભગતાદિક ગુણ તુમ તણી, સેવના પાવનાને આધારે શ્રી. ૩

સિંહસેનભૂપ સુજસા તણો નંદનો, ચૌદમો ચૌદ ભૂય ગામપાલે;
ચઉદ ગુણઠાણે સોપાન ચઢી નિજ ગુણ, આવતા આપમાંહિં
સંભાલે, શ્રી. ૪
અનંતજિન સેવથી અનંત જિનવરતણી, ભક્તિની વક્ત નિજ
શક્તિ સારૂં;
ન્યાયસાગર કહે અવનીતલે જોયતાં, એહ સમ અવર નહી
કોય તારૂં. શ્રી. ૫

## ૧૫ શ્રી ધર્મજિન સ્તવન.

( બેહલે ભાર ઘણો છે રાજ, વાતાં કેમ કરો છો—એ દેશી )

ધર્મ જિનેસર ધર્મ તુમારો, જગજનને દિપાવે,
દર્શન જ્ઞાન ચરિત્ર તપ ચઉવિધ, એ વિનું અવર દિલ નાવે,
જિનજી થેછો મોટા જગજનને ઉપગારી. જિ૦ ૧
તોરા પાય નમું હું આજ, જાઉં મેં બલિહારી ( આંકણી )
કુમતિ પડતાં પ્રાણી રાખે, ધર્મ અર્થ તે સાચો,
નામધર્મ પરિણામ કલુષિત, તે પામી મત રાચો. જિ૦ ૨
સુવ્રતાનંદન સુવ્રત ધર્મે, વરતે તે તો ચુગતું,
ભાનુભૂપ સુત કર્મ તમ ત્રાસે, એ પણ પદ તુમ લગતું.-જિ.૩
ભવ ભય ભ્રમણ કદાપિ ન હોવે, ધર્મ શરણ જો રાખે
ઈંદ્ર સદા ચેવામિસિ લંછન, વજ્રતણું તિણે હાખે,— જિ. ૪
પનરે ભેદે સિદ્ધ દેખાવે, પન્નરમો જિન દીપે,
ન્યાય સાગર કહે ધર્મ પસાયે, સકલ વિઘનને જીપે,-જિ. ૫

## ૧૬ શ્રી શાંતિજિન સ્તવન.

( થરિ આવોજી આંબો મોરીઓ—એ દેશી )

શ્રી શાંતિ જીનેશ્વર સાહિબા, તુઝ નાઠે કિમ છુટાસ્યે
મેં લીધી કેડજ તાહરી, તેહ પ્રસન થયે મૂકાસ્યે— શ્રી ૧

તૂં વીતરાગપણું દાખવી, ભોલા જનને ભૂલાવે
જાણીને કીધી પ્રતિગન્યા, તેહથી કહો કુણ ડોલાવે— શ્રી. ૨

કોઇ કોઇને કેડે મત પડો, કેડ પડયા આણે લાજ
નીરાગી પ્રભુ પણ ખિંચીયો, ભકતે કરી મેં સાતરાજ—શ્રી. ૩

મનમાંહી આંણી વાસીયો, હવે કિમ નિસરવા દેવાય
જો ભેદ રહિત મૂઝસ્યું મિલે, તો પલકમાંહિ છુટાય—શ્રી. ૪

કબજે આવ્યા કિમ છુટસ્યો, દીધઃ વિણ ગુણ કૃપાલ
તો સ્યું હઠવાદ લેઇ રહ્યા, કહે માન કરો ખુસીયાલ–શ્રી. ૫

## ૧૭ શ્રી કુંથુજિન સ્તવન.

લલના–એ દેશી.

કરૂણા કુંથુજિણંદની, ત્રિભુવન મંડલ માંહિ લલના.
પરમેસર પંચ કલ્યાણકે, પ્રગટ ઉદ્યોત ઉછાહ, લલના ક૦ ૧

સૂરસૂત તન ખટકાયને, રાખે અચરિજ રૂપ, લલના,
ભાવ અહિંસક ગુણ તણો, એ વ્યવહાર અનુપ, લલના ક૦ ૨

હાયે દુષ્ટ વ્યંતર થકી, છાગરહ્યો પણ આય લલના,
પરમ કૃપાળુ પ્રભુ મિલે, કહોકિમ અલગો થાય લલના. ક૦ ૩
શાંત અનુમત વય તણો, લોકોત્તર આચાર. લલના,
ઉદયિક પણ અરિહંતનો, ન ધરે વિષય વિકાર લલના ક૦ ૪
અસંખ પ્રદેશે પરિણમે, અવ્યાબાધ અનંત લલના,
ચાનગી અવની મંડલે, વિહરે ઇતિ સમતંત લલના, ક૦ ૫
જગ જંતુ જિનવર તણે, શરણે સિદ્ધિ લહંત, લલના,
ક્ષમાવિજય જિન દેશના, જલધર દેવરસંત. લલના, ક૦ ૬

## ૧૮શ્રી અરજિન સ્તવન.

### મ્હેંતોન્થારા રહિસ્યાંજી–એ દેશી

મ્હેં તો આળ વહેસ્યાંજી, મ્હારારે સાહિબરી મ્હેં તો
આળ વહેસ્યાંજી. આંકણી

આળ વહેસ્યાં ભકિત કરે સ્યાં,, રહસ્યાં ચરણ હજૂર
અરજિન આગળ અરજ કરતાં. લહસ્યાં સુખ મહમૂર. મ્હેં. ૧
એકને છંડી બેને ખંડી, તિણસ્યું તોડી નેહ,
ચ્યાર જણા શિર ચોટ કરે સ્યું પણ નો આણી છેહ. મ્હે૦ ૨
છ સત અડ નવ દશને ટાલી, અજુ આલી અગીયાર,
બાર જણાને આદર કરિસ્યું, તેરનો કરી પરિહાર. મ્હે૦ ૩

પણ અડ નવ દશ સત્તર પાલી, સતાવીશ ધરી સાથ,
પચવીસ જણસ્યું પ્રીતિકરે સ્યું, ચ્યારચતુર કરી હાથ. મ્હેં૦ ૪
બત્રીસ તેત્રીસને ચોરાસી, ઓગણીસ દુરનીવારી,
અડતાલીસનો સંગ તજેસ્યું, એઠાવન દીલ ધારી. મ્હેં૦ ૫
વીસ આરાધી બાવીસ બાંધી, ત્રેવીસનો કરી ત્યાગ,
ચોવીસ જિનના ચરણ નમીને, પામસ્યું ભવજલ નાગ મ્હેં૦ ૬
ધ્યાતા ધ્યેયને ધ્યાન સરૂપે, તન મન તાન લગાય,
ક્ષમા વિજય કવિ પદકજ મધુકર,સેવક જિન ગુણગાય. મ્હેં૦૭

## ૧૯ શ્રી મલ્લિનાથ જિન સ્તવન.

( દેશી—જીહોની. )

જીહો મલ્લી જિનેસર મનહરૂ, લાલા અંતર એહ વિચાર
જીહો કોડી સહસ વરસા તણો, લાલા અરમલ્લિ વિચેધાર— ૧
જીનેસર તૂં મુજ તારણહાર, જીહો જગત જંતુ હિતકાર
જીહો ફાગણ સુદી ચોથે ચવ્યા, લાલા જનમ દીક્ષા ને રે નાણ
જીહો માગસર શુદી એકાદશી, લાલા એકજ તિથિ ગુણખાણ જી૦
જીહો વરસ પંચાવન સહસનું, લાલા ભોગવી આયુ શ્રીકાર
જીહો ફાગણ શુદી બારસદિને, લાલા વરીયા શિવ વધુસાર જી૦૨
જીહો નીલ વરણ તનૂં જે હતું, લાલા ચોત્રીસ આતશય ધાર
જીહો પણ વીસ ધનુષ કાયા કહી, લાલા વર્જિંત દોષ અઢાર જી૦

જીહો ચોસઠ ઈંદ્ર સેવા કરે, લાલા જીન ઉતમ નિત મેવ
જીહો મુજ સેવક કરી લેખવો, લાલા પદ્મવિજય કહે દેવ—જી૦ ૩

## ૨૦ મુનિસુવ્રત જિન સ્તવન.

[ આવ્યા આમ પધારો પૂજ્ય અમઘર વહેરણ વેલા—એ દેશી ]

મુનિસુવ્રત જિન મહેર કરીને, સેવક સન મુખ દેખો
ચોપન લાખ વરસનું અંતર, મલ્લિજીણંદથી પરખો. ૧
ભવિજન ભાવ ધરીને, એહ અતિ આદર કરી પૂજો
શ્રાવણ સુદી પુનમ પ્રભુ ચવીયા, જનમ આઠમ જેઠ વદિ
વીસ ધનુષની વિરાજે, રૂપતણી હુયે હદિ. ૨
ફાગુણ સુદી બારસ દિન દિક્ષા, સામલ વરણો સોહે
ફાગુણવદિ બારસ દિને પ્રભુજી, ક્ષપકશ્રેણી આરોહે. ૩
લહે જ્ઞાનને દીધી દેશના, ભવિજનને ઉપગારે
ત્રીસ હજાર વરસ ભોગવીઉં, આયુ શુદ્ધ પ્રકારે. ૪
આયુ જેઠ વદિ નવમિંયે વરીયા, જીન ઊતમ વરસિદ્ધિ
પદ્મવીજય કહે પરગટ કીધી, આપ અનંતી રિદ્ધિ. ૫

## ૨૧ શ્રી નમિનાથ જિનસ્તવન.

( રંગીલે આતમા—એ દેશી. )

નેહ કરો નમિનાથસ્યું, જે છે ચતુર સુજાણ સુરંગા;
સાહિબ અર્થ સરેસ્યે તેહથી, નિર્ગુણ નહિ ગુણ જાણસુ૦ ૧

રાગી દ્વેષી દેવતા, તે કિમ આવે જોડ. સુ૦
એ તો દેવનો દેવ છે, વીતરાગ ગુણ કેણુ. સુ૦ ૨

કિહાં સાયર કિહાં છીલરૂ, કિહાં દિનકર ખદ્યોત— સુ૦
કિહાં ઘ્રત પૂરને કુસકા, કિહાં મૃગપતિ મૃગ પોત—સુ૦ ૩

કિહાં તારાપતિ તારીકા, કિહાં ચિંતામણી કાચ— સુ૦
કિહાં ચંદન કિહાં આકડો, કિહાં કંકર કિહાં પાંચ—સુ૦ ૪

જ્ઞાનવિમલ ગુણ સંપદા, સંસ્તુત એ ભગવાન— સુ૦
અવર કહો કિમ દેવતા, આવે એહ ઉપમાન— સુ૦ ૫

## ૨૨ શ્રી નેમીનાથ જિન સ્તવન.

[ આધા આમ પધારો પૂજ્ય—એ દેશી. ]

નેમિ નિરંજન નાથ હમારો, અંજન વર્ણ શરીર
પણ અજ્ઞાન તિમીરને ટાલે, જીત્યો મત મથવીર— પ્ર ૧

પ્રણમો પ્રેમ ધરીને પાય, પામો પરમાનંદા
યદુકુળ ચંદારાય માત શિવાદેવી નંદા— આંકણી.

રાજીમતિ સ્યું પૂરવ ભવની, પ્રીત ભલી પરે પાલી
પાણી ગ્રહણ સંકેતે આવી, તોરણથી રથ વાળી— પ્ર ૨

અબળી સાથે નેહ ન જોડ્યો, તે પણ આપ કહાણી
જોડશો જિન પ્રીત થઈ તો, કિરતિ કોડ ગવાણી— પ્ર ૩

ચંદન પરિમલ જીમ જીમ ખીરે ઘૃત અંક રૂપ નવિ અલગા
ઈમજે પ્રીત નિવાસહિં અહનિસ,તે ઘનગુણ સુવિલગા ૪ પ્ર૦
ઈમ એકંગી જે નર કરસ્યે, તે ભવસાયર તરસ્યે
જ્ઞાન વિમલ લીલા તે ધરસ્યે શિવસુંદરી તસ વરસ્યે. ૫ પ્ર૦

## ૨૩ શ્રી પાર્શ્વજિન સ્તવન.

ધન ધન ધનની—એ દેશી.

વામા નન્દન શ્રી પાસ, મ્હારી સાંભલો તુમે અરદાસહો;
સાહિબ સસનેહા, અમે સેવક તુમારા તું મેરો સાહિબજી મારા
સુંદર પ્રભુ તુમરૂપ, જસ દીઠે હાર્યો રતિ ભૂપહો, સા૦
પ્રભુ મુખ વિધુત સમ દીસે, દેખી ભવીયણ નામ નરિ રોસે;
કમલ ફલ સમ તુમ નયણાં, અમૃતથી મીઠાં વયણાંહો. સા૦
તુમ અર્ધચંદ સમ ભાલ ભાનું અધર જીસ્યા પરવાલહો;
શાંતિ દાંતિ ગુણ ભરીયો, એતો અગણિત ગુણનો દરીયો
હો સા૦ ૪
સાચો શિવપુર સાથ પ્રભુ તુ છે અનાથનો નાથ હો
એતો ભજન કરવા તાહરૂં પ્રભુ ઊલસ્યું છે મન માહરૂં—સા૦
એતો પ્રેમ વિબુધનો શીશ, ભાણુવિજય નમે નિશદિસહો સા૦ ૫

## ૨૪ શ્રી મહાવીર સ્વામી જિનસ્તવન.

આણુંદમય નિરૂપમ ચોવિસમો, પરમેશ્વર પદ નિરખ્યોરે;
પરમેશ્વર પદ જેહને છાજે, અંતર ચિત ધિમે પરખ્યોરે. આ૦ ૧
ધારક છે દેવ શબ્દ ઘણેરા, પિણ દેવત્વ તેં ન ધરેરે
જેમ કનક કહીએ ધંતુરને, હેમની ગત તે ન સરેરે. આ૦ ૨
જે નર તુમ ગુણ ગુણથી રસીયા, તે કિમ અવરને સેવેરે;
માલતી કુસમેથી ગાજે મધુકર, અવર સુરભી ન લેવેરે. આ૦ ૩
ચિત પ્રસને જિનજીની ભજના, સજ્જન કહો કિમ ચૂકેરેઃ
ઘર આંગણ ગંગા પાંમીને, કુંણ ઉવેખીને મુંકેરે.. આ૦ ૪
ધ્યેય સ્વરૂપે ધ્યાય તમનેજે, મન વચ કાય આરાધેરે;
પ્રેમ વિબુધ ભાણ પભણે, તે નર વર્ધમાન સુખ સાધેરે આ૦ ૫

## ઇતિ પચૂંર્ણ ચોવિસી.

## સમાપ્ત.

# પરચુરણ ચોવિસી. ૨

## ૧ શ્રી આદિજિન સ્તવન.

( રાગ—ભૈરૂં. )

ઉઠત પ્રભાત નામ, જિનજીકો ગાઈયેં;
નાભિજીકે નંદકે, ચરન ચિત લાઈયેં,
આનંદકે કંદભકે, પૂજિત સુરિંદવૃંદ;
ઐસો જિનરાજ છોડ, ઓરકું ન ધ્યાઈયેં. ઉ૦ ૧

જનમ અજોદ્ધા ઠામ, માતા મરૂદેવા નામ;
લંછન વૃષભ જાકે ચરન સુહાઈયે; ઉ૦

પાંચસેં ધનુષ માન, દીપત કનકવાન;
ચોરાશી પૂરવ લાખ, આયુસ્થિતિ પાઈયેં. ઉ૦ ૨

આદિનાથ આદિદેવ, સુર નર સારે સેવ;
દેવનકેદેવ પ્રભુ, શિવસુખદાઈયે. ઉ૦

પ્રભુકે પાદારવૃંદ, પૂજત હુરખચંદ;
મેટો દુખદંદ સુખસંપતિ બઢાઈયેં. ઉ૦ ૩

## ૨ અજિતનાથ જિન સ્તવન.

( રાગ—ગુજરી. )

અજિતજિનકો ધ્યાન, કર મન અજિતજિનકો ધ્યાન;
રિદ્ધિ સિદ્ધિ આનંદ મંગલ, હોત કોડ કલ્યાણ. ક૦ ૧

યાકી જનમનગરી નામ અજોધ્યા, પિતા જિતશત્રુ જાન;
માત વિજયાદેવી નંદન, કુલ ઇક્ષાંગ પ્રધાન. ક૦ ૨

ચારસેં પંચાસ ઉપર, ધનુષ જસુ તનુ માન;
લાખ બહુંતર પૂરવ આયુ, દેહ કંચનવાન. ૪૦ ૩
ગુન અનંત ઉદાર મહિમા, લંછન ગજ સુપ્રધાન;
હરખચંદ પ્રભુજીકે ગુનકોં, કહત નાવત ગ્યાન. ૪૦ ૪

## ૩ શ્રી સંભવનાથજિન સ્તવન.

( રાગ—આસાવરી. )

સાહિબ સેવીયેહો, સંભવનાથ જિનંદ;
સાવત્થિનગરી ભલીહો, પિતા જિતારિનરિંદ,
લંછન તુરંગમ દીપતો હો, રાની સેના માતાનંદ. સા૦૧
ઉંચપનો ધનુષ પાંચસેહો, મુખ શોભિત રાકાચંદ;
સાઠ લાખ પૂરવકી સ્થિતહો, દીપત દેહ દિનંદ. સા૦ ૨
જૈનધરમ પરકાસીયોહો, પ્રભુ મેટો ભવદુઃખદંદ;
હરખચંદ હરખે કરીહો, પ્રણમે પ્રભુ પદઅરવિંદ. સા૦ ૩

## ૪ શ્રી અભિનંદનજિન સ્તવન.

સિદ્ધારથાના સુતના પ્રેમે, પાય પૂજોરે,
દુનિયામાંહિ એહ સરિખો, દેવ ન દૂજોરે. સિ૦ ૧
મોહરાયની ફોજ દેખી, કાં તુમે ધ્રૂજોરે;
અભિનંદનને ઓઠે રહીને, જોરે ઝૂઝોરે. સિ૦ ૨
શરણાગતનો એ અધિકારિ, બૂઝો બૂઝોરે;
ઉદયપ્રભુશું મળી મનની, કરીયે [૨]ગુજોરે. સિ૦ ૩

## ૫ શ્રી સુમતિજિન સ્તવન.

સુમતિકારી સુમતિવારૂ, સુમતિ સેવોરે;
કુમતિનું જે મૂલ કાપે, દેવદેવોરે. સુ૦ ૧
ભવજંજીરના બંધ દે ભાગી, દેખતાં એવોરે;
દરસન તેહનું દેખવા મુહને, લાગી ટેવોરે. સુ૦ ૨
કોડિ સુમંગલકારી સુમંગલા–સુત એહવોરે;
ઉદય પ્રભુ એ મુજરો મ્હારો, માની લેવોરે. સુ૦ ૩

## ૬ શ્રી પદ્મપ્રભુ જિન સ્તવન.

( રાગ—આસાઉરિ દેવગંધાર )

પ્રભુજી તુમારી અકથ કહાની,
દાન વિના સબ જેર કીએહે, સુર નર જગકે પ્રાણી પ્ર૦ ૧
નિર અંબર સુંદર સહજેહી, બિનુ સંપતિ રજધાની;
ક્રોધ વિના સબ કર્મ વિનાસે, અપઠિત વડે વિનાની. પ્ર૦ ૨
રાગ વિના સબ જગતજન તારે, સુદ્ધ અક્ષર સુવાની;
ગુણવિલાસ પ્રભુપદમજિનેસર, કીજે આપ સમાની. પ્ર૦ ૩

## ૭ શ્રી સુપાર્શ્વજિન સ્તવન.

( રાગ-રામકલી )

પૂરિ મનોરથ સાહિબ મેરા, અહનિશિ સુમરનકરિહું તેરા. પુ૦૧
અંતરાયઅરિ કરિ રહ્યો ઘેરા, તાકો તતછીન કરહું નિવેરા. પુ૦૨

ભવવનમાંહે ભમ્યો બહું તેરા, પુન્ય સંજોગે લહ્યો તુમ ડેરા. પુ૦૩
ગુણવિલાસ પ્રભુ ટારો ફેરા, દીજે સુપાસજી પાસ બસેરા પુ૦૪

## ૮ શ્રી ચંદ્રપ્રભુજિન સ્તવન.

### (નંદનકું ત્રિસલા હુલરાવે—એ દેશી.)

શ્રીચંદ્રપ્રભ સાહિબ મેરા, શશીકર ઊજલ દેહરે;
ચંદ્રલંછન નિજ ચરણે શોભે, અડ માહાસિદ્ધિ ગેહરે. શ્રી૦ ૧

ચંદ્રાનના નગરીનો નાયક, મહસેન રાજાના જાતરે;
દશલખ પુરવ આયુ અનોપમ, લખમણા માત વિખ્યાતરે. શ્રી ૨

કાયા [૨]સારધશત ધનુ માને, ત્રાણુ ગણધર જાસરે;
વિજયાસુર ભ્રકુટી તસ દેવી, નવિ છંડે પ્રભુ પાસરે. શ્રી૦૩

સારધ દો લખ મુનિજન કહીયે, ગુણમણીગણભંડારરે;
ત્રીણ લખ સહસ અયસી ઝાઝેરી, સાહુણી પરિવારરે. શ્રી૦ ૪

અષ્ટદશ [૩]ગુરૂ દોષ નિવારણ, તારણ એ જિનરાજરે;
પ્રમોદસાગર પ્રભુ ચરણ પ્રસાદે, દુસ્મન દૂરે ભાજેરે. શ્રી૦ ૫

## ૯ શ્રી સુવિધિજિન સ્તવન.

### (ચંદનબાલા બારણેરે લોલ—એ દેશી.)

વિધિશું સુવિધજિણંદનીરે લોલ, સેવ કરૂં નિશદીશ મનમોહિઓરે.
આઠ કરમ દૂરે કરયાંરે લોલ; નામે સુર નર શીશ. મ૦ વિ૦ ૧

સુગ્રીવવંશ દિવાકરૂરે લોલ, રામા માત મલ્હાર; મ૦
પુરવ દોય લખ આઉખુંરે લોલ, પુષ્પદંત જયકાર. મ૦ વિ૦ ૨
કાકંદીપુરી જેહનીરે લોલ, લંછન મગર અનૂપ; મ૦
શતધનુ માને દેહડીરે લોલ, શોભે એક સુરૂપ. મ૦ વિ૦૩
સોહે દોય લખ સંજતીરે લોલ, અઠયાશી ગણુનાથ; મ૦
વીશસહસ એક લાખછેરે લોલ, સાહુણી પ્રભુ સાથ મ૦ વિ૦ ૪
અજિતાયક્ષ સુતારીકારે લોલ, પૂજે જિન પતિપાય; મ૦
પ્રમોદસાગર પ્રભુ ધ્યાનથીરે લોલ,સમકિત નિર્મલ થાય. મ૦વિ૦૫

## ૧૦ શ્રી શીતલજિન સ્તવન.

( રાગ મલ્હાર. )

આજ લગે ધરી અધિક જગીશ, સેવો શીતલ વિસવાવીશ;
જો કાંઈ કીધી હુવે બગસીસ, તો સંભારેજ્યો જગદીશ. ૧
અવસર કરીય હુસેં અરદાસ, તેં તો કાંઈ ન પૂરી આશ;
તો પણ તુજ ઉપર વિશ્વાસ, સેવકને આપો સાબાસ. ૨
જો તેં કો કાઢયો હુંવે કામ, તો તે દાખો લેઈ નામ;
હું તે સેવક તું તે સામ, કિતલાઇક દિન ચાલશે આમ ! ૩
જનમ લગેં નવ નવ અવદાત, ગાતાં વાળે મુજ દિનરાત;
તું કિમ નેહ ધરે તિણ માત, તતવેલા વાતાંરી વાત. ૪
બોલ ભલાઇ પણુ જિનરાજ, તેં મોસું ન કરી માહારાજ;
જો જાણો પોતાની લાજ, રાખી તો દ્યો અવિચળ રાજ. ૫

## ૧૧ શ્રી શ્રેયાંસજિન સ્તવન.

એક એક કનક ને બીજી કામિનિરે, દૂભર ઘાટિ દેખ;
મારગ ૨ ચાલતાં ચિત ન ઓહટેરે, ભેટે ભવિક અલેખ. ૧
ઓલગડી ૨ સોહેલી શ્રી શ્રેયાંસનીરે, જે કરિ જાણે કોય;
ઓલગતાં ૨ ઓલગણો પહુંચે ચાકરીરે, આપ સમો વડ હોય. ઓ૦ ૨
આઠ ૨ પહર હાજર રહેરે, ન ગણે સાંજ સવાર;
સેંમુખ ૨ નેં પરપૂંઠે સામિનીરે, કોઈ ન લોપે કાર. ઓ૦૩
આઠ ૨ અછે અરિઅણ અરિહંતનારે, ન કરે તાસ પરસંગ;
સાજણિયા ૨ સાહિબને વાલહારે, તિણશું રાખે રંગ. ઓ૦ ૪
નાથ ૨ અવર માચે કરતાં હુવેરે, બિહુ મામેં ભાણેજ;
શ્રી જિન ૨ રાજ ન બિહું ઘોડે ચડેરે, સાચો પ્રભુશું હેજ ઓ.૫

## ૧૨ શ્રી વાસુપૂજ્યજિન સ્તવન.

( મુને પ્યારોરે લાગે વીછુઓ—એ દેશી. )

સખી વાસુપૂજ્ય પ્રભુ બારમા, મનમોહન સાહિબ દેવરે,
સખી દેહી દીપે સુરસી, સુર કિંનર કરતા સેવરે. સ૦ ૧
સખી સીત્તેર ધનુ તનુ માન છે, લખ બહોતર વરસનું આયરે;
સખી વસુપૂજ્ય નામે નરપતિ,જસ રાણી જયાદેવી માયરે,સ૦ ૨

સખી મહિષ લંછન ચંપાધણી, જસ છાસઠ ગણધર સ્વામીરે;
સખી કોમાર ચંડા જક્ષણી, પ્રભુ આણધરે શિરનામીરે. સ૦ ૩
સખી સહસ બહોતર સંયતી, સુખકર શ્રી જિનરાજરે;
સખી એક લખ સુંદર સાધ્વી, અતિ સાધે આતમ કાજરે. શ૦ ૪
સખી હૃદયકમલમાં એહને, ધ્યાઇને હોયે સિદ્ધિરે;
સખી પ્રમોદસાગર પ્રભુ સેવથી, ઘેર પ્રગટે નવનિધિ રિદ્ધિરે.સ૦ ૫

## ૧૩ શ્રી વિમલજિન સ્તવન.

### ( રશીયાની-દેશી. )

વિમલ વિમલભાવે ભવિ પ્રણમીયે, વિમલ થયાં મુજ નયન કૃપાનિધી,
શ્રવણયુગલ માહરાં પાવન થયાં,નિસુણી પ્રભુજીનાં વયણ. કૃ.વિ૦૧
કોડિ કલ્યાણ કરી કપિલ પુરી, ભૂપ ભલો કૃતવર્મ; કૃ૦
શામારાણી જનની પ્રભુ કેરી, કરતી ધર્મના કર્મ. કૃ૦ વિ૦ ૨
સાઠ ધનુષ સરલી જસ દેહડી, સાઠ લાખ વરસનું આય. કૃ૦
સૂયર લંછન ચરણે બિરાજતું, પ્રગટતરવિસમકાય. કૃ૦ વિ૦ ૩
શ્રુતધર શત્તાવન ગણધર ભલા, મુનિવર અડસઠ સહસ; કૃ૦
અજ્જા એક લખ ઉપર આઠસેં; પામી સદ્દગતિવાસ. કૃ૦ વિ૦ ૪
ષણમુખયક્ષ અને વિજયાસુરી, પૂજે જિનના પાય; કૃ૦
અહનિશ ધ્યાન ધરે પ્રભુ તાહરૂં, પ્રમોદસાગર ગુણ ગાય. કૃ૦વિ૦૫

## ૧૪ શ્રી અંનતજિન સ્તવન.

### ( ધણીઆ ઢોલાની-એદેશી )

અનંત તીર્થંકર વીનતીરે, સેવકની અવધાર, મનના માન્યા,
દેવ અવર દીસે નહીરે, તારક જગદાધાર, મનના માન્યા,
મોરે દિલ ધરિ આવો હો મહારાજ, મોરે મન ધરિ
આવો હો મહારાજ,
મોરા જીવન પ્રાણ આધાર, મનના માન્યા. મ૦૧
ચાકરી ચોર હું તાહરોરે, તું ભગત વછ્છલ, પ્રતિપાલ, મ૦
તેહ ભગતિ દિલમાં વસી રે, આહરી સ્યે ન કરો સંભાળ. મ૦૨
કેનિવાજ્યા કે નિવાજસ્યોરે, કેતાં આપ્યા સિવરાજ, મ૦
માહરી વેલાએ વિમાસવું રે, એ ન ઘટે જિનરાજ. મ૦૩
માતા સુજ્યાનો નંદનોરે, સાચો સુરતરૂ કંદ, મ૦
મેરૂ વિજય શીષ્ય ઇમ કહે રે, એહ ગાતાં પરમ આનંદ મ૦૪

## ૧૫ શ્રી ધર્મનાથ જિનસ્તવન.

### ( આદિ જિણંદ મયા કરો એ દેશી )

ધર્મ સૂરતિ ધર્મનાથજી, વાત સુણો એક મોરી રે,
તું કલ્પદ્રુમ અવતર્યો, અનોપમ કરણી તોરીરે. ધર્મ૦૧
દો વિધ ધર્મ તે ભાખીઓ, તે દોય શિવપુર પંથરે,
તિહાં રાગ દ્વેષ દોય રાક્ષસા, વલિ ચોરજોર મન મથ રે. ધર્મ ૨

તુજ પસાય નર પામીયા, ભવ અટવીનો પારોરે,
નર સુરસંપદપદ ભોગવી, થયા સિવનગરી સિણગારો રે. ધમ ૩
જે તુજ આણા બાહિરા, તે નરક નિગોદ ભમંતો રે,
ક્રોધ લોભ મોહ કામના, દુખ અને સંહતોરે. ધર્મ૦ ૪
જે તુજ વાણી રાતડા, ધન ધન તે નર નારરે,
મેરૂવિજય ગુરૂ રાયનો, વિનીત વંછિત જયકાર રે. ધર્મ૦ ૫

## ૧૬ શ્રી શાંતિનાથ જિન સ્તવન.

( જ્વાળામુખીરે મા જાગતાંરે—એ દેશી. )

સકળ સુખકર સાહિબોરે, શ્રી શાંતિજિનરાય રે;
ભાવ સહિત ભવિ વંદવા રે, શ્રી૦ ઉલસિત તન મન થાય છે
રે. શ્રી૦ વદન અનોપમ રાજતો રે.— શ્રી૦ ૧
તે દીઠાં ભવદુઃખ જાય છે રે, શ્રી૦ જગગુરૂ મહિમા
જાગતો રે.—શ્રી૦
સંપૂર્ણ સુખકંદરે, શ્રી શાં. ભવિજનને હિત દાય છે રે. શ્રી શાં. ૨
મુજને તાહરા નામનોરે, શ્રી શાં. પરમ રસરમનો ઠામ છેરે; શ્રી શાં
નિશિ સૂતાં દિન જાગતાંરે, શ્રી શાં. હિયાથી ન વેગળો થાય
છે રે. શ્રી શાં૦ ૩
સાંભરતા ગુણ તાહરારે. શ્રી. આનંદ અંગ ન માય છે રે શ્રી૦
તું ઉપગાર ગુણે ભર્યો રે, શ્રી. અવગુણ કોય ન સમાયછેરે. શ્રી૦૪

મેઘરથ રાજાતણે ભવે રે, શ્રી. પારેવો ઉગારિયોરે; શ્રી શાં૦
તિમ મુજને નિરભય કરોરે, શ્રી. સ્વામી સુપ્રસન્ન થાય છેરે. શ્રી૦૫
શ્રી અખયચંદસૂરીસરૂરે, શ્રી. ગુરૂજી ગુણમણિ ખાણ રે શ્રી૦
તેહના ચરણ પસાયથીરે, શ્રી. ખુશાલમુનિ ગુણ ગાયછેરે. શ્રી૦૬

## ૧૭ શ્રી કુંથુનાથ જિન સ્તવન.

કુંથુ જિણેસરરે સ્વામી માહરા, તુમે છો સુગુણારે જગદાધારા;
નિજ સેવકની રે સેવા જાણો, કીજે કરૂણારે એ છે ટાણો. ૧

મનના માન્યારે મન આણી, આ સંગાયતરે તેહની વાણી;
વધતું ઘટતું રે જે કહેવાશે, પણ ચિતમાંરે નહીં દુહવાશે. ૨

વિણ માગ્યાથી રે ફળ જે આપે, તેહનો મહિમાંરે જગમાં વ્યાપે;
એહવો ગિરૂઓ રે સાહિબ કહિજે, તેહને ચરણે રે અહ-
નિશિ રહીજે.--૩

આવો આવો રે પર ઉપગારી, થઇ એકાંતેરે વાતો સારી;
ગુણની ગોઠે રે આપણ કીજે, જેહથી દુખડાંરે સહુએ છીજે. ૪

દીનપણાનાંરે વયણ કહાવે, તેહજ દાતારે શોભ ન પાવે;
ચતુર સનેહારે ગુણના ગેહા, હું છું ચાતુકરે તુમે છો મેહા. ૫

એક લહેરમાં સુખડાં કરશો, મુજ પાપીનેરે તુમે ઉદ્ધરશો ;
નેક નજરશુંરે સાહમું જોવો કરમરિપુનેરે દૂરે ખોવો. ૬

એહ કારજમાંરે ઢીલ ન કરવી, વળી વીનતડીરે ચીત્તમાં ધરવી;
અખયચંદસૂરીસર રે હિતશું જોશે, ખુશાલમુનિનારે કામિતહોશે૭

## ૧૮ શ્રી અરનાથ જિન સ્તવન.

[મારગ રોકયોરે મુરારી શિરથકી મટોકી ઉતારી—એ દેશી.]

શ્રી અરજિનની સેવા કરીએ, તો સંસાર સમુદ્રને તરીએ;
શિવસુંદરીને સહુજે વરીએ, ખોટાં વિઘન સવિ પરિહરીએ. ૧
સંપતિ સઘળી એહને નામે, આઠ મહાસિદ્ધિ નવનિધિ પામે;
દુઃખડાં સહુએ દૂરે વામે, સફળ હોયે જે મનમેં કામે. ૨
મદમાતા અંગણ ગજ સોહે, રૂડા ઘોડા જનમન મોહે;
બંધવ બેટા બેટી બહુળા, સેવ કરે ઘણા સેવક જમળા. ૩
મન ગમતા વ્હાલાનો મેળો, હોએ દુરજનનો અવહેલો;
તેહનો કારણ જગમેં માને, દીનહીન થાએ વધતે વાને. ૪
નરનારિ મિલિને જશ ગાયે, જે પ્રભુજી તાહરો કહેવાયે;
એ સવિ લીલા તાહરે ધ્યાને, શિષ્ય ખુશાલ થયો એક તાને ૫

## ૧૯ શ્રી મલ્લિ જિન સ્તવન.

(સુણ બેહેની પિઉડા પરદેશી—એ દેશી.)

મલ્લિજિનેસર ધર્મ તુમ્હારો, સાદિ અનંત સ્વભાવજી;
લોકાલોક વિશેષા ભાષણ, ગ્યાનાવરણી અભાવજી. મ૦ ૧
એક નિત્યને સઘળે વ્યાપી, અવયવ વિણ સામાન્યજી;
બીયાવરણ અભાવે દેખે, ઉપયોગાંતર માન્યજી. મ૦૨

આતમ એક અસંખ પ્રદેશી, અવ્યાબાધ અનંતજી;
વેદની વિનાશે સાચે, લોકો દ્રવ્ય મહંતજી. મ૦ ૩
મોહની ક્ષયથી ક્ષાયિક સમકિત, યથાખ્યાત ચારિત્રજી;
વીતરાગતા રમણો આયુ, ક્ષય અક્ષય થિતિ નિત્યજી. મ૦ ૪
પંચ દેહ અવગાહના આકૃતિ, નામ વિભાવ અનૂપજી;
વર્ણ ગંધ રસ ફાસે વર્જિત, અંતિદ્રિય સરૂપજી. મ૦ ૫
અગુરૂ લઘુ ગુણ ગોત્ર અભાવે, નહીં હલુવા નહી ભારજી;
અંતરાય વિજયથી દાનાદિક– લબ્ધિ ભંડારજી. મ૦ ૬
ચેતન સમતાયેં સુજસત્તા, પરખી પ્રભુપદ પામીજી;
આરીસો ઠાટેં અવરાણો, મળ નાસે નિજધામજી. મ૦ ૭
સંગ્રહનય જે આતમ સત્તા ઠરવા એવં ભૂતજી;
ક્ષમાવિજય જિન પદ અવલંબી, સુરનર મુનિ પુરુહૂતજી. મ૦ ૮

## ૨૦ શ્રી મુનિ સુવ્રતજિન સ્તવન.

જય જય મુનિસુવ્રત, જગદીશ, વરસે વાણી ગુણ પાંત્રીશ;
વારે ઘાતી સુડતાલીશ;જેહથી પ્રગટેરે જેહથી પ્રગટે ગુણ એકત્રીશ રે.
મુનિંદા તુજ દેશના સુખ ખાણી, સુખ ખાણીરે મે જાણીરે મુણિંદા.
જેહથી લાજે સાકર–પાણીરે મુ,એતો ધર્મરાય પટરાણીરે. મુ૦ ૧
એહનાં અંગ ઉપાંગ અનૂપ, એહનું મુખડું મંગળ રૂપ;
એતો નવરસ રંગ સરૂપ, એહનાં પગલાંરે એહનાં પગલાં પ્રણમે
ભૂપરે. મુ૦ ૨

એતો એક અનેક સ્વભાવ, એતો ભાસે ભાવ વિભાવ,
એ તો બોલે બહુ પ્રસ્તાવ, એ તો ભંગીરે,એ તો ભંગી સપ્ત
બનાયરે. મુ૦ ૩

એ તો નયગર્ભિત અવદાત, એહનો તિર્થંકર પદ તાત;
એ ચઉ પુરૂષારથની માત, એહનાં સકલાંરે એહનાં સકલાં અર્થ
છે જાતરે મુ૦ ૪

એહનો ત્રિહુ જગમાં ઉદ્યોત, જીપે રવિ શશિ દીપક જ્યોત;
બીજા વાદી શ્રુત ખદ્યોત, એ તો તારે રે એ તો તારે જિમ જલ-
પોતરે. મુ૦ ૫

એહને ગણધર કહે શિણગાર, એહને સેવે સહુ અણગાર;
એહતો ધુરથી સદા બ્રહ્મચાર, એ તો ત્રિપદીરે એ તો ત્રિપદિનો
વિસ્તારરે. મુ૦ ૬

એહથી જાતીનાં વયર સમાય, બેસે સેવાઘણ ભેળી ગાય;
આવે સુરદેવી સમુદાય, એહને ગાવેરે એહને ગાવે પાપ
પલાયરે. મુ૦ ૭

એહને વાંછે નરને નાર, એહથી નાસે કામ વિકાર;
એહથી ઘર ઘર મંગળ ચ્યાર, એ તો મુનિજિનરે મુનિજિન
પ્રાણ આધારરે મુ૦ ૮

## ૨૧ શ્રી નામજિન સ્તવન.

**[ અબ મિલે દેવસી બાલેયા કાન્હા—એ દેશી. ]**

તારોજી મેરે જિનવર સાંઇ, બાંહ પકર કર મોરી;
કુગુરૂ, કુપંથ ફંદથી નિકસી, શરણ ગહી અબ તોરી.—તા૦૧

નિત્ય અનાદિ નિગોદમેં રૂલતા, ઝુલતા ભવોદધી માંહિ;
પિરથ્વી અપ તેજ વાત સ્વરૂપી, હરિતકાય દુખ પાહી. તા૦ ૨
બિતિ ચઉરિંદ્રી જાતિ ભયાનક, સંખાદુઃખ કનિકાઈ;
દીન હીન ભયો પરિવસ, પરકેં; ઐસે જનમ ગમાઈ.– તા૦ ૩
મનુજ અનારજ કુલમેં ઉપના, તોરી ખબર ન કાંઈ;
જયું ત્યું કર પ્રભુસગ અબ પરખ્યો, અબકયું જેર જાતા. ૪
તુમ ગુણકમલ ભ્રમરમન મેરો, ઉડત નહી હૈ ઉડાઈ;
તૃષત મનુજ અમૃતરસ પાઈ, રૂચસે તપત બુઝાઈ.—તા ૦ ૫
ભવસાગરકી પીર હરો સબ, મહેર કરો જિનરાઈ;
દગકરૂણાકી મોપર કીજે, લીજે ચરણાં છુહાઇ.— તા૦ ૬
વિપ્રાનંદન જગ દુઃખ કંદન, ભગતવત્સલ સુખદાઈ;
આતમરામ રમણ જગ સ્વામી, કામિત ફલ વરદાઈ.–તા૦ ૭

## ૨૨ શ્રી નેમનાથ જિન સ્તવન.

( પદ્મ પ્રભુ જિન જઇ અલગા રહ્યા—એ દેશી. )

નેમ જિણેસર નિજ કારજ કર્યો, છાંડયો સર્વ વિભાવોજી;
આતમ શકિત સકળ પ્રગટ કરી, આસ્વાદો નિજ ભાવોજી ને.૧
રાજુલ નારીરે સારી મતિ ધરી, અવલંબ્યા અરિહંતોજી;
ઉત્તમ સંગેરે ઉત્તમતા વધે, સંધે આનંદ અનંતોજી.—ને૦ ૨
ધર્મ અધર્મ આકાશ અચેતના, તેવી જાતી અગ્રાહ્યોજી;
પુદગળ ગ્રહવેરે કર્મ કલંકતા, વાધે બાધક બાહ્યોજી.–ને૦ ૩

રાગી સંગેરે રાગદશા વધે, થાયે તિણે સંસારોજી;
નીરાગીથીરે રાગનો જોડવો, લહીયે ભવનો પારોજી.–ને૦ ૪
અપ્રશસ્તતારે ટાળી પ્રશસ્તતા, કરતાં આશ્રવ નાસેજી;
સંવર વાધેરે સાથે નિર્જરા, આતમ ભાવ પ્રકાશેજી.–ને૦ ૫
નેમી પ્રભુ ધ્યાને એકત્વતા, નિજ તત્વે ઇકતાનોજી;
શુકલ ધ્યાનેરે સાધિ સુસિદ્ધતા, લહિયે મુકિત નિદાનોજી.–ને૦૬
અગમ અરૂપીરે અલખ અગોચરૂ, પરમાતમ પરમીશોજી;
દેવચંદ્ર જિનવરની સેવના, કરતાં વાધે જગીશોજી.––ને૦ ૭

## ૨૩ શ્રી પાર્શ્વજિન સ્તવન.

[ કડખાની– દેશી. ]

સહજ ગુણ આગરો સ્વામી સુખ સાગરો, જ્ઞાન વઇરાગ રે
પ્રભુ સવાયો;
શુદ્ધતા એકતા તીક્ષ્ણતા ભાવથી, મોહરિપુ જીતિ જય પડહ
વજાયો.—સ૦
વસ્તુ નિજભાવ અવભાસ નિકલંકતા, પરણતિ વૃત્તિતા કરી
અભેદે;
ભાવતા દાત્મ્યતા શકિત ઉલ્લાસથી, સતતિ યોગને તું ઉછેદે. સ૦
દોષગુણ વસ્તુની લખીય યથાર્થ્યતા, લહી ઉદાસીનતા અપરૂભાવે
ધ્વંસિતજજન્યતા ભાવ કર્ત્તાપણો, પરમ પ્રભુ તું રમ્યો
નિજ ભાવે.—સ૦

શુભઅશુભ ભાવ અવભાસ તહકીકથી, શુભઅશુભ ભાવ
તિહાં પ્રભુ ન કીધો.
શુદ્ધ પરણામતા વીર્યકર્ત્તા થઈ, પરમ અક્રીયતા અમૃત
પીધો.—સ૦ ૪

શુદ્ધતા પ્રભુ તણી આત્મભાવે રમે, પરમ પરમાત્મતા તાસુથાયે
મિશ્રભાવે અછે ત્રિગુણની ભિન્નતા, ત્રિગુણ એકત્વ તુજ ચ-
રણ આયે. સ૦ ૫
ઉપશમ રસ ભરી સર્વ જન સંકરી, મુર્તી જિનરાજની
આજ ભેટી;
કારણે કાર્યનિષ્પત્તિ શ્રદ્ધાન છે. તિણે ભવ ભ્રમણની ભીડિ
મેટી.—સ૦ ૬
નયરખંભાય તે પાર્શ્વ પ્રભુ દરશને, વિકસતે હર્ષ ઉત્સાહ વાધ્યો;
હેતુ એકત્વતા રમણ પરણામથી, સિદ્ધિ સાધક પણો આજ
સાધ્યો.—સ૦ ૭
આજકૃત પુણ્ય ધનદીહ માહરો થયો, આજ નર જનમ મેં
સફલ ભાવ્યો.
દેવચંદ્ર સ્વામિ ત્રેવીશમો વંદીયો, ભકિત ભરચિત્ત તુજગુણ
રમાવ્યો—સ૦ ૮

# ૨૪ શ્રી મહાવીરજિન સ્તવન.

[ ગીતની-દેશી. ]

ભવદધી પાર ઉતારણી જિનવરની વાણી; પ્યારીહે અમૃતરસ
કેલ, જિનવરની વાણી;
ભરમમિથ્યાત નિવારીયો, જિ૦ સીધોહે અનુભવરસ મેલ. પ્યા૦૧
અમ સરીખા અતિ દીનને, જિ૦ દુષમહે અતિ ઘોર અંધાર; પ્યા૦
ગ્યાન પ્રદીપ જગાવીયો, જિ૦ પામ્યોહે અતિ મારગ સાર. પ્યા૦ ૨
અંગ ઉપંગ સરૂપશું, જિ૦ પઈન્નેહે છ છેદ ગ્રંથ; પ્યા૦
ચુર્ણ ભાષ નિયુંકિત શું, જિ૦ વૃતિહે નીકી મોક્ષનો પંથ. પ્યા૦૩
સદગુરૂની એ તાલકા, જિ૦ જંહુહે ખુલે ગ્યાન ભંડાર; પ્યા૦
ઈન બિન સૂત્ર વખાનીયો, જિ૦ તસ્કરહે તિણ લોપી કાર. પ્યા૦ ૪
સોહમગણધર ગુણનીલો, જિ૦ કીધોહે જિન ગ્યાન પરકાસ; પ્યા૦
તુજ પાટોધર દીપતા, જિ૦ ટારયોહે જિન દુરનય પાસ. પ્યા૦ ૫
અમ સરીખા અનાથને, જિ૦ ફિરતાંહે વીત્યો કાળ અનંત; પ્યા૦
ઇન ભવ વીતક જે થયા, જિ૦ તું જાણે હે વસું મેં ન કહંત પ્યા૦ ૬
જિનબાની બિન કોનથા, જિ૦ મુજનેહે દેતા મારગ સાર; પ્યા૦
જયોજિન બાની ભારતી, જિ૦ જાયીહે મિથ્યામતભાર. પ્યા૦ ૭
હું અપરાધી દેવનો, જિ૦ કરીહે મુજને બગસીસ; પ્યા૦
નિંદક પાર ઉતારના, જિ૦ તુંહીહે જગ નિર્મલ ઇશ. પ્યા૦ ૮

બાળક મૂરખ આકરો, જિ૦ ધેઠોહે વળી અતિ અવિનીત, પ્યા૦
તો પિણ જનકે પાળીગે, જિ૦ ઉત્તમહે જનની એ રીત. પ્યા૦ ૯
ગ્યાનહીન અવિવેકીયા, જિ૦ હઠીલોહે નિંદક ગુણચોર; પ્યા૦
તોપિણ મુજને તારિયે, જિ૦ મેરીહે તારો મોહની દોર. પ્યા૦ ૧૦
ત્રિસલાનંદન વીરજી, જિ૦ તું તોહે આશા વિસરામ; પ્યા૦
અજર અમર પદ દીજીયે, જિ૦ થાવુંહે જિમ આતમરામ. પ્યા૦ ૧૧

## કલસ.

ચઉવીશ જિનવર સયલ સુખકર ગાવતાં મન ગહગહે,
સંઘરંગ ઉમંગ નિજ મન ધ્યાવતાં શિવપદ લહે;
નામે અંબાલાનગર જિનવર વેનરસ ભવિજન પીયે,
સવંત સેષ અગની નિધિ વધુ રૂપ આતમ જસ કીયે.

**દોહા**—જિનવર જસ મનમોદથી, હુકમ મુનિકે હેત;
જો ભવિ ગાવત રંગસું, અરજ અમર પદ દેત.

## પરચુરણ ચોવીસી સમાપ્ત.

# શ્રીવિશુદ્ધવિમલજીકૃત વીશી.

## શ્રી મંધરજિન સ્તવન.

( નિંદરડી વેરણ હોઇ રહી—એ દેશી. )

શ્રીસીમંધર સાહિબા, સુણો સંપ્રતિહો ભરતખેત્રની વાતકે;
અરીહા કેવલી કો નહિ, કેને કહીયેહો મનના અવદાતકે.
શ્રીસીમંધર સાહિબા.૧
આજું કહેતાં જુગતું નહિ, તુમ સોહેહો જગકેવલનાણકે;
ભૂખ્યા ભોજન માગતાં, આપે ઉલ્લટહો અવસરના જાણકે. શ્રી૦૨
કહેશો તુમ જુગતા નહી, જુગતાનેહો વળી તારે સાંઈકે;
યોગ્યજનનું કેહવું કિસ્યું,ભાવહીનનેહો તારો થ્રહી બાંહિકે. શ્રી૦૩
થોડુંહી અવસર આપીયે, ઘણાનીહો પ્રભુ છે પછે વાતકે;
પગલે પગલે પામીયે, પછે લહીયેહો સઘળા અવદાતકે. શ્રી૦૪
મોડું વ્હેલું તમે આપશો, બીજાનોહો હું ન કરૂં સંગકે;
શ્રીવીરવિમલ ગુરૂ શિષ્યનો,રાખીજેહો પ્રભુ અવિચળ રંગકે.શ્રી૦૫

## ૨ શ્રી યુગમંધરજિન સ્તવન.

( સાહિબા મોતીડા હમારો—એ દેશી. )

શ્રીજુગમંધર દરસણ તાહરો, કરશું તે દિન સફળો હમારો;
દરસણ દેખી પરસન થાશું, નરભવ લેખે તેહ ગણાશું.

સાહિબા સેવકને તારો, પ્રભુજી કહિયે હમારો. ૧

સમકિત સુરતરૂ જેણે પાયો, અંકે મીંડી સવિ લેખે આયો;
જે વિણુ લેખે કાંઇ ન આવ્યો, કાળ અનંતો અચલે ગમાવ્યો.સા૦

સમકિત પીઠ હોયજો પાકો, ઉપશમ કરતા રખે થાકો;
તપ જપ કિરીઆકેરો, ઉદ્યમ કરજો અનેક અનેરો. સા૦

તપ જપ સંજમ કિરીઆ કેરો, અભવ્યાદિકે પૂરિ કરેઇ;
કાલચલેશાદિ દુઃખ પાયો, સમકિત વિણુ લેખે નહી આયો, સા૦૪

સાત ભેદ મોહની ખય જાવે, ખાયક સમકિત તવ સુખે પાવે;
શ્રીવીરવિમલગુરૂ જિનવર વાણી, વિશુધ સમકિત લેખલખાણી.સા૦૫

## ૩ શ્રી બાહુજિન સ્તવન.

જિનવર બાહુ જુગતું ઇહાંહો, સાહિબા આવ્યે રહેશે લાજ;
મોહમહાબળીઓ ઘણુ હો, સાહિબા નિરભય કરે ઇહાં રાજ;
મોરા સાહબા આવો ઇણે પુર દેશ. ૧

જિનશાસન ઇણે જાલમીહો, સા૦ ભરમ દેખાડી કેઇ ભૂર;
પરિકર આપણો પેખીનેહો, સા૦ કેઇ કરયા આપ હજૂર. મો.૨

ચ્યાર સુભટ સદા જાગતાહો, સા૦ પંચનો જોરો પૂર;
નિંદ્યાચંડાલીવૃત્તે સદાહો, સા૦ દોય વજાડે મંગલતૂર. મો૦૩

એકવાર ઇહાં આવીનેહો, સા૦ મોહનું કાઢો મૂળ ;
સંઘ ચતુરવિધ થિર કરીહો, સા૦ સહુને એ અનુકૂળ. મો.૪

વારે વારે શું વીનવુંહો, સા૦ તુમેછો ચતુર સુજાણ;
શ્રીવીરવિમલ કહે કીજીયે હો, સા૦ વિશુધ વચન પ્રમાણ. મો. ૫

## ૪ શ્રી સુબાહુજિન સ્તવન.

( ઢાલ–છોડિ પ્રિયા છોડિ...એ દેશી. )

નરકહો જિન નરકથી નિગોદ,
મોટાંહો દુઃખ મોટાં સુબાહુ તે કહ્યાંજી;
સાસોહો જિન સોસોસાસે સત્તર,
ઝાઝાંહો પ્રભુ ઝાઝાં જનમ મરણ લહ્યાંજી. ૧

પાંસઠહો જિન પાંસઠ સહસ પંચસત,
છત્રિશહો ભવ છત્રિસ એક મુહુરતે કરયાજી;
દ્રવ્યહો જિન દ્રવ્ય ખેત્ર કાળ ભાવ,
પુદ્દગલહો ઇમ પુદ્દગલપરાવર્તન ફરયાજી. ૨

છાસઠહો જિન છાસઠ સહસ ઓગણીશ,
લાખહો જિન લાખ અસિ અધિકેરડાજી;
એકહો જિન એક દીવસમાં એમ,
જીવહો જિન જીવ કરે ભવ ફેરડાજી. ૩

ચ્યારહો જિન ચ્યારસત પંચકોડ,
લાખહો જિન લાખ નવ્યાસી ઉપર લહ્યાજી;
બ્યાસીહો જિન બ્યાસી સહસ્ર જિનરાજ,
એકહો જિન એક માસમાં ભવ થયાજી. ૪

ભવમાંહો જિન ભવમાં ભમતાંજે હુ;
દુઃકરહો જિન દુઃકર નરભવ તે કહ્યોજી;
તારોહો જિન તારો મુજને દેવ,
વિશુધહો જિન વિશુધ નરભવ મેં લહ્યોજી. ૫

## ૫ શ્રી સુજાતજિન સ્તવન.

( ગોકુળગામને ગુંદરેરે...એ દેશી. )

ચેતન ચિંતા શી કરેરે, શું રાખે મન બીક મારા વાલારે;
સુજાતસ્વામી સેવજેરે, તારે એ તયઠીક;
માહારા વ્હાલારે સુજાતસ્વામી સેવજેરે. ૧
પરઉપગારી પરમેસરૂરે, પરમપદ આપે પૂજ; મા૦
પરમાતમને પામવારે, સેવો ચરણાંબુજ. મા૦૨
પર પ્રાણીને તારવારે, પ્રયત્ન કરી કેઈ ભૂર; મા૦
ઉભય સુખદાઇ સદારે, ઉગ્યો કેવલસૂર. મા૦૩
રાય રંક સરખા ગણેરે, સરખા શત્રુ મિત્ત, મા૦
આરાધ્યો આપ પદવી દીએરે, ઉત્તમ એહની રીત. મા૦૪
વીરવિમલ ગુરૂ શિષ્યનીરે, વિશુધ વાણી એહ; મા૦
ઔર ન ચાહું સાહિબારે, શિવસુખ દિઓ ગુણગેહ. મા૦૫

## ૬ શ્રી સયંપ્રભજિન સ્તવન

હું વારો તારા નામને, વાસરમાં વાર હજારે.રે;
વારો રાત દિવસ સૂતાં જાગતાં, વારી તાહરો એક આધારોરે;
વારી સ્વયંપ્રભુ ચિત્ત રાખજો. વા. ૧

વારી ઉપગારી શિરસેહરો, વા૦ વંછિત સુખની ખાણીરે;
વારી જોગઅજોગને જો અશો, વા૦ એ કહેવાય કુણ કહાણીરે. વા.૨
વારી રદયકમળ આવી રહ્યો, વા૦ દોય સીખાદિઓ સ્વામીરે;
વારી ઘરહુણા સુચી આસેવણા, વા૦ પછે જોઉં શિવગામીરે. વા.૩
વારી અંકુશ રહિત એ આતમા, વા૦ દશોદિશે એ દોડેરે,
વારી અંકુશે કરી ગજ આકરો, વા૦ આલણ આણી જોડેરે. વા૦૪
વારી એમ ઉપદેશ અંકુશડે, વા૦ સેવકને સુખ દીજેરે;
વારી વીરવિમલ ગુરૂ શિષ્યને, વા૦ વિશુધ વચ્ચિ દીજે

## ૭ શ્રી રૂષભાનન જિન સ્તવન.

(મથુરાની શેરીરે અતિ રળીયામણીરે—એ દેશી.)

મારૂં મન મોહ્યુંરે રિષભાનનજી શુંરે, અવર ન આવે દાય;
સુરતરૂ છાયરે શીતલ છોડીનેરે, કરીર કહો કુણ જાય. મા૦ ૧
કાળ અનંતેરે અવસર મેં લહ્યારે, કરો હમારી મીલ,
પામી હાર્યોરે લહેવો ફરી દોહિલોરે, રખે કરતા હવે ઢીલ. મા૦૨

વાયદા કરંતાંરે વિલંબાયે ઘણુંરે, મુદત પહોતી જિનરાજ;
કરમનરેસર નરભવ મેળવ્યોરે દુઃકર પછે ઈલાજ. મા૦૩
દૂજો હોયરે તો કોઇ દાખવોરે, તેશું કીજે વાત
સરખા સરખેરે રસ રીઝ ઉપજેરે, અવરશું ધર્મનો ઘાત મા૦૪
મોડો વ્હેલોરે મન હોય તારવારે તો દીજે મુજ વાચ;
વીર વિમલરે કહે જિન સેવનારે, વિશુધફળશે એ સાચ. મા૦ ૫

## ૮ શ્રી અનંતવિર્યજિન સ્તવન.

### આછીને વણાવો હો મેડતીઆ ઠાકોર લોવડી-એ દેશી.

અનંત ગુણહો અનંતવીરજ તાહરા, કે અનંત ખજાનો તુજ;
લવ એક દેતેહો ઓછું કંઈ નવી હોયે, કેઇ દીપક દ્રષ્ટાંતે પુજ અ.૧
વાસિત ચંદન હો સમ લીહુ કંચને, કેઈએ કહેવાયે કેમ;
એકને આલંબીહો અવિચલ પદ દીઓ, એકને ઉતારો ફેમ અ.૨
લોકિક ન ચાલેહો સારાં તારાં કહે, કેઈ તેણે ગયો કાળ અનંત;
લોકોત્તરપંથહો પ્રભુજી તાહરો કેઇ શશિ સરખો ભગવંત. અ. ૩
અંતરે મલેહો અનંતવીરજ અનંતની, કેઇ કહેવાય ગુણગોઠ;
જેશું ન વાતહો નિત પટંતર રહે, કેઈતેને ન કહેવાય કાંઈ હોઠ. ૪
એકને હાથેહો તાળી કંઈ નવી પડે, કેઇ એકપખો જિમ રાગ,
ધાતા ને ધ્યેયેહો સેવક શાતા ઉપજે, કેઇ વિશુધકહે શ્રીવીતરાગ.૫

## ૯ શ્રી સુરપ્રભજિન સ્તવન.

(વારી હું ગોડી પાસને-એ દેશી.)

જગતારણજિન જન કહે, એ કારણ કારજ ઉપચાર; ભવિજન.
યોગ્યને જિનવર ઉદ્ધરે, અભવ્યને નહિ પ્રતિકાર; ભ૦ ;
સુરપ્રભુની સેવના, ભવોભવ એ હિતકાર. ભ૦ સુ૦ ૧
ઉત્તરસાધકે સિદ્ધિમંત્રને પામે તે તતકાળ, ભ૦
ઉત્તમ આલંબને સિદ્ધિનું, પામે સુખ રસાળ. ભ૦ સુ૦ ૨
ચ્યાર નિખેપા તાહરા, ત્રિહુંકાલે હિતકાર; ભ૦
પુન્યાઢો પરતક્ષ જોયો, પામ્યો સુખ શ્રીકાર. ભ૦ સુ૦ ૩
ઈમ અનેક પ્રભુ તાહરૂં, દરસણ કરતા દેવ; ભ૦
ભવસાગર ભૂરી તરે, કરતાં ત્હારી સેવ. ભ૦ સુ૦ ૪
વીરવિમલ ગુરૂ શિષ્યની, વીનતી એ વીતરાગ; ભ૦
ભવભય ભાવઠ ભાગીયે, મહેર કરી મહાભાગ. ભ૦ સુ૦ ૫

## ૧૦ શ્રી વિશાળજિન સ્તવન.

[ પહેલો વધાવો માહરો આવીઓ સઇયાં-એ દેશી. ]

દેવવિશાળ જિન તાહરે, પ્રભુ સરખા શત્રુ મિત્ત;
પ્રભુ પ્યારારે દરસણ દીજિયે.
પ્રભુ આલંબ્યાને ઉદ્ધરે, પ્રભુ એ ઉત્તમની રીત. પ્ર૦ ૧
અરહટ ઘટીકાની પરે, પ્રભુ એ સંસાર મોઝાર; પ્ર૦

ચડતા પડતા ભવ કરયા, પ્ર૦ એમ અનંતી વાર. પ્ર૦ ૨
દશે દ્રષ્ટાંતે દોહિલો, પ્ર૦ સોહિલો ન કહ્યો નાથ; પ્ર૦
તે હું નરભવ પામીઓ, પ્ર૦ સફળ કરો સનાથ. પ્ર૦ ૩
પંચમ કાળે હું પામીયો, પ્ર૦ સામગ્રી શુદ્ધ ચ્યારેઅંગ પ્ર૦
ઉત્તમ અવસર ઓળખી, પ્ર૦ આવી રાખો રંગ. પ્ર૦ ૪
ઘણા દિવસની વીનતિ, પ્ર૦ અવધારો જિનરાજ; પ્ર૦
વીરવિમલગુરૂ શિષ્યનાં, પ્ર૦ સારો વંછિત કાજ. પ્ર૦ ૫

## ૧૧ શ્રી વજ્રધરજિન સ્તવન.

(ઉંચો ચોરોરે ચોવટો, માએ મોરંગી ખાટ આછેલાલ...એ દેશી.)

સુરવરરચિત સિંઘાસણે, બેસી વજ્રધર સ્વામ;
આછેલાલ પ્રાણી વાણીરે જિનતણી,
પાંત્રીશ ગુણેરે પરવડી, વાણી વદેય ઉદ્દામ. આ૦ ૧
વાણી વિઘન નિવારણી, વાણી મોહ્યા આવે લોક; આ૦
ચપળતા સવી મનતણી, છંડી સુણે થોકે થોક. આ૦ ૨
વાણી મીઠીરે મનોહરૂ, પીતાં જાય સઘલાં પાપ; આ૦
ભવજલ તારણ બેલડી, નાસે શોક સંતાપ. આ૦ ૩
દરસણ તાહરૂંરે દેખવા, લોયણ થાય છે લોલ; આ૦
જિમ જિમ સાંભરેરે ચિત્તમાં, તિમતિમ આણંદકલોલ આ. ૪
વીરવિમલ ગુરૂ શિષ્યની, વીનતી એહજ દેવ; આ૦
દેવ દયા કરી દીજીયે, ભવ ભવ તાહરી સેવ. આ૦ ૫

# ૧૨ શ્રી ચંદ્રાનનજિન સ્તવન.

[ વાંસલી વાજેરે વીણા રણુઝણે–એ દેશી. ]

જિનજી મુજ મનમંદિરપધારીયેએ, જિનજી સેવક છું થારો
જો સ્વામ;
જિણેસર આવો રંગસેએ.
જિ० કુંકુમ બેસણું ઘર કરૂંએ, જિ० અવસર આવી રાખો
મામ–જિણે० ૧

જિ० સગપણ નેહ તે આ०યે જાણીયેએ જિ० અડબડયે
હિયરે આધાર;
જિ० આપ ખજાનો આપી ઉદ્ધરેએ, જિ० સજનજન તે
હિતકાર–જિણે ૨

જિ० નેકનજરે પ્રભુ તાહરી, જિ० કરૂં કરૂં કુડબજાય દુર;
જિ० સજ્જન મેલાવો હોય મૂલગોએ, જિ० વાજે એ
મંગલતૂર–જિણે० ૩

જિ० આતમરાજા રંગમ્હેલમાંએ, જિ० શિવસુંદરી ધરી નેહ
જિ० ચિદાનંદ સદા સુખ અનુભવેએ, જિ० અવિચલ જોડી
ગુણ ગેહ–જિણે० ૪

જિ० ચંદ્રાનન ચિત્ત ચાહીનેએ, જિ० દરસણ દીઓ એકવાર
જિ० વીરવિમલગુરૂશિષ્યનીએ, જિ० વંદણા એ વારોવાર જિણે.

## ૧૩ શ્રી ચંદ્રબાહુજિન સ્તવન.

( રાજ નહી મિલે—એ દેશી. )

ચંદ્રબાહુ મુજ મંદિર વાસ, રંગભર આવી રહો આવાસ;
જિનજી સાંભળો.
મુજ મનમંદિર પામી સામ, મન મસકરૂં જેઉં કરે કેવાં કામ જિ.
મારૂતથી એ મનડું જોર, છાનો રહિઓ ઘરમેં ચોર; જિ૦
ખીણમેં ખાતર દેવે એહ, અખય ખજાનો કાઢે જેહ-જિ૦ ૨
આળપંપાળ અજોડે જોડ. ઘરમેં બેઠો બંધે કેઇ કોડ; જિ૦
અણદીઠું અણુસાંભળ્યું કાન. ધાઇ આવે તેહજ ધ્યાન.-જિ૦ ૩
માછીગર જિમ ગુંથે જાળ, એહને એહજ અનાદિનો ઢાળ; જિ.
આઠ પહોર અટતું રહે એહ, ગમણાગમણુનો નાવે છેહ-જિ૦૪
દુર રહે કેમ મળે એ ઘાત, આપઆપે મળી કરશું વાત; જિ૦
વીરવિમલગુરૂશિષ્યની વાણુ, વિશુધ વચન કરો પ્રમાણ.-જિ૦૫

## ૧૪ શ્રી ભુજંગદેવજિન સ્તવન.

( અરજે અરજ સુણોને રૂડા રાજિયાહોજી. )

દરસણ દરસણ દેઇ રૂડા રાજીયાહો લાલ, વંદાવો એકવાર;
ચરણ ચરણકમળ ફરસન કરીહો લાલ, સફળ કરૂં અવતાર-દ૦ ૧
ગમણા ગમણાગમણી વિદ્યા નહિહો લાલ, જે આવું તુમ હજૂર;
દરિઆ દરિઆ ડુંગર આડા ઘણાહો લાલ, વાટ વિષમ પંથ દુર-દ.૨
આઠ આઠ કરમ આડા ડુંગરાહો લાલ, મોટો મોહિની રોગ;
પુદગલ પુદગલશું પ્યારો રહ્યુંહો લાલ, દુઃકર લારો સંજોગ.-દ૦૩

દ્રવ્ય દ્રવ્ય દરસણ કીધાં ઘણાંહો લાલ, ભાવ દરસણ વિચાર;
ભાવ ભાવ દરસણ ભાવઠ હરેહો લાલ, તે તો અનુભવ સાર.—હ૦ ૪
ભુજંગ ભુજંગ દેવ ભવ્ય પ્રાણીનેહો લાલ, તારણ તરણ જહાજ;
વીર વીર વિશુધે વળી વીનવેહો લાલ, તારો શ્રી જિનરાજ.—હ૦ ૫

## ૧૫ શ્રી ઇશ્વરજિન સ્તવન.

(જિહોલાલ—એ દેશી.)

પ્રહઉઠી પરભાત, સુચિ કરી પ્રણિપાત;
જીહોલાલ, વંદુ ઈશ્વર સ્વામીનેજી.— ૧
દેખત દેવ દયાળ, પાપ ગયાં પાતાળ;
જીહોલાલ, આજ મનોરથ મુજ ફળ્યાજી.— ૨
ભવ્ય હોય જે નર નાર, પહુપધાર્યા ઘરબાર;
જીહોલાલ, દાન દયા ઉલટ ધરીજી.— ૩
વરશીદાન દિય જગનાથ, ભવ્ય હોય તે માંડે હાથ;
જીહો લાલ અભવ્યને જોગ મળે નહિજી.— ૪
ધન હું માનું મુજજ, દરસણ દેખી તુજજ;
જીહોલાલ, વિશુધ મન વંદણ થયુંજી.— ૫

## ૧૬ શ્રી નેમિપ્રભુજિન સ્તવન.

(જગજીવન જગ વાલહો—એ દેશી.)

શશીવદન જિન સોળમો, સોહે સોવનવાન લાલરે;
ગુણગણમણી આગરે, નિરમળ જેહનું ધ્યાન. લા૦
અકળ સરૂપી મન વસો,— ૧

હું રાગી રસ રૂપનો, તું નિરાગી નિરબંધ; લા૦
હું પુદગલે પ્યારો રહું, કેમ મળે તે સંધ. લા૦ અ૦ ૨
હું નિરગુણ પણ તાહરો, સેવક કહાવું સ્વામ; લા૦
દુષ્ટ અંબુ ગંગા ભળ્યું, ગંગાજળ થયું નામ. લા૦ અ૦ ૩
જગ જશવાદ પ્રભુ તાહરો, જયું જગજીવન તોય; લા૦
દાતા બિરૂદ છે તાહરૂં, અવર નહીં જગ કોય. લા૦ અ૦ ૪
ગુણ અવગુણ ગુણી નવી ગણે, જિમ પુષ્કરવર મેહ; લા૦
શ્રીનેમીનિરંજન કીજીયે, વીરવિશુધગુણગેહ. લા૦ અ૦ ૫

## ૧૭ શ્રી વીરજિન સ્તવન.

( મમ કરો માયા કાયા કારમી—એ દેશી. )

સેવના શ્રીજિનરાજની,, કીજીયે કહો કેઈ રીતરે;
અંતરાય પગે પગે એ કરે, સાંભળો શ્રીજગમિત્તરે. સે૦ ૧
આઠનો ઠાઠ સહુ સાંભળો, મેળવે કરમના કાઠરે;
અંગ ઉપાંગ જોઉં મુખ વિના શીખવે પાપના પાઠરે. સે૦ ૨
દોષ અનાદિના આકરા, નવી તજે માહરી કેડરે;
જિમ જિમ સુકૃત ચિત્ત ધરૂં, તિમ તિમ મંડે એ વેડરે. સે૦ ૩
ક્ષુદ્ર લોભ ભય દીનતા, અનાણ મત્સરી શઠરે;
આણંદ એક સંસારમાં, સેવતાં હોય એ નઠરે. સે૦ ૪
ધરમધરમીની વિવેચણા, સંસાર શિવ સમ ભાવરે;
સેવના સફળે એ તાહરી, ઉતરે મોહમદ તાવરે. સે૦ ૫

વિશુધ વીરસેનસેવના, આદરો ત્રિકરણ યોગરે;
સરવ સુખ મૂળઅનુકૂળ એ, મેળવે શિવ સંયોગરે. સો૦ ૬

## ૧૮ શ્રી મહાભદ્રજિન સ્તવન.

(રાગ પ્રભાતી તોરણ-જિનવર આવીયાએ—એ દેશી.)

મોલો દીઓ દેવરાયનાનંદ, સોભાગી જિનજી; મોલો દીઓએ૦
આશ કરીને હું આવીઓએ, તું પ્રભુ દીનદયાળ; સો૦
અનંત ખજાનો પ્રભુ તાહરેએ, આવ્યો હું દાતા નિહાળ સો૦ ૧
આતમરિદ્ધે સહુ સારિખાએ કયમ લહું તેહજ સામ, સો૦
ચરમનયણે કરી જોવતાંએ, કયમ મળે તેહજ ઠામ સો૦ ૨
હું અનાણે પ્રભુ આવરૂંએ, શશિ રવી વાદળ જેમ; સો૦
આતમતા આતમ તણીએ, પામીયે કહો પ્રભુ કેમ..
અનુભવ અંજણે અંજીયેએ અંતર ઉઘડીયાં નેણ; સો૦
જ્ઞાનદીવો ઘટમાં હોએએ દેખીએ આતમ જેણ. સો૦ ૪
મહાભદ્રજિન મહારેએ, તાહરી હોયે જો સેવ, સો૦
વીરવિશુદ્ધ વળી વીનવેએ, માહરે તુંહીજ દેવ. સો૦ ૫

## ૧૯ શ્રી દેવજસાજિન સ્તવન,

( રસીયાની દેશી. )

એમ કિમ કિજેહો સુગુણ સહોદરા એ શી તમારીરે; રીત સોભાગી.
એકને આલંબીરે અવિચળ પદ દિયો. એક ઉતારે રે ચિત્ત સો૦એ. ૧
જગચિંતામણી જગમાં તું વડો પૂરે વંછિત કાજ; સો૦
જગ ઉપગારીરે જગમાં જા[illegible] અબ નહીં કાંઈ ચલાજ. સો. એ૦
જગસથવાહરે જગમાં સહુ કહે, કહેવાઓ જગના નાથ; સો૦

દેવજ સાજિન સાહિબ મેળીયે, સેવક શિવપુરસાથ, સો૦ એ૦ ૩
અખય અરૂપીરે આતમ તાહરો, માહરે નહીં'રે; ફેર; સો૦
કરમ અટારેરે અંતર બહુ કર્યો, કિહાં સરસવ કિહાં મેર. સો૦ એ૦
ધન ધન જીવતિમાનીશ માહરૂં, દેખીશ આતમરૂપ; સો૦
વીરવિમલગુરૂ શિષ્યની સેવના, વિશુધ હોજોરે અનૂપ. સો૦ એ૦૫

## ૨૦ શ્રી આજિતવીર્યજિન સ્તવન

( મોતીનો લુબખઝુબખાનત ફુલીની–એ દેશી )

આજ સફળ દિન માહરો, મુજ અનુભવકલિકા જાગીરે;
જગ જીવોરે કીજે વધામણાં.
મારૂ આજિતવીરજિનરાજને, મુજ થુણવાને લય લાગીરે. જ૦ ૧
માહરે મંગલ રંગ વધામણાં, બંધાવો તોરણ બારોરે; જ૦
બહેની ચંદન છડો દેવરાવિયે, બહેની ગીત ગાઓ મનોહારોરે જ૦
વદોવંદોરે કનિકારાણીને જેણે જાયો એહવો પુત્રોરે; જ૦
લળી લળી કીજે લુંછણાં, બલિહારી કનિકાસુપુત્રોરે. જ૦ ૩
એહજ શીખો ને એહજ સાધો, અરીહંત પદ આરાધોરે; જ૦
રિદ્ધિસિદ્ધિ અડ લબ્ધી પ્રસિદ્ધિ, શુભ ગુણઠાણે વાધોરે જ૦ ૪
ધન ધન તે નર નારને. ધન ધન તેની જીહારે; જ૦
ગુણગણ જિનરાજના, એ થુણતાં વોળે દીહારે.— જ૦ ૫
જે નર ગાશે તે સુખ પાસે, જિનપદ જિનપેં જાચું રે; જ૦
વીરવિશુદ્ધપદ એ સમ જગમેં, અવર નહિ કો આછુંરે. જ૦ ૬

**શ્રી વિશુદ્ધવિમલજીકૃત વીશી સમાપ્ત.**

# પરચુરણ વીસી.

## ૧ શ્રી મંધરજિન સ્તવન.

(દહર આંબા આંબલીયે—દેશી.)

પુખ્ખળવઇ વિજયે જયોરે, નયરી પુંડરિગણિ સાર;
શ્રીસિમંધર સાહિબારે, રાયશ્રેયાંસ કુમાર.
જિણંદરાય, ધરજયો ધર્મસનેહ. ૧

મોટા નાહના અંતરોરે, ગિરૂઆ નવિ દાખંત;
શશિ દરિશણ સાયર વધેરે, કૈરવવન વિકસંત. જિ૦ ૨

ઠામ કુઠામ નવિ લેખવેરે, જગ વરસંત જલધાર;
કર દોઇ કુસુમે વાસીએરે, છાયા સવિ આધાર. જિ૦ ૩

રાય રાંક સરિખા ગણેરે, ઉદ્યોતે શશિ સૂર;
ગંગાજલ તે બિહુતણોરે, તાપ કરે સવિ દૂર. જિ૦ ૪

સરિખા સહુને તારવારે, તિમ તુમેછો મહારાજ;
મુજશું અંતર કિમ કરોરે, બાંહે ગ્રહ્યાની લાજ. જિ૦ ૫

મુખ દેખી ટીલું કરેરે, તે નવિ હોવે પરમાણ;
મુજરો માને સવિ તણોરે, સાહિબ તેહ સુજાણ. જિ૦ ૬

વૃષભ લંછન માતા સત્યકીરે, નંદન રૂખમિણ કંત;
વાચક જશ ઇમ વીનવ્યોરે, ભયભંજન ભગવંત. જિ૦ ૭

## ૨ શ્રી યુગમંધરજિન સ્તવન.

### ધણરા ઢોલા—એ દેશી.

શ્રીયુગમંધિર માહરોરે, તુમશું અવિહડ રંગ; મનનામાન્યા.
ચોલમજીઠતણી પરેરે;
તે તો અચલ અભંગ, ગુણનાગેહા. ૧

ભવિજનમન ત્રાંબુ કરેરે, વેધક કંચનવાન; મ૦
ફરિ ત્રાંબું તે નવિ હુએરેરે, તિમ તુમ નેહ પ્રમાણ. ગુ૦ ૨

એક ઉદક લવ જિમ ભળ્યોરે, અખય જલધિમાં સોય; મ૦
તિમ તુજશું ગુણનેહલોરે, તુજ સમ જગ નહિ કોય. ગુ૦ ૩

તુજશું મુજ મનનેહલોરે, ચંદન ગંધ સમાન; મ૦
મેળ હુઓ એ મૂળગોરે, સહજ સ્વભાવ નિદાન. ગુ૦ ૪

વપ્રવિજય વિજયાપુરીરે, માન સુતારાનંદ; મ૦
ગજલંછન વિપ્ર મંગલારે, રાણી મન આનંદ. ગુ૦ ૫

સુદૃઢરાય કુલદિનમણિરે, જય જય તું જિનરાજ; મ૦
શ્રીનયવિજય વિબુધ તણારે, શિષ્યનેદો શિવરાજ. ગુ૦ ૬

## ૩ શ્રી બાહુજિન સ્તવન.

### ( હે રીરે આજ રંગભરીરે—એ દેશી. )

પરણેરે બાહુરંગભરીરે, રંગભરી રસભરી રસહુ ભરીરે. ૫૦
કપકશ્રેણુ વરઘોડે ચઢીયા, ત્રિભોવન શોભા આપ હરીરે પ૦ ૧

અધ્યાતમ તિહાં મંડપ રચિયો, સુમતિ ગુપતિ વૃતિ શોભા કરીરે. ૫૦ ૨
તરૂણી વરણી સબ દુખહરણી, સંયમધરણીપતિ કુમરીરે. ૫૦ ૩
શુભ મતિ સોહગ મંગળ ગાવે, રંગે જિનગુણ મન સમરીરે. ૫૦ ૪
પરણુતિસાસુ પુંખી વધાવે, સમકિતમુગતા થાળ ભરીરે. ૫૦ ૫
ઉપસમ માહિરા માંહિ બેઠા, દેખી આંખાં હુમહુ ઠરીરે. ૫૦ ૬
દાનાદિક ચૌચોરી બાંધિ, મુગતીવધૂ જિનરાજ વરીરે. ૫૦ ૭
પરમાનંદ કંસાર આરોગે, દોય પરસ્પર સુખહુ ધરીરે. ૫૦ ૮
ન્યાયસાગર પ્રભુ ભગતિ નિજ શિર, ધારે શ્રી જિન આણુ ખરીરે. ૫૦ ૯

## ૪ શ્રી સુબાહુજિન સ્તવન.

(દીનાનાથ દર્શનદેરે—એ દેશી.)

ઠાકુરીયા દર્શન દેરે, શ્રીસુબાહુ દર્શન દેરે. સાહિ૦
કાળ અનંત ભમ્યો હું સાંઇરે, તુમ દરિશણ વિણ લહ્યેરે. શ્રી૦૧
દરિશણ વિણ કિરિયા સવિ જુઠીરે, શિવસુંદરી કર ન ગ્રેહેરે. શ્રી૦૨
ઘનઘાતી આડા બહુ ડુંગરરે, કિમ આવું હું મુજ કહેરે. શ્રી૦૩
ખટ દરશણ દરશણ વિણ ભૂલારે, ભ્રમણ કરે ભવમેરે. શ્રી૦૪
તુજ દર્શન અબ મેં પ્રભુ પાયોરે, તે તો રાખું બહુ યતનેરે. શ્રી૦૫
તુજ દરશણ શિવતરૂનું બીજ ઠરે, પુણ્યહીણ કુણ લેરે. શ્રી૦૬
ચિદાનંદઘન અહનિશિ ભાવેરે, ન્યાયસાગર પ્રણમેરે. શ્રી૦૭

## ૫ શ્રી સુજાતજિન સ્તવન.

( રાગ કાફી. )

ફાગ રમે રસરંગેરે, પ્રભુ ખેલે હોરી.
અતિ ઉલસંત વસંતજિનશાસન, સમતાસુંદરી ભોરીરે. પ્ર૦ફા૦ ૧
સમકિત કુંકુમ પુષ્કર પૂરી, પિચકારી ગુણ ડોરીરે. પ્ર૦ફા૦ ૨
ચિત્ત પ્રમોદફુલદ બહુ ફૂલે, સંવરશોભા જોરીરે. . પ્ર૦ફા૦ ૩
સત્યસુવાસ ચિહુદિશિ મહકે, છાપ બની મતિ કોરીરે. પ્ર૦ફા૦ ૪
શ્રી જિનરાજભગાત અતિ નીકી, લાલગુલાલકી ઓરીરે. પ્ર૦ફા૦ ૫
શાસનવાસન અબીર અરગજા, જાઈ ચિહું દિશિ દોરીરે. પ્ર૦ફા૦ ૬
નયકોવિદ અતિ સુંદર વાદક, ચંગ મૃદંગ નચોરીરે. પ્ર૦ફા૦ ૭
ચિદાનંદનપદ સહજ વિલાસી, ખેલણહારો ધોરીરે. પ્ર૦ફા૦ ૮
આગમતત્વ કેસરીએ પહેની, ગાવે શુભ મતિ ગોરીરે. પ્ર૦ફા૦ ૯
શ્રી સુજાતશું અરજ કરતહે, વાત સુણો એક મોરીરે. પ્ર૦ફા૦૧૦
ગોઠ દીઓ હમકું શિવસાહિબ, મતકો કીનો છોરીરે. પ્ર૦ફા૦૧૧
ન્યાયસાગર પ્રભુ સેવક સાથે, ઇણિપરે ખેલે હોરીરે. પ્ર૦ફા૦૧૨

## ૬ શ્રી સ્વયંપ્રભજિન સ્તવન.

( રાગ રામગિરિ—રાય કહે રાણીપ્રતિ—એ દેશી. )

સ્વામિ સ્વયંપ્રભ સાંભળો, અરિહંતાજી.
તુહ્મશું અવિહડ નેહ, ભગવંતાજી.
ફેડયો તે ફિટે નહિ, અ૦ જિમ પથ્થરશિર રેહ;—ભ૦ ૧

તુહ્મ નથી અહ્મથી વેગળા, અ૦ છો અહ્મ હિયડા હજૂર;—ભ૦
સાસ પહિલા જે સાંભરે, અ૦ તે કિમ થાયે દૂર—ભ૦ ૨
જૂની થાયે દેહડી, અ૦ પ્રીતિ ન જુની હોય; ભ૦
વાગે વિણસે જરકસી, અ૦ પણ સોનું શ્યામ ન હોય.—ભ૦૩
વપ્રવિજય સોહામણો, અ૦ ધાતકી ખંડ મઝાર;—ભ૦
તિહાં વિજયાનગરી ભલી, અ૦ પૂરવ અરધ શણગાર.—ભ૦૪
તિહાં વિહરંતા વંદીયે, અ૦ મિત્રભૂતી નૃપનંદ;—ભ૦
સુમંગલામાયે જનમીયો, અ૦ જસ પાય લંછન ચંદ.—ભ૦ ૫
પ્રિય સેનારાણી તણો, અ૦ પિઉ નિરમળ ગુણખાણ—ભ૦
કિરતિવિજય ઉવઝાયનો. અ૦ વિનય તમે સુવિહાણ.—ભ૦ ૬

## ૭ શ્રી રૂષભાનનજિન સ્તવન.

( મહાવીરજીની દેશનાએ—એ દેશી. )

મનહ મનોરથ વાંદવા, સખિ શ્રી રૂષભાનન દેવ;
ગિરૂઓ સાહિબ ગુણનિલો, સખિ જસ સુરજસ સુર સારે સેવ. ૧
જયવંતા જિણવર વંદિએ સખિ વાંદતાં વાંદતાં પરમાનંદ.—જ૦
સિંહાસન સુરવર રચે, સખિ તરૂવર તુંગ અશોક;
તિહાં દીયે પ્રભુજી દેશના, સખિ દેશના દેશના સુણે લોક—જ૦ ૨
ત્રિણ છત્ર શિર સોહિયે, સખિ ચામર ઢાળે ઈંદ;
બેસે બારે પરષદા, સખિ પરષદા પરષદા લહે આનંદ.—જ૦ ૩
ધાતકી ખંડ મનોહરૂ, સખિ પૂરવ અરધ સુહાય;

વચ્છવિજય સોહંકરૂ, સખિ નયરી એ નયરી સુસીમાય.--જ૦ ૪
કીરતિરાય કુળચંદલો, સખિ વીરસેના જસમાય;
રાણિ જયાવતિનાહલો, સખિ લંછન મૃગપતિ પાય.-જ૦ ૫
કીરતિવિજય ઉઝાયનો, સખિ વિનય વંદે કર જોડિ;
વિહરમાન જિન વાંદતાં, સખિ પામીયે મંગળ કોડિ.-જ૦ ૬

## શ્રી અનંતવીર્ય જિન સ્તવન.

(નદી યમુનાકે તીર ઉડે દો પંખીયાં—એ દેશી.)

અનંતવિરજ અરદાસ સુણોને માહરી,
મીઠડી સુરતિ ખાસ ચાહું હું તાહરી;
કલ્યાવણ ગાત એક અછે જગ સાહરી,
દીજે દરિશણ તુર્તજ દેવ દયા કરી. ૧

સમરૂં તાહરૂં નામ સરાગે ફરી ફરી,
જાણો લહું જગદીશ વડાંરી ચાકરી;
નિગમીયે દુખકાળ ઇસ્યો એહ કિણ પરી,
ધાર ન ખેંચે જેહ થયો જન આતુરી. ૨

ધન્ય જળચરની રીત બની જે આકરી,
જળ વિરહો ન ખમાય જે જાયે તે મરી;
પ્રારથીયાં સંભાળ ન કીધી કો ખરી,
જાણીસ્યાં તે પ્રીત હમાશું ઉતરી. ૩

નિવસો ..ચી સેવ કૃપાને અનુસરી,
પાળો પ્રીતમ પ્રીત મયૂરાં ઘન પરી;
લેખે તે બહુ મોલ ગણું એકા ઘરી,
જબ પ્રીતમનો સંગ ભજું હઇડે ઠરી. ૪
મુંહ ટાળો દે જાય ધરામાં તે ઠરી,
ન હુવે તસુ ઘરિ આપિ પ્રગાઢો હાથરી;
નયણુકટોરી પ્રેમ સુધારસશું ભરી,
કાંતિ મિલ્યો પ્રાણેશ રૂડી ધરી ચાતુરી. ૫

## ૯ શ્રી સૂરપ્રભજિન સ્તવન.

( હરીયાલોરે શ્રાવણ આવીયોરે—દેશી. )

મન માન્યોરે જિનવર પામીયો, હાંરે અંતરજામી આજ;
હાંરે હિયડા ભીતર હર્ખશું, હાંરે સિધ્યાં સઘળાં કાજ. મન૦ ૧
હાંરે સોહમ સરિખા સુરપતી, હાંરે લખની કરે લખકોડ;
હાંરે કાગળ નભમંડળ કરે, જસ લેખણુ મેરૂ જોડ. મન૦ ૨
હાંરે ખીરસાગર ખડીયા ભરે, હાંરે આતમ આય પ્રમાણુ.
હાંરે સૂરપ્રભ સ્વામી તું માહરા, ગુણ લખતાં નાવે અવસાણુ. મન૦ ૩
હાંરે નાગરાયનંદન ભલો, હાંરે કુળ રૂપક અવતંસ;
હાંરે ભદ્રાસુત શુભકારકુ, હાંરે વિમળ કિયો જિણે વંસ. મન૦ ૪
હાંરે વિમળા વર સૂરજ સદા, હાંરે સેવ કરે નિશદીસ;
હાંરે પદ્મચંદ્રસૂરિ પાય નમી, હાંરે પભણે પૂરો જગીસ. મન૦ ૫

## ૧૦ શ્રી વિશાળજિન સ્તવન.

( કોઇલો પર્વત ધુંધળો—એ દેશી. )

સદ્દગુરૂ મુખે મેં સાંભળ્યુંરે લાલ, સ્વામી વિશાળનું રૂપ મન મોહ્યુંરે.
મુખ પુનમનો ચંદલોરે લાલ, અધર પ્રવાળ અનૂપ. મન૦ ૧
ગુણ ગાવો જીન રાજનારે લાલ, જિમ લહિજે મહાનંદ; મન૦
રતનાકર સેવ્યાં થકાંરે લાલ, હોવે અતિ આણંદ. મન. ગુણ૦ ૨
દંત જિસા દાડમકળીરે લાલ, લોચન કમળ સમાન મન મો૦
દીપશિખા દીસે નાસિકારે લાલ, સોના સમ દેહવાન. મન ગુ૦ ૩
વિજય પુત્ર વિજયાતણોરે લાલ, નંદન હૃદય વિશાળ; મ. મો૦
કર યુગલ કમળ સોહામણારે લાલ, રૂપ અનંત રસાળ. મ.ગુ૦ ૪
નંદશોના વર સુંદરૂરે લાલ, સોમ લંછન સોહંત. મન મો૦
મન સુખ પામ્યો માહરોરે લાલ, પદ્મચંદ્ર પભણંત. મ. ગુ૦ ૫

## ૧૧ શ્રી વજ્રધરજિન સ્તવન.

( તાર કરતાર સંસાર સાગર થકી—એ દેશી )

વજ્રધરદેવ સંભાળ નિજ બાળને, તો પખિ ઔર કુણ સૂદ્ધિ લેશે;
નેહ કરી લેહ વી તાગતિ કેળવી. નિત ભલી મન રૂલી તુજજદેશે. વ૦૧
સેવતાં સુરમણી સુરગવિ સૂસ તસ, કામઘટ કામ પરગટ્ટ પૂરે;
અકળ ગતિ તુજ તણી દીઠી ત્રિભોવન ધણી, ચિંતતા માત્ર દારિદ્ર ચૂરે.વ.૨
કાળઘણુની ગમ્યો દુખ ભરિ મેં ખમ્યો, નવિ રમ્યો કાજ અણુકાજકરત

નટપરે નાચીઓ મોહરસ રાચીઓ, અબ લહ્યો તું હિ ભવમાંહે ફરતાં. વ. ૩
અવર સુરતણાં વર કિસ્યાં ઘણુઘણા, એક તું પૂરવે સકળ આશા;
જોર ઘનઘોરની સાર એકો ઘડી, કિમ સરે અરહટાં બાર માસા. વ૦૪
કુશળ સંદેશ પરદેશથી પાઠવી, પ્રેમ પરતીત વડ રીત દાખો;
કાંતિકમળા કરી ભીડ ભાવઠ હરી ભવભવે તુમતણે પાસ રાખો. વ૦૫

## ૧૨ શ્રી ચંદ્રાનનજિન સ્તવન.

( ધરમ હીયે ધરો=એ દેશી. )

સમાચારી જૂજૂઇરે, આવે મન સંદેહ;
શી શી આકરી સદ્દહુરે, સબળ વિમાસણ એહરે. ૧
ચંદ્રાનન જિન, કીજે કવણ પ્રકારરે;
ઇણ દુષમઆરે, મેં લાધ્યો અવતારરે. ચં૦ ૨
આગમ બળે તેહવો નહીરે, સંશય પડે સદીવ;
સૂધી સમજ ન કો પડેરે, ભારીકરમો જીવરે. ચં૦ ૩
દ્રષ્ટીરાગ રાતાઅછેરે, કેહને પૂછું રે જાય;
આપણપો થાપે સહુરે, તિણ મો મન ડોલાયરે. ચં૦ ૪
વિહરમાન જિન સાંભળોરે, ખરીય મિલણ મન ખંત;
હોવે દરશણ જિનરાજનોરે, તો ભાગે મનની ભ્રાંતરે. ચં૦ ૫

## ૧૩ શ્રી ચંદ્રબાહુજિન સ્તવન.

( આવો મ્હારી સહીયાં ગછપતિ વાંદવા—એ દેશી. )

જોવો મ્હારી આઇ ઉણદિશિ ચાલતોહે, કાગળિયો લિખ દીજેહે;

અંતરજામિ અળગા રહ્યા હે, કાગળ વાહી કીજેહે. જો૦ ૧
સાહિબીયો તો છે વયરાગીયોહે, ફેર જવાબ ન દેશેહે;
પણ પ્રભુની સેવામાંહે રહ્યાંહે, સહજે કાજ સરેશેહે. જો૦ ૨
સાહિબને અમચો ખપ કો નહીહે, પિણ છે ગરજ અહ્મારેહે;
જો સાચાસા ભગત કહાવીયેહે, તો ભવજલનિધિ તારેહે. જો૦ ૩
સાજણિયા પણ દુરગતિજ દીયેહે, તિણશું દૂર રહિજેહે;
છોડાવે જે ગરભાવાસથીહે, તિણશું સંગતિ મિલિજેહે. જો૦ ૪
નામ જપીજે શ્રી ચંદ્રબાહુનોહે, નિશદિન ધ્યાન ધરીજેહે;
તે સલહીજે કર જિનરાજનોહે, જિ કરલેખ લિખીજેહે. જો૦ ૫

## ૧૪ શ્રી ભુજંગજિન સ્તવન.

[ પાંડવ વાંદતાં મનમોહેરે—એ દેશી ]

શ્રીભુજંગજિન વંદીયે, ચિરનંદીયે જિમ જગમાંહિરે;
મનમાંહિ આનંદીયે, દુખકંદિયે ધરી ઉછાંહિરે;
ઉછાંહિ સાહિબ આજ, જગતગુરૂ નિરખીયા સુખકંદરે;
સુખકંદ અમંદ આનંદ, ચિદાનંદ ભેટિયે જિનચંદરે ૧
જે માહરૂં મુજમાં અછે, પ્રગટે તે અક્ષય ભાવરે;
જેહ અનાદિ સંયોજિના, કર્માદિક પુદગલવૃંદરે. સુ૦ ૨
આયતિતો વિસંજોજિના, રૂપે ભવિ યોગ્ય અતંદ્રરે;
ભવિ યોગ્ય અતંદ્ર સભાવના, શદ્રશ ગુણ યોગ્યતા મકરંદરે.સુ૦ ૩
કારજે કારણ મુખ્યતા, એ દીસે સવ સમાનરે;

આપબળે અરિ જીતવા, તિહાં આણા તુહ્મ પરધાન;
તિહાં આણા તુહ્મ પરધાન, સંવેગરસભાવીયા સુખકંદરે; સુ૦ ૪
પવન પ્રભાવે કર્મનો, તરતો દીસે દ્રતિ લોકરે;
જ્ઞાનવિમલ પ્રભુ ધ્યાનથી, ભવજલધિ તરે ભવિલોકરે;
ભવિલોક લહે સુખથોક, નમિ ચરણથી અરિવૃંદરે. સુ૦ ૫

## ૧૫ શ્રી ઇશ્વરજિન સ્તવન

[ સોહાગણી જાણી એ દેશી ]

ઇશ્વરજગદીશ્વર કેસરચરચિત કાય;
લીલા અલેવસર, સુરપતિ સેવિત પાય. ૧
અકલંક નિરીહા, દીહા ધન મુજ આજ,
આજ ધન એ જીહા, જિનગુણ સંથુતિકાજ. ૨
નિરાગી ત્યાગી વૈરાગી, શોભાગી શિરદાર;
વડભાગી તુજશું, લયલાગી એકતાર. ૩
નિરદૂષિત ભૂષિત, શોષિત ભવજળ સિંધુ,
સવિ ઉપકૃત કારક, નિઃકારણજગબંધુ.
જસ જ્ઞાનવિમલ ગુણ, ગુહરીવાણી ગાજે;
ઉદાશીન સભાવે, જંગઠકુરાઇ રાજે. ૫

## ૧૬ શ્રી નમિપ્રભુજિન સ્તવન.

( અરજ અરજ સુણોને રૂડા રાજીયાહોજી—એ દેશી. )

નમિપ્રભ નમિપ્રભ પ્રભુજી વીનવું હોલાલ, પામી વર પ્રસ્તાવ;
જાણો છો ૨ વિણ વીનવે હોલાલ, તો પણ દાસ સ્વભાવ. ન૦ ૧

હું કરતા ૨ પરભાવનો હોલાલ, ભુકતા પુદગલ રૂપ;
ગ્રાહક ૨ વ્યાપક એહનો હોલાલ, રાચ્યો જડ ભવભૂપ. ન૦ ૨
આતમ ૨ ધર્મ વિસારીયો હોલાલ, સેવ્યો મિથ્યા ભાગ;
આશ્રવ ૨ બંધપણો કર્યો હોલાલ, સંવર નિર્જર ત્યાગ. ન૦ ૩
જડ ચળ ૨ કર્મ જે દેહતે હોલાલ, જાણો આતમ તત્વ;
બહિરાતમ ૨ તા મેં ગ્રહી હોલાલ, તનુરંગે એકત્વ. ન૦ ૪
કેવળ ૨ જ્ઞાન મહોદધિ હોલાલ, કેવળદંસણ બુદ્ધ;
વીરજ ૨ અનંત સ્વભાવનો હોલાલ, ચારિત્ર ક્ષાયક શુદ્ધ. ન૦ ૫
વિશ્રામિ ૨ જિન ભાવના હોલાલ, સ્યાદ્વાદિ અપ્રમાદ;
પરમાતમ ૨ પ્રભુ દેખતા હોલાલ, ભાગિ ભ્રાંતિ અનાદ. ન૦ ૬
જિન સમ ૨ સત્તા ઓળખી હોલાલ, તસુપ્રાગભાવની ઈહ;
અંતર ૨ આતમતા લહે હોલાલ, પરપરણુતની રીહ. ન૦ ૭
પ્રતિછંદે ૨ જિનરાજનો હોલાલ, કરતા સાધકભાવ;
દેવદેવચંદ્ર પદ અનુભવે હોલાલ, શુદ્ધાત્તમપ્રાગ્ભાવ. ન૦ ૮

## ૧૭ શ્રી વીરસેનજિન સ્તવન.

( લાછલદે માત મલ્હાર...એ દેશી. )

વીરસેન જગદીશ, તાહરી પરમ જગીસ;
આજહે દીસેરે વીરજતા, ત્રિભુવનથી ઘણીજી. ૧
અનહારી અશરીર, અક્ષય અજય અતિ ધીર;
આજહો અવિનાસી અલેશી ધ્રુવ પ્રભુતા બણીજી. ૨

અતિઈંદ્રીયગત કોહ, વિગત માયમય લોહ;
આજહો સોહેરે મોહે તું જગજનાભણીજી. ૩
અમર અખંડ અરૂપ, પૂર્ણાનંદ સ્વરૂપ;
આજહો ચિદ્રુપે થિર સમતાધણીજી. ૪
વેદ રહિત અકષાય, શુદ્ધ સિદ્ધ અસહાય;
આજહો ધ્યાયક ને ધ્યેયપદે ગ્રહ્યોજી. ૫
દાન લાભ નિજ ભોગ, શુદ્ધ સગુણ ઉવભોગ;
આજહો અજોગી કરતા ભોકતા પ્રભુ લહ્યોજી. ૬
દરસણ જ્ઞાન ચારિત્ર, સકળ પ્રદેશ પવિત્ર;
આજહો નિરમળ નિસ્સંગી અરિહા વંદીયેજી. ૭
દેવચંદ્ર જિનચંદ્ર, પૂર્ણાનંદનો વૃંદ;
આજહો જિનવર સેવાથી ચિર આનંદીયેજી. ૮

## ૧૮ શ્રી મહાભદ્રજિન સ્તવન.

(તટ યમુનાનોરે અતિ રલીયામણોરે...એ દેશી.)

મહાભદ્ર જિનરાજ, રાજ વિરાજેહો આજ તુમારડોજી;
ક્ષાયકવીર્ય અનંત, ધર્મ અભંગેહો તું સાહિબ બડોજી. ૧
હું બલિહારીરે શ્રી જિનવરતણીરે.
કર્ત્તા ભોકતા ભાવ, કારક કારણ હો તું સ્વામી છતાજી;
જ્ઞાન પ્રધાન પ્રધાન, સરવ વસ્તુનાહો ધરમ પ્રકાશતાજી. હું૦ ૨
સમ્યગદર્શનમિત્ત, થિર નિર્દ્ધારેરે અવિસંવાદતાજી;
અવ્યાબાધ સમાધિ, કોર અનશ્વરેરે નિજ આનંદતાજી. હું૦ ૩

દેશ અશંખ પ્રદેશ, નિજ નિજ રીતેરે ગુણસંપતિ ભરયાજી;
ચારિત્રદુર્ગ અભંગ, આતમશકતેહો પરજય સંચરયાજી. હું૦ ૪
ધર્મ ક્ષમાદિક સન્ય, પરિણતિ પ્રભુતાહો તુજબળ આકારોજી;
તત્ત્વ સકલ પ્રાગભાવ, સાદિ અનંતીરે રીતે પ્રભુ ધરચોજી.હું૦ ૫
દ્રવ્યભાવઅરિ લેશ, સકલ નિવારીરે સાહિબ અવતરચોજી;
સહુજ સ્વભાવ વિલાસ,ભોગી ઉપયોગીરે ગ્યાનગુણે ભરચોજી હું૦૬
આચારિજ ઉવઝાય, સાધક મુનિવરહો દેશવિરતધરૂજી;
આતમસિદ્ધ અનંત, કારણરૂપેરે યોગક્ષેમંકરૂજી. હું૦ ૭
સમ્યગદ્રષ્ટિજીવ, આણારાગીહો સહુ જિનરાજનાજી;
આતમસાધન કાજ, સેવે પદકજહો શ્રી મહારાજનાજી. હું૦ ૮
દેવચંદ્રજિનચંદ્ર, ભગતે રાચેહો ભવિ આતમ રૂચીજી;
અવ્યય અક્ષય શુદ્ધ, સંપતિ પ્રગટેહો સત્તાગતિ સુચીજી.હું૦ ૯

## ૧૯ શ્રી ચંદ્રયશાજિન સ્તવન.

( ઈડર આંબા આંબલીરે—એ દેશી. )

ચંદ્રયશા સુસીમાપુરીરે, વચ્છવિજય વિહરંત;
પશ્ચિમદિશે પુષ્કલવરેરે, પદમાવતીનો કંત.
જગતગુરૂ તુમ સમ અવર ન કોય. જ૦ ૧
સર્વભૂતી ગંગા તણોરે, પુત્ર પવિત્ર ચરિત્ર;
સાન્વયીનામે હારીયોરે, ચંદ્રચરણ રહે નિત્ત. જ૦ ૨

મઈ સુય ઓહિ મણુપજવારે, તારા નક્ષત્ર ગ્રહ ચંદ્ર;
ખયોપશમજ્યોતિ ખાયક મિલીરે, ઉગ્યો કેવળ દિણુંદ. જ૦ ૩
જુગપદ જીવ અસંખનારે, સંશય છેદનહાર;
નિજ નિજ ભાષા પરિણમેરે, વાણી પુષ્કર ધાર. જ૦ ૪
એક સો જોયણ ચિહુંદિશેરે, ઉંચ અધો પણવીશ.
રોગ વૈરાદિક ભય નહીરે, જિહાં વિચરે જગદીશ. જ૦ ૫
સુર નર મધુકર પરે રમેરે, પય અરવિંદ પરાગ;
ક્ષમાવિજય જિનરાજનોરે, છાનો નહિં પરભાગ. જ૦ ૬

## ૨૦ શ્રી અજિતવીર્યજિન સ્તવન.

[ તુમ્હે પીતાંબર પહિરોજી...એ દેશી, ]

અજિતવીરજ જિનચંદોજી, જીવન જયકારી. રાજમહીપકુલેચંદો;જી૦
પ્રભુમાત કનીનિકા જાયોજી, જી૦ રત્નમાલા હૃદય સુહાયોજી. જી૦૧
પુષ્કળવર પશ્ચિમ પામીજી, જી૦ નલીનાવતીવિજય સુધામીજી;૦
વર નયરી અયોધ્યાયે દીપેજી,જી૦તનુ તેજે રવિ શશિ જીપેજી.જી૦૨
સ્નેહપાત્ર અધો નવી ધારોજી,જી૦ થિરકાંતી પવનનો શ્યોચારોજી જી૦
નિરધુમ વાટિ ન બાળોજી, જી૦ જુગપદ ત્રિહુ જગ અજુઆલોજી.જી૦
સવિ ભાવ મંગલ તુમ પાસેજી, જી૦ તિણે સ્વસ્તિક ચિન્હ પ્રકાશેજી
પૂજા થિતિ કરત ન હીસેજી, જી૦નિંદાકારક નાવ રીસેજી. જી૦ ૩
અપરાધ ખમો કિમ કહિયેજી, જી૦ ક્રોધાદિક લેશ ન લહિયેજી. જી૦
ભેટણો શી વસ્તુનો કીજેજી, જી૦ પરદ્રવ્યે કદિય ન રીઝેજી. જી૦૫

કીણુ રીતે સ્વામી મનાવુંજી, જી૦ કળ બળ છળ દાવે ફાવુંજી; જી૦
તોય આશ તુમારી કીજેજી, જી૦ મોટાથી કારજ સીઝેજી. જી૦૬
તુમ ગુણ ગંગાજળ નાહ્યાજી, જી૦ ઘનકર્મ્મ જબાલ ગમાયાજી. જી૦
તેહ સ્નાતકભાવ કહાયાજી, જિ૦ક્ષમાવિજયજિનપદ પાયાજી. જી૦૭

## ૨૧ શ્રી વિહરમાનજિન સ્તવન.

[ રાગ ધનાશ્રી–માઇ ધન્ય સુપન–એ દેશી. ]

ઇમ પંચ વિદેહે, સંપ્રતિ જિનવર વીશ;
ચઉત્રીશ અતિશય, વાણી ગુણ પાંત્રીશ. ૧
પણ ધણુસય ઉંચી, કંચનવરણી કાય;
વિચરંતા પૂરવ, લાખ ચોરાશી આય. ૨
દશ દશ લક્ષ કેવળી, સર્વ મીલી હોય કોડી;
સો સો કોડી સાધુ, પ્રણમું પદ કર જોડી. ૩
સરવાલો કરતાં, દો સહસ કોડી અણગાર;
ગણધર પદ તીરથ, થાપે સંઘ ઉદાર. ૪
સાહુણી સુ શ્રાવક, ભાવી સંખ્ય ન ભાખી;
તેહ કિમ કહિવાયે, જિહાં નહી અક્ષર સાખી. ૫
ધન્ય ગામ નગર પુર, પાટણ વન આરામ;
પ્રભુપદરજ પાવન, પંચ કલ્યાણક ઠામ. ૬
ધન્ય રાજા રાણી, ધન્ય પુરજન ભવિપ્રાણી;
પીયે કાન કચોળે, જિનવચ સાકર પાણી. ૭

બહુરાગે અનુભવે, રસ જાગે શુભ ઈહા;
રસના ફળ લીધો, ધન્ય જીહા ધન્ય દીહા. ૮

સત્તર નવ્યાસી, રાજનગર ચોમાશી;
મુનિ દીપવિજયના, કહેણથી કિધિ વીશી. ૯

તપગણ ઉદયાચલ તરૂણ તરણી ઉપમાન;
વિજયસિંહ સૂરીશ્વર, જિનશાસન સુલતાન. ૧૦

નિજ હસ્તે દિક્ષિત, શિક્ષિત આગમરાસ;
સંવેગ સુરંગી, સત્યવિજય પંન્યાસ. ૧૧

ગંગાજલ ઉજ્વલ, કીરતી કામિની કંત;
શ્રીકપુરવિજય કવિ, મહીમંડળ જયવંત. ૧૨

વયરાગી ત્યાગી, ભદ્રક શુભ ગુણરાગી;
શ્રીક્ષમાવિજયગણી, સેવાથી મતિ જાગી. ૧૩

આજ પુણ્યોદય મુજ, પરમેસર ગુણ ગાયા;
જિનવિજય સુભકતે, ધમ્મર્ધ્યાન સુખ પાયા. ૧૪

## ૧ શ્રી ગિરનાર તીર્થ સ્તવન.

તોરણથી રથ ફેરી ચાલ્યા કંતરે, પ્રીતમજી.
આઠ ભવની પ્રીતડી તોડી તંત; મારા પ્રીતમજી.
નવમે ભવ પણ નેહ ન આણ્યો મુજજરે પ્રીતમજી

તો શે કારણ એટલે આવવું તુજજ. મારા પ્રીતમજી.
એક પોકાર સુણી તીર્યંચનો એમરે, પ્રીતમજી
મૂકો અબળા રોતી પ્રભુજી કેમ; મારા પ્રીતમજી.
ખટ જીવના રખવાળામાં સીરદારરે, પ્રીતમજી
તો કેમ વિલવતી સ્વામી મૂકો નાર. મારા પ્રીતજી.
શિવવધુ કેરૂં એવું કેવું રૂપરે, પ્રીતમજી.
મુજ મૂકીને ચિતમાં ધરી જિનભૂપ; મારા પ્રીતમજી.
જિનજી લીએ સહસાવનમાં વ્રત ભારરે, પ્રીતમજી.
ઘાતી કરમ ખપાવીને નિરધાર. મારા પ્રીતમજી.
કેવળરિદ્ધિ અનંતી પરગટ કીધરે, પ્રીતમજી.
જાણી રાજુલ એમ પ્રતિજ્ઞા લીધ; મારા પ્રીતમજી.
જે પ્રભુજીએ કીધું કરવું તેહરે, પ્રીતમજી.
એમ કહી વ્રતધર થઇ પ્રભુ પાસે જેહ. મારા પ્રીતમજી.
પ્રભુ પહેલાં નિજ શોકયનું જોવા રૂપરે, પ્રીતમજી.
કેવળજ્ઞાન લહી થઇ સિદ્ધ સ્વરૂપ; મારા પ્રીતમજી.
શિવવધુ વરિયા જિનવર ઉત્તમ નેમરે, પ્રીતમજી.
પદ્મ કહે પ્રભુ રાખો અવિચળ પ્રેમ. મારા પ્રીતમજી.

## ૨ શ્રી આબુજીનું સ્તવન

( કોઇ લો પર્વત ધુંધલોરે લો—એ દેશી. )

આબુઅચલ રળીઆમણોરે લો, દિલવાડે મનોહાર; સુખકારીરે.
વાદ લીએ જે સ્વર્ગશુંરે લો, દેવળ દીપે ચાર બાલહારીરે;
ભાવ ધરીને ભેટીએરે લો ૧

બાર પાદશાહ વશ કીયારે લો, વિમળ મંત્રીસર સાર; સુ૦
તેણે પ્રસાદ નિપાઇઓરે લો, રિખભજી જગદાધાર. બ૦ ભા૦ ૨

તેહુ ચૈત્યમાં જિનવરૂરે લો, આઠસેંને ઓતેર; સુ૦
જે દીઠે પ્રભુ સાંભરે લો, મોહ કર્યો જેણે જેર. બ૦ સુ૦ ૩

દ્રવ્ય ભાવથી તિમ વળીરે લો, દીધી દેઉલ કાજ; સુ૦
ચૈત્ય તીહાં મંડાવીયુંરે લો, લેવા શીવપુર રાજ. બ૦ આ૦ ૪

પંદરસેં કારીગરોરે લો, દીવીધરા પ્રત્યેક; સુ૦
તેમ મર્દનકારક વળીરે લો, વસ્તુપાળ એ વિવેક. બ૦ આ૦ ૫

કોરણી ઘોરણી તીહાં કરીરે લો, દીઠે બને તે વાત; સુ૦
પણ નવિ જાએ મુખે કહીરેલો, સુરતરૂ સમ વિખ્યાત. બ૦ આ૦૬

ત્રણે વરસે નીપનોરે લો, તે પ્રસાદ ઉત્તંગ. સુ૦
બાર ક્રોડ ત્રેપન લક્ષનેરે લો, ખરચ્યા દ્રવ્ય ઉછરંગ. બ૦ આ૦૭

દેરાણી જેઠાણીના ગોખલારે લો, દેખતાં હરખ તે થાય; સુ૦
લાખ અઢારજ ખરચીઆરે લો; ધન ધન એની માય. બ૦ આ૦૮

મૂળનાયક નેમીસરૂરે લો. જનમ થકી બ્રહ્મચાર; સુ૦
નિજ સત્તા રમણી થયારે લો, ગુણ અનંત આધાર, બ૦ આ૦ ૯

ચારસેંને અડસઠ ભલારે લો, જિનવર બીંબ વિશાળ; સુ૦
આજ ભલેઅમે ભેટીઆરે લો, પાપ ગયા પાતાળ. બ૦ આ૦ ૧૦

રિખભ ધાતુમય દેહરેરે લો, એકસો પીસતાલીશ બીંબ; સુ૦
ચામુખ ચૈત્ય જુહારીએરે લો, મરૂધરમાં જેમ અંબ. બ૦ ૧૧

બાણુ કાઉસ્સગ્ગિઆ તેહમાંરે લો, ઓગણુશી જિનરાય, સુ૦
અચળગઢે બહુ જિનવરારે લો, વંદુ તેના પાય. બ. આ૦ ૧૨

ધાતુમય પરમેશ્વરારે લો, અદ્દભુત જાસ સ્વરૂપ, સુ૦
ચૌમુખ જિનને વંદતાંરે લો, થાએ નિજગુણ ભૂપ. બ૦ આ૦૧૩

અઢારસેં ને અઢારમાંરે લો, ચૈત્ર વદિ ત્રીજ' દિન્ન, સુ૦
પાલનપુરના સંઘશુંરે લો, પ્રણમી થયો ધન ધન્ન બ૦ આ૦ ૧૪

તેમ શાંતિ જગદીશરૂરે લો, જાત્રા કરી અદભુત; સુ૦
જે દેખી જિન સાંભરેરે લો, સેવા કરે પુરહુત; બ૦ આ૦ ૧૫

એમ જાણી આબુતણીરે લો, જાત્રા કરશે જેહ; સુ૦
જિન ઉત્તમ પદ પામશેરે લો, પદ્મવિજય કહે તેહ. બ૦ આ૦૧૬

## ૨૩ અષ્ટાપદજીનું સ્તવન.

અષ્ટાપદ અરિહંતજી, મારા વાલાજીરે;
આદીશ્વર અવધાર, નમીએ નેહશું; મારા.
દશ હજાર મુણિંદશું, મા. વરિયા શિવવધુ સાર. નમીયે. ૧
ભરત ભૂપ ભાવે કર્યો, મા. ચઉમુખ ચૈત્ય ઉદ્ધાર ન૦
જિનવર ચોવીશે જિહાં, મા. થાપ્યા અતિ મનોહાર. ન૦ મા૦ ૨
વરણ પ્રમાણે બિરાજતા, મા. લંછન ને અલંકાર; ન૦
સમનાસાયે શોભતા, મા૦ ચિહું દિશે ચાર પ્રકાર. ન૦ મા૦ ૩
મંદોદરી રાવણ તિહાં, મા૦ નાટક કરતાં વિચાળ;ન૦
તૂટી તાંત તવ રાવણે મા૦ નિજ કર વિણા તતકાળ. ન૦ મા૦ ૪
કરી બજાવી તિણે સમે, મા૦ પણ નવી ત્રોડયું તે તાન ન૦
તીર્થંકરપદ બાંધીયું, મા. અદભુત ભાવશું ગાન. ન૦ ૫
નિજ લબ્ધે ગૌતમ ગુરૂ, મા. કરવા આવ્યા તે જાત; ન૦
જગચિંતામણી તિહાં કર્યું, મા. તાપસ બોધ વિખ્યાત. ન૦ ૬
એ ગિરિ મહિમા મોટકો, મા. તેણે ભવપામે જે સિદ્ધ; ન૦
જે નિજ લબ્ધે જિન નમે, મા. પામે શાશ્વત વૃદ્ધિ. ન૦ ૭
પદ્મ વિજય કહે એહનાં, મા. કેતાં કરૂંરે વખાણ; ન૦
વીરે સ્વયંમુખે વરણવ્યો, મા. નમતાં કોડી કલ્યાણ. ન૦ ૮

## ૨૪ સમેતશિખર તીર્થ સ્તવન.

જઈ પૂજો લાલ સમેતશિખર ગિરિ ઉપર પાસજી શામળા;
જિન ભગતે લાલ કરતાં જિનપદ પાવે ટળે ભવઆંબળા.

છહરી પાળી દરશન કરીએ, ભવ સંચિત પાતિકડાં હરીએ;
નિજ આતમ પુન્યરસે ભરીયે, જઇ પૂજો લાલ. ૧
એ ગિરિની નિત સેવા કીજે, ભજી શિવ સુખડાં કરમાં લીજે;
ચિદાનંદ સુધારસ નિત પીજે, જઇ પૂજો લાલ. ૨
જિહાં શિવરમણી વરવા આયા, અજિતાદિક વીશે જિનરાયા,
બહુ મુનિવરશુ શિવવધુ પાયા, જઇ પૂજો લાલ. ૩
તેણે એ ઉત્તમ ગિરિ જાણો, કરો સેવા આતમ કરી રયાણો;
એ ફરી ફરી નહી આવે ટાણો, જઇ પૂજો લાલ. ૪
તુમે ધન કણ કંચનની માયા, કરતાં અશૂચી કીની કાયા;
કેમ તરશો વિણ એ ગિરિરાયા, જઇ પૂજો લાલ. ૫
ઈ શુભમતિ સુણી તાજા, એ ભજો જગગુરૂ આતમરાજા;
ગિરવર ફરશો ધરી મન શુચી માજા, જઇ પૂજો લાલ. ૬
સંવત શર રીખી જગચંદ શમે, ફાગણ શુદી તીજ બુધવાર ગમે;
ગિરિ દરશણ કરતાં ચિત્ત રમે, જઇ પૂજો લાલ. ૭
જિનના પદપદ્મતણી સેવા, કરતાં નિત લહીએ શિવમેવા;
કહે રૂપ વિજય મુજ તે હેવા, જઇ પૂજો લાલ. ૮

## ૨૫ શ્રી તીર્થમાળાનું સ્તવન.

શેત્રુંજે રીખવ સમોસર્યા, ભલા ગુણ ભર્યા રે;
સિદ્ધા સાધુ અનંત, તીરથ તે નમુરે.
ત્રણ કલ્યાણક તીહાં થયાં, મુગતે ગયારે, નેમીસર ગિરનાર. તી૦૧
અષ્ટાપદ એક દેહરો, ગિરિ સેહરોરે; ભરતે ભરાવ્યા બીંબ. તી૦૨

આબુ ચોમુખ અતિ ભલો, ત્રિભુવન તિલોરે; વિમલ વસે વસ્તુપાળ. તી૦
સમેતસીખર સોહામણો, રળીઆમણોરે; સિદ્ધા તીર્થંકર વીશ. તી૦૪
નગરી ચંપા નીરખીએ, હઈડે હરખીએ; સિદ્ધા શ્રી વાસુપૂજ્ય. તી૦૫
પૂરવદિશિ પાવાપુરી, રીધ્ધે ભરીરે; મુગતી ગયા મહાવીર. તી૦ ૬
જેશલમેર જુહારીએ, દુઃખ વારીએરે; અરિહંત બીંબ અનેક. તી૦૭
વીકાનેરજ વંદીએ, ચિર નંદિએરે; અરિહંત દેહેરા આઠ. તી૦ ૮
સોરીસરો શંખેસરો, પંચાસરોરે; ફલોધિ થંભણ પાસ. તી૦ ૯
અંતરીક અઝાવરો, અમીઝરોરે; જીરાવલો જગનાથ. તી૦ ૧૦
ત્રૈલોકય દીપક દેહુરિ, જાત્રા કરોરે; રાણકપુર સહેસ. તી૦ ૧૧
નાડુલાઈ જાદવો, ગોડી સ્તવોરે; શ્રી વરકાણો પાસ. તી૦૧૨
નંદીસરનાં દેહરાં, બાવન ભલાંરે; રૂચકકુંડલે ચ્યાર ચ્યાર. તી૦ ૧૩
શાસ્વતી શાસ્વતી, પ્રતીમા છતીરે; સ્વર્ગ મૃત્યુ પાતાળ. તી૦૧૪
તીરથ જાત્રાફળ તિહાં, હોજ્યો મુજ ઇહાંરે; સમયસુંદર કહે એમ. તી૦

## ૨૬ દીવાળીનાં સ્તવન.

[ ચીત ચોખે ચોરી નવ કરીએ–એ દેશી. ]

રમત ગમતી હમુન સાહેલી, બીહુ મળી લીએ એ તાળી;
સખી આજ અનોપમ દીવાળી.
લીલ વીલાસે પુરણ માસે, પોશ દશમની શી રઢીઆળી. સ૦ ૧
પશુપંખી વનવશીયા વાશી, તે પણ સુખીયાં સમકાળી; સ૦
એણીરિતે ઘર ઘર ઓછવશે, સુખીયાં જગતમે નરનારી. સ૦ ૨

ઉત્તમ ગ્રહ વિશાખા જોગે, જનમ્યા પ્રભુજી જયકારી; સ૦
સાતે નરકે થયાં અજવાળાં, થાવરને પણ સુખકારી. સ૦ ૩
માત નમી આઠે દીગ કુમરી, અધો લોક વશનારી; સ૦
શુતી ઘર ઇશાને કરતી, જોજન એક અશુચિ ટાળી. સ૦ ૪
ઉરધ લોકની આઠ કુમારી, વરશાવે જળ કુશુમાળી; સ૦
પુરવ રૂચક આઠ દર્પણ ધરતી, દક્ષણની અડકલશાળી. સ૦ ૫
અડ પશ્ચિમની પંખા ધરતી, ઉત્તમ આઠ ચમર ઢાળી; સ૦
વીદીશીની ચઉદીપ ધરંતી, રૂચક દીપની ચઉબાળી. સ૦ ૬
કેળ તણાં ઘર ત્રણ કરીને, મરદન સ્નાન અલંકારી; સ૦
રક્ષા પોટલી બાંધી બાહુને, મંદિર મેલ્યાં શણગારી. સ૦ ૭
પ્રભુ મુખ કમળે અમરી ભમરી, રીશ રમંતી લટકારી; સ૦
પ્રભુ માતા તુજ જગતની માતા, જગ દીપકની ધરનારી. સ૦ ૮
માજી તુમ નંદન ઘણું જીવો, ઉત્તમ જીવને ઉપગારી. સ૦
છપ્પનદિગ કુમરી ગુણ ગાતિ, શ્રી શુભવીર વચનશાળી. સ૦ ૯

## ૭ પંચમીનું લધુ સ્તવન.

પંચમી તપ તમે કરોરે પ્રાણી; જેમ પામો નિર્મળ જ્ઞાનરે;
પહેલું જ્ઞાનને પછિ કિરિયા, નહિં કોઇ જ્ઞાન સમાનરે. પં૦ ૧
નંદીસૂત્રમાં જ્ઞાન વખાણ્યું, જ્ઞાનના પાંચ પ્રકારરે;
મતિ શ્રુત અવધિ ને મન પર્યવ, કેવળ જ્ઞાન શ્રીકારરે. પં૦ ૨
મતિ અઠાવીશ શ્રુત ચઉદહ વીશ, અવધિ છે અસંખ્ય પ્રકારરે;
દોય ભેદે મનપર્યવ દાખ્યો, કેવળ એક ઉદારરે. પં૦ ૩

ચંદ્ર સૂર્ય ગ્રહ નક્ષત્ર તારા, એકથી એક અપારરે;
કેવળજ્ઞાન સમું નહિ કોઇ, લોકાલોક પ્રકાશરે. પં૦ ૪
પારસનાથ પ્રસાદ કરીને, મ્હારી પૂરો ઉમેદરે;
સમયસુંદર કહે હું પણ પામું, જ્ઞાનનો પાંચમો ભેદરે. પં૦ ૫

## ૮ શ્રી અષ્ટમીનું સ્તવન.

હાંરે મારે ઠામ ધરમના સાડા પચવીશ દેશ જો,
દીપેરે ત્યાં દેશ મગધ સહુમાં શિરેરે લો;
હાંરે મારે નગરી તેહમાં રાજગ્રહી સુવિશેષ જો,
રાજેરે ત્યાં શ્રેણિક ગાજે ગજપરેરે લો. ૧
હાંરે મારે ગામ નગર પુર પાવન કરતા નાથ જો,
વિચરંતાં તિહાં આવી વીર સમોસર્યારે લો;
હાં૦ ચઉદ સહસ મુનિવરના સાથે સાથજો,
સૂધારે તપ સંયમ શિયળ અલંકર્યારે લો. ૨
હાં૦ ફુલ્યા રસ ભર ઝુલ્યા અંબ કદંબ જો,
જાણુંરે ગુણશિલવન હસિ રોમંચીઓરે લો;
હાં૦ વાચા વાય સુવાય તિહાં અવિલંબ જો,
વાસેરે પરિમળ ચિહું પાસે સંચિઓરે લો. ૩
હાં૦ દેવ ચતુરવિધ આવે કોડા કોડ જો,
ત્રિગડુંરે મણિ હેમ રજતનું તે રચેરે લો;
હાં૦ ચોસઠ સુરપતિ સેવે હોડા હોડ જો,
આગેરે રસ લાગે ઇંદ્રાણિ નચરે લો. ૪

હાં૦ મણિમય હેમ સિંહાસન બેઠા આપ જો,
ઢાળેરે સુર ચામર મણિ રત્ને જડયાંરે લો;
હાં૦ સુણતાં દુંદુભિ નાદ ટળે સવિ ટાપ જો,
હાં૦ વરસે સુર ફુલ સરસ જાનું અડયાંરે લો. ૫
હાં૦ તાજે તેજે ગાજે ઘન જયમ ઘુમજો,
રાજેરે જિનરાજ સમાજે ધર્મનેરે લો;
હાં૦ નિરખી હરખી આવે જન લુંબ જો,
પોષેરે રસ ન પડે ધોખે ભર્મમાંરે લો. ૬
હાં૦ આગમ જાણી જિનનું શ્રેણિક રાય જો,
આવ્યોરે પરિવરિયો હય ગય રથ પાયગેરે લો;
હાં૦ દેઈ પ્રદક્ષિણા વંદિ બેઠા ઠાય જો,
સુણવારે જિન વાણિ મોટે ભાયગેરે લો. ૭
હાં૦ ત્રિભુવન નાયક લાયક તવ ભગવંત જો,
આણીરે જિન કરૂણા ધર્મ કથા કહેરે લો;
હાં૦ સહજ વિરોધ વિસારી જગના જંત જો,
સુણવારે જિન વાણી મનમાં ગહ ગહેરે લો. ૮

## ૯ ઢાળ બીજી.

( વાલિમ વહેલારે આવજો...એ દેશી. )

વીર જિનવર એમ ઉપદિશે, સાંભળો ચતુર સુજાણરે;
મોહની નિંદમાં કાં પડો, ઓળખો ધર્મના ઠાણરે;
વિરતિ એ સુમતિ ધરી આદરો. ૧

પરિહરો વિષય કષાયરે, બાપડા પંચ પરમાદથી;
કાં પડો કુગતિમાં ધાયરે. વિ૦ ૨
કરી શકો ધર્મ કરણી સદા, તો કરો એ ઉપદેશરે;
સર્વ કાળે કરી નવિ શકો, તો કરો પર્વ સુવિશેષરે. વિ૦ ૩
જૂજૂઆ પર્વ ષટમાં કહ્યાં, ફળ ઘણાં આગમે જોયરે;
વચન અનુસારે આરાધતાં, સર્વથા સિદ્ધિ ફળ હોયરે. વિ૦ ૪
જીવને આયુ પરભવ તણું, તિથિદિને બંધ હોય પ્રાયરે.
તેહ ભણિ એહ આરાધતાં પ્રાણિઓ સદગતિ જાયરે. વિ૦ ૫
તેહવે અષ્ટમિ ફળ તિહાં, પૂછે ગોતમ સ્વામરે;
ભવિક જીવ જાણવા કારણે, કહે વીર પ્રભુ તામરે. વિ૦ ૬
અષ્ટ મહા સિદ્ધિ હોય એહથી, સંપદા આઠની વૃદ્ધિરે,
વૃદ્ધિના આઠ ગુણ સંપજે, એહથી આઠ ગુણ સિદ્ધિરે. વિ૦ ૭
લાભ હોય આઠ પડિહારનો આઠ પવયણ ફળ હોયરે;
નાશ અડ કરમનો મૂળથી, અષ્ટામીનું ફળ જોય રે. વિ૦ ૮
આદિ જિન જન્મ દિક્ષા તણો, અજિતનો જન્મ કલ્યાણરે;
ચવન સંભવ તણો એહ તિથે, અભિનંદન નિર્વાણરે. વિ૦ ૯
સુમતિ સુવ્રત નમિ જનમિયા, નેમનો મુક્તિ દિન જાણરે;
પાસ જિન એહ તિથે સિદ્ધલા, સાતમા જિન ચવન માણરે. વિ
એહ તિથિ સાધતો રાજિઓ દંડ વીરજ લહ્યો મુક્તિરે;
કર્મ હણવા ભણિ અષ્ટમી, કહે સુત્ર નિર્યુંક્તિરે; વિ૦૧૧
અતિત અનાગત કાળનાં જિનતણાં કેઇ કલ્યાણરે;

એહ તિથે વળી ઘણાં સંયમી, પામશે પદ નિર્વાણરે. વિ૦ ૧૨

ધર્મ વાસિત પશુ પંખિઆ એહ તિથે કરે ઉપવાસરે;
વ્રતધારિ જીવ પોશો કરે, જેહને ધર્મ અભ્યાસરે. વિ૦ ૧૩

ભાખિયો વીરે આઠમ તણો, ભવિક હિત એહ અધિકારરે;
જિન મુખે ઉચ્ચરી પ્રાણિયા, પામશે ભવ તણોપારરે. વિ૦ ૧૪

એહથી સંપદા સવિ લહે, ટળે કષ્ટની કોડરે,
સેવ જો શિષ્ય બુદ્ધ પ્રેમનો, કહે કાંતિ કર જોડરે. વિ૦ ૧૫

## કલસ.

એમ ત્રિજગ ભાસન અચળ શાસન, વર્દ્ધમાન જિનેશ્વરૂ;
બુદ્ધ પ્રેમ ગુરૂ સુ પસાય પામિ, સંથૂણ્યો અલવેસરૂ;
જિન ગુણ પ્રસંગે ભણ્યો, રંગે સ્તવન એ આઠમ તણો;
જે ભવિક ભાવે સુણે ગાવે, કાંન્તિ સુખ પાવે ઘણો.

# મુનિ મહારાજ શ્રી જીતવીજયજી મહારાજના સ્તવનો તથા સઝાય આદીનો સંગ્રહ નીચે પ્રમાણે છે.

## (૧) સ્તવન.

ચાલો સહીયર મંગલ ગાઈએ, લઈએપ્રભુનું નામરે;
પહેલું મંગલ વિર પ્રભુનું, બીજું ગૌતમ સ્વામીરે,
ત્રીજું મંગલ સ્થુલીભદ્રનું, ચોથુ મંગલ ધર્મરે. ચાલો. ૧
જીવની જયણા નીત નીત કરીએ, ઠીજીએ જીન ધર્મરે;
જીત્ર અજીવને ઓલખીએ, તોસમકીતનો મર્મરે. ચાલો. ૨
છાંણા ઇંધણુ નિતનિત પુજીએ, ચુલે ચંદરવો બાંધીયેરે;
પોચે હાથે વાસિદું વાલીએ, દિવે ઢાંકણું ઢાંકીએ. ચાલો. ૩
શિયાલે પકવાનદિન ત્રીસ, ઉનાળે દીનવીસરે;
ચોમાસે પંદરદિન માન, ઉપર અભક્ષ્ય જાણુરે. ચાલો. ૪
ચૌદ સ્થાનકિયા જીવ ઓલખીએ, પન્નવણા સુત્રની સાખરે;
વતનિત માત્રુ બલખામાહે, અંતર મહુર્ત પાખેરે. ચાલો. ૫
શરીરનો મેલ, નાકનો મેલ, વમનપિત સાતમેરે;
શુક્ર સુણિત મૃત કલેવર, ભીનુ કલેવર અગીઆરમુરે ચાલો. ૬
નગરનો ખાલ અસુચી ઠામ, સ્ત્રી પુરૂષ શંગમેરે;
ઉપજે તિહાં મનુષ્યસમુરછિમ, સ્થાનક જાણો ચૌદમેરે. ચા૦૭
અસંખ્યાતા અંતર મુહુર્ત આયુષે, બીજાનો નહિ પારરે;
બાવીસ અભક્ષ્ય બત્રીસ અનંતકાય, વરજે નરનેનારરે. ચા૦૮

આપવેદના પરવેદના સરખી, લેખવીએ આઠ જામરે;
પદ્મવિજય પશાયથી પામે, જીત ઠામો ઠામરે. ચાલો૦ ૯

## (૨) ચોવીસ તિર્થંકરના આતરાનું સ્તવન.

અરિહંત શું પ્રીતી મંડીરે ત્યારે મોહની માયા સર્વે છંદીરે. દેશી
ચોવીસ જીનને કરી પ્રણામરે, જેથી મનવંછીત સાજે કામરે;
અવસરપિણી આયુ ઓછું ઘણુંરે, ચોવીસ તીર્થંકર-
ના અંતર ભણુંરે. ૧
રીષભ અજીત અંતર એમજાણેરે, પચાસલાખકોડી સાગર માનરે;
સંભવ ત્રીસ અભિનંદન કોડી દશલાખરે, સુમતિ
નવ લાખ કોડી સાગર જાણરે. ૨
પદ્મપ્રભુ કોડીં નેવુ હજારરે, સુપાર્શ્વ નાથ કોડીં નવ હજારરે;
ચંદ્રપ્રભ નવસોકોડી સાગર જાણરે,સુવિધિનાથકોડીનેવુ પ્રમાણરે.૩
નવ કોડી સાગર સીતલનાથનેરે, એક કોડી શ્રેયાંસશિવપુર સાથરે;
સો સાગર છાસઠ લાખ છવીસ હજારરે, વરસે ઉણે
એક કોડી માહે ધારરે. ૪
વાસુપુજ્ય સાગર ચોપન કલ્પે સાખરે. વીમળ ત્રીસ
અનંતનાથ નવ ભાખેરે;
ધર્મ ચાર ત્રણ શાંતિ વખાણરે, પોણો પલ્યોપમ ઓછું આણરે ૫
કુંથુનાથ અધપલ્ય પાઅરસાગરે. ઉણે એક કોડી વરસ હજારરે;
મલીનાથ એક કોડી વરસ હજારરે, મુની સુવૃતચોપનલાખધારરે ૬

નમી છલાખ નેમી પાંચલાખ સારરે, પારસનાથ પોણાચોરાસી હજારે
અઢીસે વરસે શ્રી મહાવીરસ્વામીરે, જીતવિજય નમેશિરનામીરે. ૭

## શ્રી વીસવી હરમાનનું સ્તવન ત્રીજું.

પ્રભુપાર્શ્વનુ મુખડું જોવા ભવોભવના પાતીક ખોવા એ દેશી
રૂષભ લંછન શ્રી સિમંધર સ્વામી, ગજયુગમંધર અંતર જામી,
હરિણ બાહુ કપિ સુબાહુસ્વામી, રવીસુજાત પંચમા મોક્ષ કામી,
વિચરંતા વીસે જીનવંદો, જેમ ભવ ભમવું દુખ છંદોઃ ૧
સસિ સ્વયં પ્રભ છઠા જાણો, સિંહ રૂષભાનંન સાતમા વખાણો,
અંનત વીર્ય ગજ અશ્વ સુર પ્રભ નવમાં, ભાનુ લંછન
વિશાલજીન દશમાં વિ ૨
શંખ વજ ધર રૂષભ ચંદ્રાનન, બારમા શતુકમલ ચંદ્ર બાહુ તેરમાં
નીલ કમલ ભુજંગ ભોગવામી, ચંદ્ર પંદરમાં ઈશ્વર સીવ
ગામી વિ ૩
ભાનુ નેમી પ્રભજીન સોલમાં, રૂષભ લછન વીરસેન સતરમાં;
.ગજ મહાભદ્ર ચંદ્ર દેવજ સાસારા, સાથીઓ અજીત
વીર્ય લાગે પ્યારા વિ. ૪
એ વીશે જીન કંચન વરણા નામ જપતા થઈએ અવરણા
શ્રી ગુરૂપદ પદ્મની સેવા, જીત વંછે નિત્ય શિવપદ લેવા વિપ ઇતી

## શ્રી મલીનાથજી સ્તવન ૪ થું

જીહો મલીજીને સર વંદીએ, જીહો શીવ સુખ કેરી ખાણ.
જીહો ફાગુણ સુદ ચોથે ચવ્યા જીહો નયરી મિથિલામાં જાણ

જીનેસર તું મુજ તારણ હાર જીહો શિવ સુખનાદાતાર ૧
જીહો કુંભ નરેસર રાજીયો, જીહો જીહો રાણી પ્રભાવંતી તાસ,,
જીહો અનુતરથી આવી ઉપના, જીહો નીલવર્ણ તનુ ખાસ જી ૨

જીહો માગસર શુદ્ધ અગ્યારસે જીહો જન્મ દિક્ષાનેરે નાણ;
જીહો લંછન સોહે કલસનું, જીહો ધનુષ્ય પચવીસ તનુમાન જી ૩

જીહો ગણધર અઠાવીસ ભલા, જીહો સાધુ ચાલીસ હજાર;
જીહો સાધવી સેસ પંચાવન, જીહો એક ચાર મહાવૃત
ધારજી જી ૪

જીહો શ્રાવક સમકીત ધારકા, જીહો એક લાખ ત્રયાસી હજાર,
જીહો શ્રાવીકા પુન્ય પ્રભાવીકાજીહો, ત્રણ લાખ સીતેરહજાર જી૦૫

જીહો સંઘ ચતુ વીધ થાપીને, જીહો સહેસ પચાવન આય;
જીહો પાચસે મુનિ પરિવાર સુ જીહો સમેત શીખર
ગીરી ઠાય જી. ૬

જીહો ફાગણ શુદ્ધ બારસ દીને જીહો, સેલે સીકરણ કીધ
જીહો જીત વિજય વંદે તેહને જીહો, જેણે સાસ્વના સુખ લીધ
જીનેસર ૭

## ઇતી સમાપ્ત.

# શ્રી નવપદની આંબિલની ઓળીની વિધિ.

પ્રથમ સહવારમાં વહેલુ ઉઠી પ્રતીક્રમણ કરી પડિલેહણ કરી દેવવંદન કરવું પછી જે પદ હોય તેના આરાધનાર્થે-કરેમીકાઉસગ્ગં વદણુવતિયાએ કહી અન્નથ્થ ઉસસિએણં કહી જેટલા લોગસ્સ હોય તેટલા લોગસ્સનો કાઉસગ્ગં કરવો. પછી વાસક્ષેપ પુજા કરી દરરોજ નવદેરાસરે નવચૈત્યવંદન કરવા અને જો એકજ દેરાસર હોય તો નવપ્રતિમા આગળ કરવા અને તેમ પણ ન હોય તો પછી એકજ જિન બીંબ આગળ પણ નવચૈત્યવંદન અવશ્ય કરવા. પછી ગુરૂ પાસે જઈ શ્રીપાલ ચરિત્ર સાંભળવું અને પચ્ચખાણ કરવું, પછી અચિતજલે જયણા પુર્વક સ્નાન કરી શ્વેત સ્વચ્છ વસ્ત્ર પહેરી જીન મંદીર મધ્યે જઈ દરરોજ સ્નાત્ર તથા અષ્ટ પ્રકારી પૂજા શ્રીકાર ફુલ, નૈવેદ્ય સહિત ભાવ પૂર્વક કરી રહ્યા બાદ જેટલા લોગસ્સનો કાઉસગ્ગ હોય તેટલાજ સાથીયા કાઢી તેના ઉપર ફળ મુકી તેટલાજ ખમાસમણા આપવા પછી વસ્ત્રાંચલે પુંજી જયણા પુર્વક એકાગ્રહ ચીત્તે પ્રભુ સનમુખ લયલીન થઇ ચૈત્યવંદન કરવું, પછી બપોરના દેવ વંદન કરી ચૈત્યવંદન કરી પચ્ચખાણ પારી આંબિલ કરવું. પછી તિવિહારનું પચ્ચખાણકરી ચૈત્યવંદન કરવું. પછી ફુરસદના વખતમાં જેપદ હોય તે પદનું બે હજાર સઝાય ધ્યાન કરવું એટલે વીસ નોકારવાલી ગણવી. પછી ત્રીજા

પહોરનો સમય થાય એટલે પડિલેહણ કરી દેવવંદન કરવું. પછી જીનમંદિર મધે જઇ ધૂપ, પૂજા, આરતી વગેરે કરી પછી ગુરૂનો જોગ હોય તો ઉપાશ્રયે જઈ પ્રતિક્રમણ કરવું. નહિતર પોતાની મેળાએ કરવું છેવટે સુતી વખતે સંથારા પોરસીની ગાથા ભણી સંથારો કરવો એ સંક્ષેપમાં લખેલ છે વીશેષ પુજ્ય-વરમુની મહારાજો તથા વિનયોચિત પ્રાજ્ઞ પુરૂષોથી ખપ કરવા ભલામણ કરી અત્રે વીરમુછું. કાઉસગ્ગ ખમાસમણા નીચે મુજબછે.

| પદનું નામ | લોગસ્સ. | ખમાસમણા | નોકારવાલી |
|---|---|---|---|
| ૧ ॐ ह्रीँ णमोअरिहंताणं | ૧૨ | ૧૨ | ૨૦ |
| ૨ ॐ ह्रीँ णमो सिद्धाणं | ૮ | ૮ | ૨૦ |
| ૩ ॐ ह्रीँ णमोआयरियाणं | ૩૬ | ૩૬ | ૨૦ |
| ૪ ॐ ह्रीँ णमोउवझयाणं | ૨૫ | ૨૫ | ૨૦ |
| ૫ ॐ ह्रीँ णमोलोए सव्व साहूणं | ૨૭ | ૨૭ | ૨૦ |
| ૬ ॐ ह्रीँ णमोदंसणस्स | ૬૭ | ૬૭ | ૨૦ |
| ૭ ॐ ह्रीँ णमोनाणस्स | ૫૧ | ૫૧ | ૨૦ |
| ૮ ॐ ह्रीँ णमोचारितस्स | ૭૦ | ૭૦ | ૨૦ |
| ૯ ॐ ह्रीँ णमोतवस्स | ૫૦ | ૫૦ | ૨૦ |

# દેવપાલકૃત સ્નાત્ર પુજા.

ગાથા આર્યા.

મુકતા લંકાર વીકા, રસાર સૌમ્યત્વ કાંન્તી;
કમનીયમૂં સહજ નીજ રૂપ નીર્જીત જગત્રયં,
પાતુ જીન બીંબમ્.
અવણીય કુસુમા હરણં, પયઇ પયઠીય;
મણોહર છછાયં, જીણુ રૂવં મજ્જણુ પીંઠ,
સંખી અંવો સીવં દીસઊ.
બાલ તણુમી સામીય, સુમેરૂ સીહરમી કણુય કલસેહીં.
તીયસા સુરેહીં ણુહવીયો તે ધન્ના જેહીં દીઠો સી;

**(મહારાજને જમણે અંગુઠે પખાલ કરી પૂજા કરી હાથ ધુપીને કુસુમાંજલી લેવી.)**

નમોऽર્હુંત સીદ્ધાચાર્યો પાધ્યાય સર્વ સાધુભ્યઃ

પવીત્ર ઉદક લેઇ અંગ પખાલી, વીવીધ વસ્ત્ર જાદવ ચીર માલી;
પ્રથમ તીર્થંકર પાય પ્રણમીજે, સ્નાત્ર મહોત્સવ રંગે કીજે.
કુસુમાંજલી મેલો આદીજીણુંદા, તોરા ચરણુ કમલ સેવે;
ચોસઠ ઇંદ્રા. કુસુમાંજલી.

સયવત્ત કુંદ માલઇ, બહુ વીહ કુસુમાઇ, પંચ વન્નાઇ;
જીણુનાહ ન્હવણુ કાલે, દીત્તીં સુરા કુસુમાંજલી હીઠા.

એમ કહી કુસુમાંજલી ચડાવવી

## નમોऽર્હત.

ઢાલ. ચાલ.

સીંહાસણ સ્વામી થાપીજે, શ્રેણુ રહીને કુસુમાંજલી લીજે;
કુસુમાંજલી મેલ્હો અજીતજીણંદા, તોરા ચરણ કમલ સેવે.
ચોસઠ ઈંદ્રા. કુસુમાંજલી.

ગાથા, દોહા,

જામુક્કિય સુરા સુરેહીં, મજ્જણ પઢમ જીણેસ;
સાકુસુમાંજલી અવહરઓ, ભવીયહ દુરીય અસેસ.
એમ કહી કુસુમાંજલી ચડાવવી.

## નમોऽર્હત.

ઢાલ. ચાલ.

કનક કલસ જલ નીર્મલ ભરીયે, સ્વામીને શીરપર ન્હવણજ કરીયે;
કુસુમાંજલી મેલ્હો શાંતીજીણંદા, તોરા ચરણ કમલ સેવે.
ચોસઠ ઈંદ્રા. કુસુમાંજલી.

ગાથા આર્યા

ગંધાઈઢીય મહુયર, મણુહર ઝંકાર સદ્દ સંગીઅ,
જીણ ચરણો વરી મુક્કા, હરઉ તુમહં કુસુમાંજલી દુરીઅં.
એમ કહી કુસુમાંજલી ચઢાવવી.

## નમોઽર્હત.

ઢાલ. ચાલ.

અગર કપુર ધુપ કર વાસીજે, કર સંપુટ ચંદન ચરચીજે;
જાઈ જુઇ વાલુ મેરા ડમણો મરૂઓ. સફલ સ્નાત્ર કરે શ્રી અસંધરવો
કુસુમાંજલી મેલ્લો પાર્શ્વજીણંદા, તોરા ચરણ કમલ સેવે;
ચોસઠ ઇંદ્રા. કુસુમાંજલી.

વસ્તુછંદ.

મુક્ક જીણુવર મુક્ક જીણુવર ન્હવણ કાલંમી, કુસુમાંજલી સુરવરહીં;
મહમહંતી તીહુયણ મહડઢીય, નીવડતું જીણ;
પય કમલીં દેવીહીં મુકક સંતોષ, સાકુસુમાંજલી અવ હરઓ.
ભવીચહ દુરીચ અસેસ.

## નમોઽર્હત.

ઢાલ ચાલ.

રીષભ અજીત સંભવ ગુણ ગાવે, અનંત ચોવીસ જીનની ઓ-
લગ ભાવે,
એણીપેરે જે જીનની ભાવના ભાવે, ભાવ ભણે તે અમરપદ પાવે;
શેત્રુંજા ઉપર ડમણો મરૂવો, ગીરનાર ઉપર નેમીજીન ગરવો.
સીદ્ધારથ રાયા કુલ સીણગારો, ત્રીસલા માતા ઉર અવતારો;
સરસ સેવંતી માલંતી માળા, ગુણ ગાવે ઇમ કવીઅ દીપાલા.
કુસુમાંજલી મેલ્લો વીરજીણંદા, તોરા ચરણ કમળ સેવે;
ચોસઠ ઇંદ્રા, મેલો સકલજીણંદા. કુસુમાંજલી.

## વસ્તુ છંદ.

જાઈ જુઈહીં જાઈ જુઈહીં કુંદ મંદાર નીલુપ્પલ કમલ દલ;
સીંદુ વાર ચંપય સમુજજલ, પસરંતુ પરીમલ મીલીય.
ગંધ લુઠુંત મહુયર ઈય કુસુમાંજલી જીણચલણી;
ચીંતીય પાવ પણાસ મુક્કીય તારા ગણ સરીસ.
મુકકીય તારા અણું સરીસ ભવીયહ પુરઓ આસ;
એ રીતે પાંચ કુસુમાંજલી ચઢાવવી.

છુટાં ફુલ ભગવાનની સનમુખ વધાવીએ કુસુમનો મેઘ વરસાવીએ ઇતી પંચમ કુસુમાંજલી.

## શ્રી આદીનાથ જન્માભીષેક કળશ.

## વસ્તુ છંદ.

વીણુય નયરી વીણુય નયરી, નાભી નીંવગેહિં મરૂ દેવીહી;
ઊયરીંસર રાય હંસ સારીછ સામિય.
સીરી રીસ હેસર પઢમજીણ, પઢમ રાયવર વસહ ગામીય;
વસહ અલંકીય કણુય તણું, જાયો જગ આધાર.
તસુ પાય વંદીય તસુ તણો, કહીસું જન્મ સુવીચાર;

## ઢાલ પહેલી.

સવઠુ વીમાણેહ ચવીઅ નાહ, ઉવઝાય ઉરિં આત્રીઅ ગય વીબાહ;
કુલધર સીરી નાભી નરીંદગેહીં સુસમ દુસમ તીય અયર છેહીં.

## હરીગીત છંદ.

સુસમ દુસમ, અયર મંડણ, સવ્વઠુ વીમાણહ સુર ચવીં;
સિરિ નાભીરાયા, કુલહ મંડણ, ઉવઝા ઉરીં અવતરીં;

સુવીસાલ માલા, પાઢ મુકતા, ગીતનાદ સવે કરિ.
ઉત્સવ જાણી મન્ન આણી, તીર્થંકર કુલ અવતરિ હવે દાન દીજે;
પુન્ય કીજે મન્ન રીઝે, અતી ઘણાં, ઘર ઘર મંગલ તરીઆં તોરણ
ઉત્સવ હોય વધામણાં, નીસીભરે પોઢી;
હર્ષ આણી ઈસુ જાણી ઇમકહે.
પાછલી રાતે પ્રભાત વેલા સુપન મરૂ દેવા લહે.

અથ સુપનાની ઢાલ ઉલાલાની.

પ્રથમ ઐરાવણ દીઠો, નયણે અમીય પઈઠો;
બીજે વૃષભ ઉદાર, દીઠો અતી સુખકાર.
ત્રીજે મૃગપતી પેખે, દરીશણ દુરીત ઉવેખે;
ચોથે લક્ષ્મીઅ સોહે, જીણ દીઠે જગ મોહે.
પાંચમે કુસુમની માલા, છઠ્ઠે ચંદ્ર વીશાલા;
સાતમે તમ હર દીનકર, આઠમે ઇંદ્ર ધ્વજ જયકર.
નવમે કળશ મનોહર, દસમે પદ્મ સરોવર;
અગીયારમે સાગર સુંદર. બારમે અમરનું મંદીર.
તેરમે મણીભર ગગને, ચૌદમે નીર્ધુમ અગ્ની;
ઇતી સુણી સુપનના પાઠક, બોલ્યા નીજ મુખ વાચક.
રાજન તુમ સુત હોશે, ત્રીભુવન તસુ મુખ જોશે;
નરપતી અહવા જીણંદ, તુમ કુલ આવ્યો એ ચંદ
રામદીયે બહુમાન, પાઠકને ઘણાં દાન;
પાઠક સુપન સુણાવે, ઘરણી નીજ ઘરે આવે.
માતા મરૂદેવા મોતીડે વધાવે;

મુલ ગાથા મરૂ દેવીહીં ઉયરી છપ્પન્નહ જામ.
ચઉદસ્સ વર સુમણાં લહીય તામ;
ચૈત્તહ વદી અષ્ટમી સાઢરીખ્ખ.
ક્રમિ ક્રમિ જીણુ જાઇઓ, રહીઅ દુઃખ;

વસ્તુ છંદ.

અઠુ અઠુય અઠુ અઠુય, ઉઢ અહો દિસિ દિસિ કુમરી છપ્પન્નતહિં;
રૂવવંત વરભત્તો જુત્તોય રૂઅગ પવય ચિહું દીસી.
અઠુ અઠુ ચીહું વીદીસી પહુત્તીય ચઉરો રૂઅગ દીવ્ય પુણુ;
આવીય નાભીહી ગેહીં જણુણી નમીય આરંભીયો.
જન્મ મહોત્સવ તેહી;

ઢાલ. ચાલ.

અઠુ સંવઠુ વાયેણુ કય વર હરઇ, અઠુ ગંધોદકીં વુઠી કુમરી કરઈ;
અઠુ દપ્પણુ ધરા, અઠુ ભીંગારયા, અઠુ વર વીજણુા.
અઠુ ચામર જુઆ, ચઉર દીવય ધરા, ચઉર રિખ્ખા કરા;
ગાઈય નચીઅ તીન્ની કેલી હરા, કરીયજીણુ મજ્જણુઓ.
જણુણી સુકુમારીયા, અપીયો નીય નીય ઠાંણુ સએ ગયા;
તખ્ખણે ચલીય સીંહાંસણુ સુરવઇ, ઘંટ નાએણુ.
તિહી સયલ સુર મેલઇ, પાલયા રૂઢજીણુ જમ્ન ગીહી આવીયો;
પંચ રૂવે કરી રીસહ મેરૂનીઓ.

વસ્તુ છંદ.

ઇંદતથ્થય ઇંદતથ્થય વીસ ભુવણીંદ ચઉસઠીય મીલય હરી;

ન્હવઇનાહ બહુભત્તી નીભર અઠ્ઠ સહસ્સ ચઉ ચઠ્ઠી જુઅ.
પંચવન્ન કલસેહીં ,હવઇ સોહમ્મણી જણુ ન્હવઇ તંપ ભણુ સંખેવી;

ઢાલ. ચાલ.

ઇસાણુંદ જીણુ ઉત્સગ લેઈ; ચઊ ધવલ વસહ સુરવઈ કરેઈ;
તસુ સીંગીહીં અઠ સુગંધ ધાર, જલ નીવડઈ સુરતીય લોયસાર.
વાજંતઈ મદલ તીવલનાદ વર ઝલરી ભુંગલ ભેરી સાદ;
ગાજંત અંબર દેવી દેવ જીણુ મજીવ નચ્ચીય કરઇ સેવ.
પુજઇવર કુસમહીં રીસહનાહ, બહુ ભત્તીઅ ભા વેહુઈ સનાહ;
આરતીઅ મંગલ દીવ ઉખેવ, ઉત્તારઇ સુરવઇ રંગ હેવ.

વસ્તુ છંદ.

રીસહ મજ્જણુ રીસહ મજ્જણુ, કરીય સુરરાય ઉપાડીય
જય જય કરીય, જણુણી પાસી મીલ હેવી જત્તા, નંદીશ્વર અઠ્ઠ દીવસ
કરીય દેવ દેવી નીયઠાણુ પત્તા, ઇણી પરિં સયલ જીણેશ્વરહીં કર
હુન્હવણુ બહુ ભત્તી, મુણી રયણા યર પાવ હર જીમ તુમ
દીયઈ વર મુત્તી, ઇતિશ્રી આદીનાથ જન્મા ભીષેક કલશ સમાપ્ત.

પછી ત્રણ ખમાસમણુ દેઇ સ્નાત્રીઆએ જગ ચીંતામણી
ચત્ય વંદન કરી જયવીયરાય પર્યંત કહી ત્રણ ખમાસમણુ
દેઇ હાથ ધોઈ ધુપી મુખ કોસ બાંધી ચંદન ચરચી પંચા-
મૃતનો કલસ હૃદય આગળ ધરી ઉભો રહે અને મુખ થકી
શ્રી પાર્શ્વનાથ સ્વામીનો જન્માભીષેક કલસ કહે.
અથ કલસ લખીએ છીએ.

## શ્રી પાર્શ્વનાથ સ્વામી કલશ

શ્રી સૌરાષ્ટ દેશ મધે, શ્રી મંગલપુર મંડણો;
દુરીત વી હંડણો, અનાથ નાથ.
અસરણ સરણ, ત્રીભુવન જન મન રંજણો;
ત્રેવીસમો તીર્થંકર શ્રી પાર્શ્વનાથ તેહ તણો.

### (કલશ)

ઢાળ.

હાંરે વણારસી નયરી, વસે અનોપમ ઓપમ અવદાધાર;
ત્યાં વાવ સરોવર, નદી કુપ જળ, વનસ્પતિ અઢાર.
ત્યાં ગઢ મઢ મંદીર, દીસે અભીનવ, સુંદર પોલી પ્રકાર;
કોશીસા પાખર, ફીરતી ખાઇ, કોટે વીસમા ઘાટ.
જીન મંડપ શીખર, બહુત પ્રસાદે, દંડ કલસ બ્રહ્માંડ;
અતી ગીરૂવા ગુણ, સાગર બહુ સોહે, દીસે પુહવી પ્રચંડ.
તીહાં હાટ ચૌટા, વસ્તુ વીવેકી, વહેવારીઆ અનેક;
લખેશ્વરી કોટી, ગઢતલ મંદીર, બોલે વચન વીવેક.
નગરીમાં બહુત વહેવારી, ઘર ઘર મંગલ ચાર;
નારી કર કંકણ સુંદીર ઝળકે, કરી સકલ શણગાર.
તીહાં રાજા અશ્વસેન મહી મંડળ, દાન ખડગ જીપંત;
અતી ન્યાયવંત દીસે નર નાયક; વામા દેવી કંત.
હાંરે સ્વર્ગ લોકથી ચવીય સુરવર, ઉપનો કુલજાસ;
તીહાં કૃષ્ણ ચોથે ચૈત્ર માસે, એ હવે અતી ઊલ્લાસ.

તીહાં રાણી પશ્ચીમ રયણી પેખે; સુહણાં ચૌદ વીશાળ;
તસ કુખે અવતરસે જીનવર, જીવ દયા પ્રતિપાળ.

## અથ સુપનની ઢાળ ઊલાલાની.

પહેલે ગજવર દીઠો, મુજ મુખ કમલ પઈઠો;
બીજે વૃષભ ઊદાર, દીઠો અતી સુકુમાર.
ત્રીજે સીંહ સંપુરો, મહી મંડલ માંહી સુરો,
ચોથે લક્ષ્મીએ દીઠે, રતન કમલે એ બેઠી,
ઉર ઉતરતી એ માલા, કુસુમની ઝાક ઝમાલા;
છઠ્ઠે પુનમચંદો અમીય ઝરે સુખકંદો.
તેજે તપંતો એ ભાણુ, કરતો સફલ વીહાણુ;
ધ્વજા ઉતરતી આકાશે, લોડંતી અંબર વાસે.
કણય કલસ સીરે કરીયો, અમીય મહારસે ભરીયો;
દસમે પદ્મ સરોવર, દીઠો વામાદેવી મનહર.
ખીર સમુદ્ર ઘરે આયો, મુજ મન સયલ સુહાયો;
છંડી નીજ નીજ ઠામ, આવ્યું આવ્યું અમર વીમાન.
પેખી પેખી રયણુ નીરાસી, સગપણ ચઢી આકાસી;
જલણ જલંતો એ દખીણુ જાગી વામા દેવી તતખીણ.
તે દેખી રાણી જાગ્યાં કંથ તણે પાયે લાગ્યાં;
રાજા મન સુખ પાવે, સુપન પાઠકને તેડાવે.
શુભ દીન જીનવર જનમ્યા, છપ્પન દીસી કુમરીએ પ્રણમ્યા;

## અથ ઢાલ ધનાશ્રી.

નવમે માસે આઠમે દીવસે, જાયો જીનવર રાયોજી.
ઘરે ગુડી તરીયાં તોરણ લહેકે, જીન મંદીર ઉત્સાયોજી.
તતખિણ છપન્ન કુમરી આવે, વધાવે જીણંદોજી;
દુસ્તર કાલમાંહિ એ જીનવર, પ્રગટયો પૂનમ ચંદોજી.
ઉલાલી વજા સુરઇમ બોલે, આસન કંપે ઇંદોજી;
તિહાં જોઇ અવધિ નાણે તેણી વેલા, અવતરિયા જીણંદોજી.
તિણ થાનકે જન્મ મહોત્સવ કરવા, આવે ચોસઠ ઇંદ્રોજી;
મેરૂ શિખર પર રત્ન સીંહાસન, બેઠા શ્રી પાસ જીણંદોજી.
તીહાં હુઓ સનાત્ર છત્ર શિર સોહે, ઢાલે ચામર સુરિંદોજી;
પહોતા સુરમલી પ્રભુ થાનક વર, લબ્ધી પાત્ર જયવંતોજી.
નવ પલ્લવજીન મહિમા સાગર, અગર તણો ભંડારોજી;
ઇખાગ વંસ તિહુયણ મન રંજણ, જીન શાસન શિણગારોજી.
ભણે વચ્છ ભંડારી અમ મન, વસીયો શ્રી અરીહંતોજી;
નિલ વરણ તણું મહીમા સાગર, જયો જયો ભગવંતોજી.
સાહેલડી ગુણ વેલડી, જયો જયો ભગવંતોજી.
ઇતિશ્રી પાર્શ્વનાથ સ્વામી કળશ સંપૂર્ણ.
આંહી સ્નાતસ્યાનો શ્લોક કહી કલશાભીષેક કરીએ, પછી દુધ, દહીં, ઘૃત, જળ, સાકર એ પંચામૃત નો કળશ કરી પછી પૂજા કરીએ.

# શ્રી દેવવિજયજી કૃત અષ્ટ પ્રકારી પૂજા.

## પ્રથમ ન્હવણ પૂજા—(દોહા)

અજર અમર નિ કલંક જે, અગમ્ય રૂપ અનંત,
અલખ અગોચર નિત્ય નમું, પરમ પ્રભુતાવંત. (૧)
શ્રી સંભવ જિન ગુણ નિધિ, ત્રિભુવન જન હિતકાર,
તેહના પદ પ્રણમી કરી, કહિશું અષ્ટ પ્રકાર, (૨)
પ્રથમ ન્હવણ પૂજા કરો, બીજી ચંદન સાર,
ત્રીજી કુસુમ વળી ધૂપની, પંચમી દીપ મનોહાર (૩)
અક્ષત ફલ નૈવેદ્યની, પૂજા અતિહિ ઉદાર,
જે ભવિયણ નિત નિત કરે, તે પામે ભવપાર, (૪)
રતન જડિત કલશે કરી, ન્હવણ કરો જિન ભૂપ,
પાતક પંક પખાલતાં, પ્રગટે આત્મસ્વરૂપ, (૫)
દ્રવ્ય ભાવ દોય પૂજના, કારણ કાર્ય સંબંધ,
ભાવસ્તવ પુષ્ટિ ભણી, રચના દ્રવ્ય પ્રબંધ, (૬)
શુભ સિંહાસન માંડીને, પ્રભુ પધરાવો ભક્ત,
પંચ શબ્દ વાજિત્રશું, પૂજા કરીયે વ્યક્ત, (૭)

(અને હાંરે જિન મંદિર રલિયામણું રે—એ દેશી) ઢાળ પહેલી

અને હાંરે ન્હવણ કરો જિન રાજનેરે, એતો શુદ્ધાલંબન દેવ,
પરમાતમ પરમેસરૂરે, જસુ સુરનર સારે સેવ (ન્હ ૧)
અ૦ માગધ તીર્થ પ્રભાસનારે, સુર નદી સિંધુના લેવ,

વરદામ ક્ષીર સમુદ્રનારે, નીરે ન્હવે જેમ દેવ, (ન્હ ૨)
અ૦ તેમ ભવિભાવે તીર્થોદકેરે, વાસો વાસ સુવાસ,
ઔષધીઓ પણ ભેલી કરોરે, અનેક સુગંધિત ખાસ.(ન્હ ૩)
અ૦ કાલ અનાદિ મલ ટાલવારે, ભાલવા આતમ રૂપ,
જલ પૂજા યુકતે કરીરે, પૂજો શ્રી જિન ભૂપ. (ન્હ ૪)
અ૦ વિપ્ર વધૂ જલ પૂજાથીરે, જેમ પામી સુખ સાર,
તેમ તમે દેવાધિ દેવનેરે, અર્ચી લહો ભવ પાર ન્હ ૫
કાવ્યંવિમલ કેવલ દર્શન સંયુતં, સકલ જંતુ મહોદય કારણં.
સ્વગુણ શુદ્ધિકૃતે, સ્નપયામ્યહં જિનવરં નવરંગ મયાં ભસા ૧

## બીજી ચંદન પૂજા.

(દોહા.)

હવે બીજી ચંદન તણી, પૂજા કરો મનોહાર,
મીથ્યા તાપ અનાદિનો, ટાળો સર્વ પ્રકાર, ૧
પુદગલ પરિચય કરી ઘણો, પ્રાણી થયો દુર્વાસ
સુગંધ દ્રવ્ય જિન પૂજને, કરો નિજ શુદ્ધ સુવાસ, ૨

(મનથી ડરણાં પરનારી સંગન કરણાં= એ દેશી )ઢાલ બીજી

ભવિજિન પૂજો દુનિયામાં દેવ ન દૂજો,
જે અરિહાં પૂજે, તસ ભવના પાતક ધ્રૂજે, ભ ૧
પ્રભુ પૂજા બહુ ગુણ ભરીરે, કીજે મનને રંગ,
મન વચ કાયા થિર કરીરે, અરચો અરિહા અંગ ભ ૩

કેસર ચંદન ઘસી ઘણુંરે, માંહે ભેલી ઘન સાર,
રત્ન કચોલી માંહે ધરીરે, પ્રભુ પદ ચર્ચો સાર, ભ ૩
ભવ દવ તાપ સમાવવારે, તરવાભવ જલ તીર,
આતમ સ્વરૂપ નિહાલવારે,રૂડો જગ ગુરૂ ધીર, ભ ૪
પદ જાનુ કર અંસ શિરેરે, ભાલ ગલે વલી સાર,
હૃદય ઉદર પ્રભુને સદારે,તિલક કરો મન પ્યાર, ભ ૫
એણિવિધ જિન પદ પૂજતારે, કરતાં પાપ પલાય,
જેમ જયસુરને શુભ મતિરે. પામ્યા અવિચલ છાય, ભ ૬
કાવ્યં જગ દુપાધિચયા દહિતં હિતં, સહજ તત્ત્ર કૃતે ગુણ મંદિરં
વિનય દર્શન કેશર ચંદનૈ, રમલ -હન્મલ-હજિન મર્ચ્ચયે ૧

## (ત્રીજી કુસુમ પૂજા.)

### (દુહા.)

ત્રીજી કુસુમ તણી હુવે, પૂજા કરો સદભાવ,
જેમ દુષ્કૃત દૂરે ટલે, પ્રગટે આતમ સ્વભાવ, ૧
જે જન ષટ ઋતુ ફૂલશું, જિન પૂજે ત્રણ કાલ,
સુર નર શિવ સુખ સંપદા, પામે તે સુર સાલ ૨

### (સાહેલડીંયાની એ દેશી)ઢાલ ત્રીજી

કુસુમ પુજા ભવિ તુમે કરો, સાહેલડીયાં, આણી વિવિધ પ્રકાર ગુણ વેલડીયાં,
જાઇ જૂઈ કેતકી સાહેલડીયાં, દમણો મરૂઆ સાર ગુણ વેલડીયાં ૧

મોઘરો ચંપક માલતી સા૦ પાડલ પદ્મ ને વેલ ગુ૦
બોલસિરી જાસૂલશું સા૦ પૂજો મનને ગેલ ગુ૦ ૨
નાગ, ગુલાબ, સેવંતરી, સા૦ ચંપેલી મચ કુંદ ગુ૦
સદા સોહાગણ દાઉદી, સા૦ પ્રિયંગુ પુન્નાગના વૃંદ ગુ૦ ૩
બકુલ કોરંટ અંકોલથી સા૦ કેવડાને સહકાર ગુ૦
કુંદાદિક પમુહા ઘણે સા૦ પુષ્પ તણે વિસ્તાર. ગુ૦ ૪
પૂજે જે ભવિ ભાવ શું ।।સા૦।। શ્રી જીન કેરા પાય ।।ગુ૦।।
વણિક સુતા લીલાવતી ।।સા૦।। જીમ લહે શિવપુર છાય ।।ગુ૦।। ૫

કાવ્યં=સુકરૂણાસુનૃતજર્જવમાર્દવૈ; પ્રશમશૌચસમાદિસુમૈર્જનાઃ
પરમપૂજયપદસ્થિતમર્ચિતં, પરમુદારગુણંજિનં, (૧)

## ચોથી ધૂપ પૂજા.

(દુહા.)

અર્ચા ધૂપ તણી કરો, ચોથી હર્ષ અમંદ,
કર્મે ધન દાહન ભણી, પુજો શ્રી જિનચંદ, (૧)
સુવિધિ ધૂપ સુગંધ શું, જે પૂજે જિનરાય,
સુરનર કિન્નર તે સવિ, પૂજે તેહના પાય, (૨)

(સામરી સુરતપર મેરો દિન અટકયો—એ દેશી) ઢાલ ચોથી.

અરિહા આગે ધૂપ કરીને, નરભવ લાહો લીજેરી,
અગર ચંદન કસ્તૂરી સંયુક્ત, કુંદરૂ માંહે ધરી જેરી, (અરિહા.૧)
ચૂરણ શુદ્ધિ દશાગ અનોપમ, તુરક્ક અંબર ભાવી જેરી,
રત્ન જડિત ધૂપ ધાણા માંહે, સુભઘન સારઠવી જેરી, (અરિહા.૨)

પવિત્ર થઇ જિનમંદિર જઇને, આશય શુદ્ધ કરી જેરી;
ધૂપ પ્રગટવા માંગે ધરતાં, ભવ ભવ પાપ હરી જેરી. (અરિહા.૩)
સમતારસ સાગર ગુણ આગળ, પરમાતમ જિન પૂરારી;
ચિદાનંદ ઘન ચિન્મય મૂરતિ, ઝગમગ જ્યોતિસ નૂરારી. (અરિહા.૪)
એહવા પ્રભુને ધૂપ કરંતાં, અવિચળ સુખડાં લહિયેરી;
ઇહભવ પરભવ સંપત્તિ પામે, જેમ વિનયધર કહિયેરી. (અરિહા.૫)

કાવ્યં=અશુભ પુદ્ગલ સંચય વારણં, સમસુગંધકરં તપ ધૂપનં,
ભગવતાસુપરોહિત કર્મણાં, જયવતો ચવતોઽક્ષયરાંપદા. (૧)

## પાંચમી દીપક પૂજા.

(દુહા.)

નિશ્ચય ઘન જે નિજતણું, તિરોભાવ છે તેહ,
પ્રભુ મુખ દ્રવ્ય દીપક ધરી, આવિરભાવ કરેહ; (૧)
અભિનવ દીપક એ પ્રભુ, પૂજી માગો હેવ,
અજ્ઞાન તિમિર જે અનાદિનું, ટાલો દેવાધિદેવ. (૨)

(ઝુમખડાની—એ દેશી) ઢાલ પાંચમી.

ભાવ દીપક પ્રભુ આગલે, દ્રવ્ય દીપક ઉત્સાહે, જિનેસર પૂજીયે;
પ્રગટ કરી પરમાતમા, રૂપ ભાવો મનમાંહે. જિ૦ (૧)
ધૂમ કષાય ન જેહમાં, ન છિપે પંતગને તેજ; જિ૦
ચરણ ચિત્રામણ ન વિચલે, સર્વ તેજનું તેજ. જિ૦ (૨)

અધન કરે જે આધારને, સમીરતણે નહીં ગસ્થ; જિ૦ ॥
ચંચલ ભાવ જે નવિ લહે, નિત્ય રહે વલી રમ્ય. જિ૦ (૩)
તૈલ પ્રક્ષેપ જિહાં નહીં, શુદ્ધ દશા નહિ દાહ; જિ૦ ॥
અપર દીપક એ અરચતાં, પ્રગટે પ્રશમ પ્રવાહ. જિ૦ (૪)
જેમ જિનમતિ ને ધનસિરિ, દીપ પૂજનથી હોય; જિ૦ ॥
અમર ગતિ સુખ અનુભવી, શિવપુર પોહોતીસોય. જિ૦ (૫)

કાવ્યં=બહુલમોહતમિસ્ર નિવારકં, સ્વપર વસ્તુ વિકાસનમાત્મનઃ॥
વિમલબોધસુદીપકમાદધે, ભુવન પાવન પારગતાગ્રતઃ (૧)

## ( છઠ્ઠી અક્ષત પૂજા. )

### (દુહા.)

સમકિતને અજુઆલવા, ઉત્તમ એહ ઉપાય,
પૂજાથી તુમે પ્રીછજો, મનવંછિત સુખ થાય. (૧)
અક્ષત શુદ્ધ અખંડશું, જે પૂજે જિનચંદ,
લહે અખંડિત તેહ નર, અક્ષય સુખ આણંદ. (૨)

(ધર્મ જિણંદ દયાલજી ધર્મ તણો દાતા—એ દેશી) ઢાલ છઠ્ઠી.

અક્ષત પૂજા ભવિ કીજેજી, અક્ષત ફલ દાતા,
શાલિ ગોધૂમ પણ લીજેજી, અક્ષત ફલ દાતા;
પ્રભુ સનમુખ સ્વસ્તિક કીજેજી, ॥અ૦॥ મુક્તાફલ નીચમે દીજેજી.
॥અ૦॥ (૧)

એહવા ઉજ્જલ અક્ષત વાસીજી ॥અ૦॥ સુભ તંદુલ વાસે ઉલા-
સીજી. ॥અ૦॥
ચૂરક ચઉગતિ ચિત્ત ચોખેંજી ॥અ૦॥ પૂરી અક્ષય સુખ લહો
ચોખેજી. ॥અ૦॥ (૨)
પુનરાર્વત હરવા હાથેજી ॥અ૦॥ નંદાવર્ત કરો રંગ સાથેજી; અ૦
કર જોડી જિન મુખ રહીનેજી, ॥અ૦॥ એમ આખો શિવ દીયો
વહીનેજી. ॥અ૦॥ (૩)
જગનાયક જગગુરૂ જેતાજી ॥અ૦॥ જગબંધુ અમલ વિભુ નેતાજી;
॥અ૦॥
બ્રહ્મા ઈશ્વર વડભાગીજી ॥અ૦॥ યોગીશ્વર વિહિત વૈરાગીજી.
॥અ૦॥ ૪
એહવા દેવાધિદેવને પૂજેજી, ॥અ૦॥ ભવભવનાં પાતક ધ્રુજેજી; અ૦
જેમ કીર યુગલ ભવપારજી ॥અ૦॥ લહે અક્ષત પૂજ પ્રકારજી.
॥અ૦॥ ૫

કાવ્યં=સકલ મંગલ સંભવ કારણં, પરમ મક્ષત ભાવ કૃતે જિનં,
સુપરિણામમયૈ રહમક્ષતૈઃ, પરમયા રમયા યુતમર્ચ્ચયે. (૧)

## (સાતમી ફૂલ પૂજા.)

### (દુહા.)

શ્રીકાર ઉત્તમ વૃક્ષનાં, ફૂલ લેઇ નરનાર,
જિનવર આગે જે ધરે, સફલો તસ અવતાર. (૧)

ફલ પૂજાનાં ફલ થકી, કોડિ હોય કલ્યાણ;
અમર વધુ ઉલટ ધરી, તસ ધરે ચિત્તમાં ધ્યાન. (૨)

## બિંદલીની દેશી ઢાળ ૭ મી.

ફલ પૂજા કરો ફલકામી, અભિનવ પ્રભુ પુણ્યે પામી હો,
પ્રાણી જિન પૂજો.
શ્રીફલ અખોડ બદામ, સીતાફલ દાડિમ નામ હો,—પ્રાણી૦ ૧
જમરૂખ તરબૂજ કેલાં નિમજા, કોહલા કરો ભેલાં હો–પ્રાણી૦
પીસ્તાં ફનસ નારંગ પૂંગી ચૂઅફલ ઘણું ચંગ હો—પ્રાણી૦ ૨
ખરબૂજ દ્રાક્ષ અંજીર, અન્નસ રાયણ જંબીર હો—પ્રાણી૦
મિષ્ટ લીંબુને અંગુર, શિંગોડા ટેટી બીજ પૂર હો—પ્રાણી૦ ૩
એમ જે જે વિષય લંહત, તે તે જિન ભુવને ઢાયંત હો–પ્રાણી૦
અનુપમ થાલ વિશાલ, તેહમાં ભરીને સુરસાલ હો—પ્રાણી૦૪
ફલ પૂજા કરે જે ભાવે, તે શિવરમણી સુખ પાવે હો—પ્રાણી૦
દુગંતા નારી જેમ લહે, કીરયુગલ વલી તેમ હો—પ્રાણી૦ ૫

### કાવ્યં.

અમલ શાંતિ રસૈક નિધિં શુચિં, ગુણ ફલૈર્મલ દોષ હરૈર્હરં,
પરમ શુદ્ધિ ફલાય યજે જિનં, પરહિતં રહિતં પરભાવતઃ ૧

### ( આઠમી નૈવેદ્ય પૂજા દોહા. )

ભવ દવ દહન નિવારવા, જલદ ઘટા સમ જેહ,
જિન પૂજા યુગતે કરી, ત્રિવિધે કીજે તેહ (૧)

પૂજા કુગતિની અર્ગલા, પુણ્ય સરોવર પાળ,
શિવ ગતિની સાહેલડી, આપે મંગળ માળ (૨)

સુભ નૈવેદ્ય શુભ ભાવશું, જિન આગે ધરે જેહ,
સુરનર શિવપદ સુખ લહે, હલીય પુરૂષ પરે તેહ. (૩)

## (શ્રાવણ માસે સ્વામી, મહેલી ચાલ્યારે. એ દેશી)

### (ઢાળ આઠમી.)

હવે નૈવદ્ય રસાલ પ્રભુજી આગેરે, ધરતાં ભવિસુખકાર પ્રભુનાજાગેરે,
કંચનજડિત ઉદાર થાળમાંલાવોરે, તારતાર મુજતારભાવનાભાવોરે.૧
લાપસી સેવ કંસાર લાડુ તાજારે, મનોહર મોતિચૂર ખુરમાં ખાજાંરે;
બરફી પેંડા ખીર, ઘેબર ઘારીરે, સાટા સાંકલી સાર પૂરી ખારીરે.૨
કસમસીઆ ફુલેર સકરપારારે, લાખણસાઇ રસાલ ધરો મનોહારારે,
મોતૈયાકલિસાર આગે ધરીયેરે, ભવભવસંચિત પાપ ક્ષણમાંહરિયેરે૩
મુરકી મેસુર દહીંથરા વરસોલાંરે, પાપડ પૂરી ખાસ દોઠાં ઘોલાંરે,
ગુદવંદાને રેવડી મન ભાવે રે, ફેણી જલેબી માંહિ સરસ
સોહાવેરે, (૪)
શાલિદાલને સાલણાં મન રંગેરે, વિવિધ જાતિ પકવાનઢોવો ચંગેરે,
તાલ કંસાલ મૃદંગ, વીણા વાજેરે, ભેરી નફેરી ચંગ મધુર
ધ્વનિ ગાજેરે (૫)

શોલ સજી સણગાર ગોરી ગાવેરે, દેતાં અઢલક દાન જિનઘેર આવેરે,
એણિપેરે અષ્ટ પ્રકાર પૂજા કરશેરે, નૃપ હરિચંદ્ર પરે તેહ
ભવ જળ તરસેરે, (૬)

કાવ્યં=સકલ ચેતન જીવિતદા યિની, વિમલ ભકિત
વિશુદ્ધિ સમન્વિતા,
ભગવતઃસ્તુતિ સાર સુખી સિકા, શ્રમહરા મહારાસ્તુ વિભોઃપુરઃ (૧)

(નમો ભવિ ભાવશું એ દેશી) ઢાલ નવમી

અષ્ટ પ્રકારી ચિત્ત ભવ વીયે એ, આણી હર્ષ અપાર, ભવિજન
સેવીયેએ,
અષ્ટ મહા સિદ્ધિ સંપજેએ, અડ બુદ્ધિ દાતાર ભવિ-૧
અડદિઠિ પણ પામીયે એ, પૂજથી ભવિ ઓકાર ભવિ. ॥
અનુક્રમે અષ્ટ કર્મ હણીએ, પંચમી ગતિ લહો સાર (ભવિ-૨)
શાન્હાના સુત સુંદર એ, વિનયાદિક ગુણવંત-ભવિ. ॥
શાહ જીવણના કહેણથી એ, કીયો અભ્યાસ એ સંત, (ભવિ-૩)
સકલ પંડિત શિર સેહરો એ, શ્રી વિનિત વીજય ગુરૂરાય-ભવિ. ॥
તાસ ચરણ સેવા થકીએ, દેવના વંછિત થાય- (ભવિ ૪)
શશિ નયન ગજ વિધુ વરૂએ (૧૪૨૧) નામ સંવત્સર જાણ-ભવિ૦॥
તૃતિયા સિન આસો તણીએ, શુક્રવાર પ્રમાણ ભવિ- ૫
પાદરા નગર બિરાજતા એ, શ્રી સંભવ સુખકાર- (ભવિ૦ )
તાસ પસાયથીએ રચીએ, પૂજા અષ્ટ પ્રકાર- ( ભવિ ૬ )

(કલશ)

ઇહ જગત સ્વામી, મોહ વામી, મોક્ષ ગામી, સુખકરૂ,
પ્રભુ અકલ અમલ, અખંડ નિર્મલ, ભવ્ય મિથ્યા, તમહરૂ,
દેવાધિદેવા, ચરણ સેવા, નિત્ય મેવા, આપીયે,
નિજ દાસ જાણી, દયા આણી, આપ સમો વડ થાપીયે,
શ્લોક—ઇતિ જિનવર વૃંદં શુદ્ધ ભાવેન કીર્ત્તિં,
વિમલ મિહ, જગત્યાં, પૂજયં ત્યષ્ટ ધાયે,
નિજ કલિમલ હેતો, કર્મણાંતં વિધાય.
પરમ ગુણ મચંતે, યાંતિ મોક્ષં હિવિરાઃ (૧)

શ્રી દેવવિજયજી કૃત અષ્ટ પ્રકારી પૂજા
સંપૂર્ણ

## અથ આરતી.

વિવિધ રત્ન મણિ જડિત રચાવો, થાલ વિશાલ અનોપમ લાવો;
આરતી ઉતારો પ્રભુજીને આગે, ભાવના ભાવી શિવ સુખ માગે.આ.
સાત ચૌદને એકવીસ ભેવા, ત્રણ ત્રણ વાર પ્રદક્ષિણ દેવા. આ.
જિમ જિમ જલધારા દેઇ જંપે, તિમ તિમ દોહગ થરહર કંપે.આ.
બહુભવ સંચિત પાવ પણાસે, દ્રવ્ય પૂજાથી ભાવ ઉલ્લાસે. આ.
ચૌદ ભુવનમાં જિનજીને તોલે, કોઇ નહીં આરતિ ઇમ બોલે.આ.
ઇતિ આરતી.

## અથ મંગળ દીપક.

દીવોરે દીવો મંગલીક દીવો, ભુવન પ્રકાશક જિન ચિરંજીવો. દી.
ચંદ્ર સૂરજ પ્રભુ તુમ મુખ કેરા, લુંછણ કરતા દે નિત ફેરા. દી.
જિન તુઝ આગળ સુરની અમરી, મંગલ દીપ કરી દીચે ભમરી.દી.
જિમ જિમ ધુપ ઘટી પ્રગટાવે, તિમ તિમ ભવનાં દુરિત દઝાવે.દી.
નીર અક્ષત કુસુમાંજલી ચંદન, ધુપ દીપ ફલ નૈવેધ્ય વંદન. દી.
ઇણીપરે અષ્ટ પ્રકારી કીજે, પૂજા સનાત્ર મહોત્સવપ ભણીજે. દી.
ઇતિ મંગળ દીપક.

સમાપ્ત.

# અગાઉથી આશ્રય આપેલ સદ્‌ગૃહસ્થોના નામ.

## માંડળ

૧૦૧ વોરા રાયચંદ ભવાનદાસ
૫૬ વોરા દોલતચંદ કાલીદાસ
૨૫ વોરા નથુભાઈ સુરચંદ
૨૫ વોરા કેવલભાઈ ભાઈચંદ
૧૬ વોરા નાનચંદ મંગલભાઈ
૫ વોરા મીઆચંદ અંબાવીદાસ.

## રાણપુર

૭॥ ડુંગરસી દીપચંદ
૫૧ જગજીવનદાસ નેમચંદ
૫૧ વ્રજલાલ દીપચંદ
૩૫ પોપટલાલ સુરચંદ

## ભાવનગર

૫૧ વોરા અમરચંદ જસરાજ
૧૧ વોરા ગીરધર ગોરધન
૧૧ ગોરધન હરખચંદ
૧ પ્રેમચંદ રતનચંદ

## પાલીતાણા.

૮ વોરા ટીડાભાઈ જીવણ બેચર
૫ ગુલાબચંદ હરખચંદ
૫ શ્રીમદયશોવિજયજી પાઠશાળા બોર્ડીંગ
૩ વોરા લલુભાઈ જવેરભાઈ
૩ વોરા ભાઈચંદ જવેર
૩ વોરા બેચરભાઈ ગાંડાભાઈ
૨ મોદી વીઠલ દેવચંદ

## પોરબંદર

૧૬ દુલભજી વસનજી
૩ હેમચંદ લાલજી

## વેરાવળ

૫ નાનજી રતનજી
૩ જવેરચંદ નાગજી

## કરાંચી

૧૧ ચત્રભુજ વેલસી

## અમદાવાદ

૩૨ વાડીભાઈ જેઠાભાઈ
૨૫ માસ્તર ગટાભાઈ ઉમેદભાઈ

૨૫ મફાભાઈ કેવલચંદ
૨૫ ચીમનભાઈ જેસીંગભાઈ
૨૦ પોપટભાઈ મોકમચંદ
૨૦ વાડીલાલ મગનલાલ
૧૨ પરશોતમ છોટાલાલ
૧૧ સીરચંદ નાનચંદ
૧૦ ચીમનલાલ નાનચંદ
૮ ઠાકરસી ધનજી
૧૦ મુનીમહારાજ શ્રી સીદ્ધી-
વીજયજી મારફત
૫ ત્રીભોવન ધનજી
૫ પટવા ડાયાલાલ સાકળચંદ
૫ ડાયાલાલ મોકમચંદ
૫ ચીમનલાલ ચુનીલાલ
૫ સકરચંદ બાલાભાઈ
૨ શા મણીલાલ છોટાલાલ

**ધોલેરા**

૨૫ હરગોવનદાસ ખુબચંદ
૫ ચતુરભાઈ હકમચંદ

**સાણંદ**

૫૧ મહેતા દેવચંદ ઠાકરસી
૧૬ શેઠ સુખલાલ ઉજમસી
૧૦ ગાંધી આત્મારામ ખેમચંદ
૮ મણીલાલ વાડીલાલ
૫ ડાયાલાલ પીતાંબરદાસ,

**અંજાર.**

૫ નાથાભાઈ લવજી.
૨ ભટી કેશવજી વશરામ.

**ચીત્રોડ.**

૫ કેસવજી જગસી.

**વજપાસર.**

૫ લોદરીઆ જીવરાજ દેવશી.

**વેઢભચાઉ.**

૨ ખંડોળ પરશોતમ પંચાણ

**સુવાઇ.**

૨ મહેતા મુલચંદ માણેકચંદ.

**ભુટકીઆ.**

૨ પારેખ સેજપાલ રામજી.
૨ દેવજી લવજી.

**નલીઆણું.**

૩ મહેતા ખેતસી સુરચંદ.

સાચ.

૨ પટવા રાજપાલ આસકરણ

આડીસર.

૨ સંઘવી પરશોતમ ડામરસી

ઉમીઆ.

૧ મહેતા વેણીચંદ કાનજી.
૧ પટવા માણેકચંદ પોનસી.
૩ મહેતા કરમચંદ ડામરસી.

કીડીઆનગર.

૫ જેઠાભાઈ સાકળચંદ.
૩ વોરા નારણ પોપટ.
૨ વોરા જીવણ ભગવાન.

ફતેગઢ.

૨ ગઢેચા કુંવરજી અહેસર.

પલાસવા.

૧ કોઠારી કરમસી સવગણ.
૧ મણીઆર તલકસી હીરજી.
૧ દોશી રાજસી કસ્તુર.
૧ કોઠારી સાકળચંદ વીરજી.
૧ કોઠારી ચાંપશી સાંકળચંદ
૧ દોશી વાલજી સેજપાલ.
૧ ખંડોળ હીરાચંદ મેરાજ.
૧ ચંદુરા ડુંગર નાનચંદ..
૧ દોશી મનજી ગુલાબચંદ
૧ કોઠારી જીવરાજ ભાયચંદ
૧ મેતા હરજી વેણીદાસ.
૧ સંઘવી કાનજી પાનાચંદ
૧ મેવાડીઆ માનસંગ ભાણજી.
૧ દોશી જેવતા આસકરણ.
૧ દોશી વીરચંદ ડુંગરશી.
૧ દોશી ભુરા પોમસી.
૧ કોઠારી ભુરા આસકરણ.

રોબર્ટસનપેઠ.

૪ શા. રવજી તારાચંદ એ. કું.

ભાભેર.

૩ મણીઆર મીઆચંદ રીખવચંદ,

કુવાળા.

૪ પાનાચંદ કસ્તુર.

### મોટીચંદુર.

૧ ઠક્કર ડાહ્યાલાલ હરજીવનદાસ.

### લોલાડા.

૧ મસાલીઆ મોહનલાલ કસ્તુરચંદ મારફત.

### ભોરોલ.

૧ શ્રી ભોરોલ જૈન લાઈબ્રેરી

### લસ્કર ગોવાલીયર.

૧ શા. સોભાગચંદ ગુલાબચંદ હરખાવત.

### બનારસ.

૧ શ્રી હેમચંદ્રાચાર્ય જૈન પુસ્તકાલય.

### પાટણ.

૬ ચંદુલાલ પુનમચંદ વેરાજીવાલા.

### ધ્રાંગધ્રા.

૫ હીમતલાલ ત્રીકમલાલ.

### વીરમગામ.

૫૧ ગાંધી કચરાભાઇ કસ્તુરચંદ.

૨૫ ગાંધી વાડીલાલ હઠીસંગ.

### મીઆગામ.

૫ શેઠ નેમચંદ પીતાંબરદાસ

### ચુણેલ.

૧ સાંકળચંદ ન્યાલચંદ.

### વડોદરા.

૧ લલુભાઇ દલપત.

૧ મોતીચંદ ફુલચંદ.

૧ છગનલાલ સુરચંદ.

૧ રાયચંદ ફુલચંદ.

### પાદરા.

૪ શા. તારાચંદ રતનચંદ.

### ડેકન બીજાપુર.

૧૬ ભગવાનજી જીવણજી.

૧૦ જી. કે. નહાર.

૬ બાબુ મહિપતસિંહજી.

## મુંબઈ.

૧૬ તલકચંદ નવલચંદ.
૧૧ લખમીચંદજી ગુલાબ-
ચંદજી ઢઢ્ઢા.
૨ ત્રીભોવનદાસ બાદરચંદ.
૧ ડાહ્યાલાલ ઉત્તમચંદ.
૧ ભોગીલાલ ગુણચંદ.
૧ ચંદુલાલ મનસુખ.
૨ દોસી મનસુખ હરગો-
વનદાસ.
૨ ડાહ્યાલાલ છગનલાલ.
૧ જાદવજી ત્રીભોવનદાસ.
૨ કાલીદાસ લલ્લુભાઇ.
૧ ઝવેરી લેરૂભાઇ રતનચંદ.
૧ મણીલાલ નાગરદાસ.
૧ મુલચંદ કલ્યાણજી.
૫ જીવણભાઇ કેસરીચંદ.
૧૦ ભીખાભાઇ વસ્તાચંદ.
૧ ત્રીભોવન.
૧ મણીલાલ કપુરચંદ.
૧ કસ્તુરભાઈ દીપચંદ.

## રાંધનપુર.

૨૫ હીરાલાલ અકોરદાસ.
૨૫ પ્રેમચંદ મુળજી.
૨૦ કાલીદાસ જસરાજ.
૧૧ નાગરદાસ ખેતશી.
૧૧ મોદી નાગરદાસ દલપત.
૧૧ જીવનલાલ પ્રતાપસી.
૧૦ કુંવરજી ધનજી.
૧૦ બાપુલાલ જગુલાલ.
૮ ભીખાભાઈ બાદરચંદ.
૮ દોશી ભુદરદાસ વછરાજ.
૫ વોરા ડામરસી સુજાણચંદ.
૫ નરપતલાલ ઉતમચંદ.
૫ મોતીલાલ પરશોતમદાસ.
૫ સંભવીત ગૃહસ્થ.
૫ મુળચંદ ચતુરભાઇ.
૫ મણીયાર શીવલાલ નરપત

૨ ભુદરભાઇ સંભુરામ.

૨ વીરવાડીયા ભાયચંદ ચતુરભાઇ.

૨ ચુનીલાલ ત્રીભોવનદાસ.

૨ પરશોતમ ભોગીલાલ.

૧ મણીલાલ નરપતલાલ.

૧ પ્રભુલાલ સવાઇચંદ.

૧ મણીલાલ ત્રીભોવનદાસ.

## રાનેજ.

૫ વેરા છગનલાલ ડોસાભાઇ.

# જાહેર ખબર.

અમારા તરફથી નીચે લખેલ પુસ્તક બહાર પડી ચુકેલ

હિર પ્રશ્નોત્તરણીકી રૂ. ૧-૦-૦ મુનીરાજ માટે ૦-૧૪-૦ } પોસ્ટેજ જુદું.
શ્રી સદ્બોધક પ્રાચીન સ્તવન સંગ્રહ. કી ૦-૬-૦

## છપાતા ગ્રંથો અને તેની કીમ્મત.

સેન પ્રશ્ન કીં. રૂ. ૨-૦-૦ મુનીરાજ માટે શેઠ પ્રેમચંદ મુલજી તરફથી ભેટ. બાસઠીઓ કી રૂ. ૦-૮-૦ પોસ્ટેજ જુદું.

## અમારો ઉદ્દેશ.

જો દોઢસોથી બસો કાયમના ગ્રાહક થાય તો પ્રત્યેક માસે એક હજાર શ્લોકનો ગ્રંથ બહાર પાડવો અને જે ગ્રાહકો અષાડ શુદી ૧૫ સુધીમાં નામ નોંધાવે તેની પાસે વાર્ષીક લવાજમ રૂ. ૬-૦-૦ લેવું અને બાકીના પાસે વાર્ષીક રૂ. ૭-૮-૦ ને પોસ્ટેજ જુદું.

શ્રી રાધન[illegible] —રાધનપુર

તા. ક. [illegible] અને [illegible] જ્ઞાન તથા માનતના [illegible] આવેલી સ્વીકારશો. [illegible]